Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मुनि बुद्धिसागरकृत.

# श्री ध्यानविचारग्रन्थ.

मेसाणावाळा शेठ कस्तुरचंद
वीरचंदनी सहायथी

छपावी प्रसिद्ध करनार.
श्री जैन आत्मानन्द सभा
भावनगर.

भावनगर—'आनंद' प्रीन्टींग प्रेसमां
तथा
भावनगर—'विद्या विजय' प्रीन्टींग प्रेसमां छाप्युं.

किं. ०-३-०

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નિવેદન

જન્મભૂમિ તરફ માન ઉત્પન્ન કરાવનાર, સ્વફરજની જાગૃતી કરાવનાર, પ્રાચીન જાહોજલાલી અને હાલની પડતી દશાની સરખામણી કરવાનું સાધન આપનાર, દેશના જુદા જુદા ધર્મો અને સ્વધર્મનું ભાન કરાવનાર, સ્વદેશ અને સ્વગામની ઉન્નતિમાં ભાગ અર્પવાને પ્રેરણા કરનાર, ઐતિહાસિક પૂરાવા માટે તામ્રપત્રો અને શીલાલેખો કેટલા ઉપયોગી થઇ પડે છે તે બતાવી આપનાર, જૈનોની મંદિર સમૃદ્ધિ અને જ્ઞાનસમૃદ્ધિ તરફ અગાધરૂચિની સાક્ષા આપનાર આ ગ્રન્થ શ્રીમદ્ બુદ્ધિસાગરજીસૂરિ ગ્રન્થમાળાના ગ્રંથાંક ૧૦૨ મા રૂપે બહાર પાડતાં આ મંડળને હર્ષ ઉત્પન્ન થાય છે.

પ્રથમાવૃત્તિની પ્રસ્તાવના અને આ આવૃત્તિના વક્તવ્ય તરફ ધ્યાન આપી પ્રાચીન અને અર્વાચીન સ્થીતિની તુલના કરી ઉન્નતિક્રમમાં આગળ વધવા માટે પ્રાસંગિક વિવેચનો અને સૂચનાઓ કરી છે તે ઉપર ધ્યાન આપવા વિનંતિ છે.

પ્રથમાવૃત્તિ–બુ૦સા૦ગ્રન્થમાળાના ૩૬મા ગ્રન્થ તરીકે **વીજાપુર** (વિદ્યાપુર) **વૃત્તાંત** એ નામે લઘુરૂપે–બહાર પડી હતી જયારે આ ગ્રન્થનો વિસ્તાર મોટો થવા સાથે વિશેષ હકીકતોનો સમાવેશ થતાં તેને **ભારત ગુજરાત વિજાપુર ( વિદ્યાપુર ) બૃહદ્ વૃત્તાંત** એ નામ આપવામાં આવ્યું છે.

ગુરૂશ્રીએ પ્રથમાવૃત્તિની પ્રસ્તાવનામાં આ ગ્રંથલેખનનું નિમિત્ત–વિજલદેવ પરમારનો લેખ–ઘાંટુ સંઘપુરના દેરાસરવાળો લેખ છે એમ જણાવ્યું છે. તે લેખો ઉપરાંત અન્ય લેખો અને ગ્રન્થો વિજાપુરના ઇતિહાસને પ્રકાશિત કરી રહ્યા છે તેમ આ ગ્રન્થ પૂરો વાંચવાથી ખાત્રી થશે.

હાલનું વિજાપુર તેજ સ્થાને ત્રીજીવાર વસ્યાનું ઐતિહાસિક રીતે સાબીત થાય છે. ચાવડા રત્નાદિત્યના સમયનો કુંડ જે હાલ હયાત છે ને તેમાં જે લેખ છે તેથી સં૦ ૮૦૨ પૂર્વે વિજાપુર ઉપર ચાવડા રાજાઓના સત્તા હતી અને તે ઉપરથી તે પૂર્વેનું વિજાપુર હોવું જોઇએ તેમ સમજી શકાય છે.

સુધર્મગચ્છ પટ્ટાવલીથી વિ૦ સં૦ ૯૨૭માં વિજાપુર વસ્યું અને સંઘપુરના લેખથી વિ૦ સં૦ ૧૨૫૬ માં ફરી વસ્યાનું સમજી શકાય છે.

ઘાંટુગામ સં૦ ૧૮૦૦ ના સૈકામાં હયાત હોવું જોઇએ અને વિજાપુર થયેલા મુસલમાન આક્રમણ સમયે વિજાપુરના ઇતિહાસને પ્રકાશિત કરનાર લેખનાં ૪ પાટીયાં વિજાપુરના પ્રાચીન દેરાસરમાંથી બચાવી લેવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવ્યાં હોય અને તેમાંના બે ચાંદુ અને પશ્ચાત્ સંઘપુરમાં રક્ષણ પામ્યાં હોય તેમ જણાય છે. તેમાં પ્રથમનું પાટીઉં શ્લોક ૧ થી ૬૫ સુધીનું તથા ચોથું અથવા છેલ્લું પાટીઉં શ્લોક ૧૧૫ પછીનું મળ્યું નથી. તે જો મળ્યું હોત તો વિજાપુરના ઇતિહાસને સંપૂર્ણ અજવાળું પાડત.

રા. રા. વકીલ મોહનલાલ દલીચંદ દેશાઇ તરફથી આ નિવેદન લખવા સમયે ખબર મળી છે કે લીંબડીના ભંડારમાં વિજાપુર સંબંધી લખાણવાળો ગ્રન્થ છે. જો તેવો કોઈ ગ્રન્થ ત્યાં હશે તો ત્રીજી આવૃત્તિ સમયે તે મેળવી વધુ પ્રકાશ પાડી શકાશે.

આ વૃત્તાંત જે સ્થળનું છે ત્યાંના એક ધર્મિષ્ટ પરોપકારી અને સ્વબળે આગળ વધી પોતાની શક્તિનો સર્વ પ્રકારે પોતાના હસ્તે સદુપયોગ કરનાર ગ્રહસ્થ તે સદ્‌ગત શેઠ મગનલાલ કંકુચંદનું જીવનવૃત્તાંત પ્રથમાવૃત્તિમાં આળેખાયું છે; તે જ થોડી પુરવણી સાથે આ આવૃત્તિમાં રાખવામાં આવ્યું છે અને તે પ્રાસંગીક જ છે.

પ્રથમાવૃત્તિમાં તેઓશ્રી તરફથી દ્રવ્યસહાય મળી હતી; તેમજ આ આવૃત્તિમાં તેઓશ્રીના ઉપકારથી ઉપકૃત થયેલ આ મંડળના એક સભ્ય તરફથી રૂા. ૫૦૦)ની આર્થીક સહાય મળી છે આ ભાઇની ઇચ્છા મુજબ આ ગ્રંથ સદ્‌ગત શેઠના સ્મરણાર્થે પ્રગટ થાય છે. અને ગુરૂશ્રીની પણ તથાપ્રકારની જ આજ્ઞા હતી.

આ ગ્રન્થ શ્રીમંત સરકાર સયાજીરાવ ગાયકવાડની સુવર્ણ જ્યુબીલી પ્રસંગે જ બહાર પડતો હોવા સાથે આ વૃત્તાંતવાળા સ્થળના તેઓ અધિપતી–રાજવી હોવાથી તેઓશ્રીના સુંદર છબી આ ગ્રન્થમાં આપવી યોગ્ય ધારી છે, તેમજ શ્રીમદ્ ગુરૂવર્યની દીવ્ય મૂર્ત્તિ, આ વૃત્તાંતવાળા સ્થળે તેઓશ્રીના સમાધિસ્થાને સમાધિ-મંદીરમાં પ્રતિષ્ઠીત થવાના દિવસેજ બહાર પડતી હોઇ તેઓશ્રીની પણ આબેહુબ છબી આ ગ્રન્થમાં આપવી યોગ્ય જણાઇ છે. વિજાપુર તાલુકાનો નકશો પણ આ ગ્રન્થમાં પ્રગટ કર્યો છે તે પણ યોગ્ય જ ગણાશે.

વિદ્યાપુરમાં–ગુજરાતમાં વિદ્યાના પારંગત એવા ગુરૂશ્રી જેવા વિદ્વાનો વિદ્યાના પૂરની માફક અનેક થાઓ તથા સર્વત્ર ઉચ્ચ વર્તનવાળા, માનનીય, દાની, ધર્મિષ્ટ પુરૂષો વધે અને સ્વકોમ–સ્વભૂમિની ખ્યાતિ વિસ્તારે એવી ભાવનાપૂર્વક વિરમીએ છીએ.

બુદ્ધિ સં૦ ૧ }
વિક્રમ સં૦ ૧૯૮૨ }

લી૦
શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# संतवाणी–गुरुस्मरण.

જેના ગુણોની ગણના જનૂથી ન થાયે,
ના શેષનાગ જીભથી ગણતાં ગણાયે,
જોડી બે હસ્ત શુભ આશિષ નિત્ય યાચું,
શ્રી બુદ્ધિસાગર સૂરિ શરણું જ સાચું.

૧–કોણ જાણતું હતું કે—આ ગ્રન્થની પ્રથમાવૃત્તિના દ્રવ્ય સ્હાયક શેઠ મગનલાલનો દેહ તે આવૃત્તિ પ્રગટ થયાબાદ માત્ર બે માસમાં જ આ દુનિયા છોડી જશે ?

૨–કોણ જાણતું હતું કે—આ ગ્રન્થની દ્વિતીયાવૃત્તિ પ્રથમ કરતાં મોટા પ્રમાણમાં–વધુ અજવાળુ પાડે તેવા સ્વરૂપમાં આટલા ટુંકા સમયમાં બહાર પડશે.

૩–કોણ જાણતું હતું કે—ગુરૂશ્રીની સતત તાકીદ છતાં તેઓશ્રીના દેહવિલય પૂર્વે બધું મેટર છપાઇ ગયા છતાં માત્ર પ્રસ્તાવનાદિ માટે મ્હારા પ્રમાદવશે આ ગ્રન્થ વાચકોની સમક્ષ ગુરૂશ્રીની હયાતીમાં રજુ નહી થાય ?

૪ કોણ જાણતું હતું કે—આ ગ્રન્થના લેખક મહાત્માશ્રીનું આપણી વચ્ચેથી અતિ વેગે ઉચ્ચ ગતિ તરફ પ્રયાણ થશે ? અને તે પણ સં ૧૯૮૧ ના જેઠ વદ ૩ ની પ્રભાતેજ.

૫ કોણ જાણતું હતું કે—વેગે મુસાફરી પુરી થનાર હોવાની ચેતવણી છતાં સેવક તેઓશ્રીથી અંત સમયેજ વધુ દૂર હશે ?

૬ કોણ જાણતું હતું કે—મ્હારા ઉપગારી સદ્દગત શેઠશ્રીના શુભ દ્રવ્યવડે લેવાયેલી ભૂમિમાં વિજાપુરની કીર્તિમાં વધારો કરનાર અનેક શુભ કાર્યો થશે ?

૭ કોણ જાણતું હતું કે—સદ્દગત ગુરૂશ્રીનો નિર્વાણ મહોત્સવ અપૂવ રૂપમાં જે સ્થળે થયો તે સ્થળે થવાનો હતો ?

**આ અને બીજું ઘણું**—સં. ૧૯૪૬ થી મ્હારા બાળસ્નેહી અને સન્મિત્ર રૂપે અને સં. ૧૯૫૭ થી સાચા સંત અને સદ્ગુરૂ રૂપે નિર્મળ જ્ઞાન અને સત્સંગનો અપૂર્વ અનુભવ ચખાડનાર તથા ' **સાભ્રમતી ગુણશિક્ષણ** કાવ્ય ની અમુક લીંટીઓ તરફ માત્ર ઇશારો કરી મ્હારામાં જાગૃતિ લાવનાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**મ્હારા તે યોગીશ્વર ગુરૂશ્રી જાણતા હતા.** અને તેમજ થયું તે જગતે જોયુ, મને પણ પ્રભુ શ્રી મહાવીર અને ગૌતમના વિરહની કંઈ ઝાંખી થઇ. ગુરૂશ્રીના અનેક પ્રાસંગીક વચનોની સત્યતા તેઓના સંબંધમાં આવનારાઓને વખતો વખત અનુભવાતી હતી અને વખત જશે તેમ વધુ અનુભવાશે.

## સંતવાણી.

તેઓશ્રીની પ્રેમભાવે અપૂર્વ સેવા–વૈયાવચ્ચ કરનાર શાન્તમૂર્તિ શ્રી વૃદ્ધિસાગરજીને અંત સમયે ગુરૂશ્રીએ બોધ આપતાં આપતાં સં. ૧૯૮૧ ના ચૈત્ર સુદ ૫ ની રાત્રે કહ્યું કે " આત્મ સ્વરૂપ ચૂકીશ નહી " " ફીકર ન કર, જા તારી પાછલ આવું છું–તૈયારી છે. " ઇત્યાદિ બોલાએલ સમસ્યાસૂચક વચનો તે સંત પુરૂષે સાચાં કરી બતાવ્યાં અને તે માત્ર અઢી માસની અંદરજ.

જે સ્થળે મુનિ શ્રી વૃદ્ધિસાગરજીનો અગ્નિસંસ્કાર થયો તે જ સ્થાનમાં આચાર્યશ્રીના દેહનો અગ્નિસંસ્કાર થયો.–એકજ સ્થાને બન્ને પુદ્ગલોની રાખ થઇ અને ત્યાં ગુરૂશ્રીનું સમાધી મંદીર થયું અને ભાવીએ નિર્માણ કર્યું હોય તેમ ગુરૂ શિષ્યના પ્રેમનું દૃશ્ય મૂર્ત્તિ રૂપે–સાક્ષાત ખડું થયું.

સંતોની સત્યતા જણાવતું–ગુરૂ શિષ્યનું સ્મારક દૃશ્ય વિજાપુરમાં જયવંતુ વર્તો. ૐ શાન્તિઃ ૩

ગુણદૃષ્ટિવડે ગુણાનુરાગ પ્રગટે તથા પ્રભુ મહાવીરના શાસનની નિસ્પૃહ ભાવે વિશેષ સેવા થાય અને શુભાશુભ કર્મની નિર્જરા જલ્દી થાઓ એવું ઇચ્છતો અને ભાવપૂર્વક વંદન કરતો

**શ્રી મુંબાઇ ચંપાગલ્લી.**
સં. ૧૯૮૨ માહ શુદ ૩
( ગુરૂ વિરહની પંદરમી
પાક્ષિક તીથી )

**લલ્લુ કરમચંદ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ વ્યક્તવ્ય પુરૂં કરતાં જણાવી દેવાની જરૂર છે કે મારા લખાણમાં જે કંઇ ખામી જણાય તે માટે વાચકો ક્ષમા કરશે. કારણ હું નહી જેવા અભ્યાસ છતાં માત્ર ગુરૂ કૃપા અને તેઓની સૂચનાવડે લખવા ભાગ્યશાળી થયો છું.

વિજાપુર સંબંધી લખતાં ગાયકવાડ રાજ્ય અને કડી પ્રાંત સંબંધી ઘણું લખાય તેમ છે. પણ રા. રા. મહાસુખભાઇ ચુનીલાલ કે જેઓ વડોદરા રાજ્યના અનુભવી–ઉત્સાહી દેશનેતા અને વિસનગરના એક જૈન શહેરી છે, તેઓએ પ્રગટ કરેલ વિસનગર વૃતાંત આ વકતવ્ય લખવાના વિચાર સમયે મારા જોવામાં આવ્યું, તેમાં વિસનગરની હકીકતો સાથે કડી પ્રાંત અને રાજ્યની વિસ્તારપૂર્વક હકીકતો આંકડા સાથે તથા કાયદા સંબંધી વિવેચન કર્યું છે. તે ગ્રંથના પૃષ્ટ ૧ થી ૮૬ સુધીનાં પૃષ્ટો ગાયકવાડ રાજ્યની વધુ હકીકત જાણવાની ઇચ્છા રાખનારાઓને વાંચવા આગ્રહ કરી રા. મહાસુખભાઇના નીચેના શબ્દો ટાંકી મારૂં વક્તવ્ય પુરૂં કરૂં છું. કારણકે તેવી ટીકાથી ગુરૂશ્રી અને રા. મહાસુખભાઇ બચી શકયા છે. અર્થાત્ તેઓએ સ્વદેશ અને જન્મભૂમિ તરફની ફરજ બજાવવામાં પોતાનો સારામાં સારો ભાગ અર્પણ કર્યો છે.

" પરદેશની ઝીણામાં ઝીણી વાત કરીએ–આંકડા સાથે, પણ સ્વદેશ માટે કંઇ જાણીએ નહી, બીજા દેશના બીજા શહેરોનાં વખાણ કરીએ પણ પોતાના ગામની પ્રાચીનતા શું હતી ? કેમ મંદ પડી ને કેમ વધે તે માટે કંઈ નહી."

ખરેખર જે દેશમાં જન્મ થયો તેના તરફ જોઇતો પ્રેમ જે ન દાખવે અને બહુ દૂર નજર કરે તે તો પગતળે ન જોતાં માત્ર પારકી પંચાત કરવા જેવું ગણાય.

આવા દોષથી સર્વે મુક્ત થાઓ તેમ ઇચ્છતો

મુંબઇ<br>સંવત ૧૯૮૨<br>માહ શુદ અષ્ટમી

સેવક<br>**લલ્લુભાઇ કરમચંદ દલાલ**

**સુધારો**–પૃષ્ઠ ૨૧૭ થી ૨૨૪ સુધીનાં પાનાનાં નંબરો ડબ્બલ છપાઇ ગયા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# शुद्धिपत्रक.

| પૃષ્ઠ. | લીટી. | અશુદ્ધિ. | શુદ્ધિ. |
| --- | --- | --- | --- |
| ૧ | ૩ | ગુ૦ વિ૦ વૃ૦ | ગુજરાત વિજાપુર (વિદ્યાપુર) બૃહદ્ વૃત્તાંત |
| ૨૬ | ૧૬ | નીચે પ્રમાણે | નીચે આ પ્રમાણે |
| ૩૯ | ૨૨ | શાસ્ત્રીનો | શાસ્ત્રોનો |
| ૪૦ | ૭ | પાછો ફરી સંપીલો | પાછા ફરી સંપીલા |
| ૭૬ | ૬ | લોઢા આદિનાથ | લોઢા આદિના |
| ૧૮૦ | ૯ | અસત્ય | અસ્તેય |
| ,, | ૧૭ | સ્તેય | ,, |
| ૨૦૨ | ૧૭ | અરિહંતને | અરિહંતે |
| ૨૧૨ | ૬ | વિ૦ બ્રા૦ **જૈન** | વિજાપુર બ્રાહ્મણ વર્ગમાં વૈદિક |
| ૨૩૪ | ૮ | ૯૬૧ | ૯૪૨ |
| ,, | ૯ | ૯૪૨ | ૯૬૧ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રસ્તાવના.

ધ્યાન વિચાર ગ્રંથમાં ધ્યાનના વિચારો છે, મનુષ્યે દુર્ધ્યાનનો ત્યાગ કરવો જોઇએ અને સુધ્યાનનો આદર કરવો જોઇએ મનુષ્યમાત્રને સુધ્યાનની આવશ્યક્તા છે. ધ્યાન વિચારમાં જૈન શાસ્ત્રોનો આધારે વિચારો જણાવવામાં આવ્યાછે. ધ્યાન કરતાં કરતાં મનની એકાગ્રતા થાય છે, મનનનો પણ ધ્યાનમાં સમાવેશ થાય છે. **अन्नथ्थउससिएणं** સૂત્રમાં **ठाणेणं मोणेणं झाणेणं अप्पाणं वोसिरामि** પાઠ આવેછે ધ્યાનવડે બહિરાત્મભાવનો ત્યાગ કરૂંછું એ વાકયથી પણ શ્રાવકોએ તથા સાધુઓએ ધ્યાન કરવું જોઇએ એમ સિદ્ધ થાય છે. **पायच्छितंविणओ वेयावच्चं तहेव सज्झाओ जाणंउस्सग्गोविअ अभिंपतरओतवोहोइ ॥ १ ॥** અતિચારની આઠ ગાથામાં પણ અભ્યન્તરતપમાં ધ્યાનને સ્વીકાર્યું છે, અને ધ્યાનના અતિચારો ટાળવાનું કથ્યું છે, શ્રીમદ્ હરિભદ્રસૂરિ. શ્રીમદ્ હેમચંદ્રસૂરિ, શ્રીમદ્ યશોવિજય ઉપાધ્યાય અને શ્રી આનન્દઘનજી વગેરે સ્વકીય ગ્રન્થોમાં ધ્યાનની ઉત્તમતા વર્ણવે છે. શાસ્ત્રોના આધારે કહેવામાં આવે છે કે ધ્યાન વિના મુક્તિ થતી નથી ધ્યાન એ અંતરનું ચારિત્ર છે ધ્યાનરૂપ ચારિત્ર વિના કેવલજ્ઞાન પ્રગટતું નથી, ક્ષયોપશમજ્ઞાનનું ફળ ધ્યાન છે. તેથી ધ્યાનની ઉત્તમતા અને આદેયતા સ્વતઃ સિદ્ધ થાય છે. આ ગ્રન્થમાં આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન અને શુકલ ધ્યાન એ ચાર ધ્યાનનું વર્ણન કરવામાં આવ્યું છે; અને એ ચાર ધ્યાનના સંબંધવાળી અન્ય બાબતોનું પણ વિવેચન કરવામાં આવ્યું છે, પ્રથમ લેખક શક્તિની પ્રારંભાવસ્થામાં આજથી દશ વર્ષ પૂર્વે આ ગ્રન્થ લખાયો હોવાથી ભાષાની ઉચ્ચતા અને ભાવાર્થ રચનાની સુન્દરતામાં ન્યૂનતા દેખવામાં આવે એ સુસ્પષ્ટ છે તથાપિ સરલભાષાથી ભાવાર્થને ગ્રહવામાં કોઇ જાતની કિલષ્ટતા દેખવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવતી નથી, બાળ જીવોને આ ગ્રન્થ વાંચનથી ધ્યાનમાં સહેજે પ્રવેશ થઇ શકશે.

છપાવવામાં કોઇ ઠેકાણે શબ્દ વાકયની અશુદ્ધિઆદિ દોષ રહ્યા હોય તો સજ્જનો તેને સુધારીને વાંચશે. તેમજ કોઇ ઠેકાણે શાસ્ત્ર વિરૂદ્ધાદિ દોષો હોય તો તે પંડિતોએ સુધારવું, દુર્ધ્યાન અને સુધ્યાનના ભેદોનું જ્ઞાનથવાથી મનુષ્યો દરેક ધાર્મિક ક્રિયાઓ કરતી વખતે દુર્ધ્યાનથી દૂર રહેશે અને પોતાની મનોવૃત્તિને સુધારશે, તેથી આ ગ્રન્થની ઉપયોગિતા કેટલી છે તેનો સહેજે વાંચકોને ખ્યાલ આવશે. સુધ્યાનવિના મનની નિર્મલતા થતી નથી. મોટા મુનિવરો પણ ધ્યાનને ધ્યાવે છે અને પોતાના આત્માના ગુણો પ્રગટાવવા પ્રયત્ન કરે છે. મનનાં પાપ ધોવાને માટે ધ્યાનની આવશ્યકતા દરેક દર્શનના અનુયાયીઓ સ્વીકારે છે. શ્રીપાલરાજાએ નવપદનું ધ્યાન ધર્યું હતું. ધ્યાન ધરવું એ મુનિનું પરમ કાર્ય છે. લક્ષ્મીવિના ગૃહસ્થ જેમ શોભી શકતો નથી તેમ ધ્યાન વિના મુનિ શોભી શકતો નથી. શ્રી મન્મહાવીર પ્રભુએ સાધિક બાર વર્ષ પર્યંત ધ્યાન ધર્યું હતું, અને તેથી તેમણે કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. જે મનુષ્યો ધ્યાન સમાધિ વગેરેને ઉત્થાપે છે તે જૈન ધર્મના ઉત્થાપક બને છે અને તેઓ દુર્ગતિમાં પ્રવેશ કરે છે. ધ્યાનથી સત્ય સુખ પ્રાપ્ત થાય છે, તેની દિશા આ પુસ્તકમાં જણાવી છે. મુમુક્ષુઓ ધ્યાન વિચાર નામના પુસ્તકને વાંચી સુધ્યાનના અધિકારી બનો એજ હિતાકાંક્ષા છે ૐ શાન્તિઃ ૩

આ પુસ્તક મેસાણાવાળા શેઠ કસ્તુરચંદ વીરચંદદ્વારા છપાઇને પ્રસિદ્ધ થાય છે, માટે અત્ર શેઠ કસ્તુરચંદ વીરચંદના જીવન ચરિત્રની ટુંકી નોંધ લેવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# " शेठ कस्तुरचंद वीरचंदनुं जीवन चरीत्र. "

મેસાણાના વતની શેઠ કસ્તુરચંદ વીરચંદે જૈનધર્મની ઉન્નતિ માટે શુભ કાર્યો કર્યાં છે. વિક્રમ સંવત્ ૧૯૦૦ ની સાલમાં તેમનો જન્મ થયો હતો. પચીશ વર્ષની ઉમરે મુંબઈમાં વ્યાપાર માટે ગયા હતા. ખાંડના વેપારમાં તેઓનું ભાગ્ય ખીલ્યું અને લક્ષાધિપતિ થયા અને સાતક્ષેત્રમાં ધનનો વ્યય કરવા લાગ્યા. સં. ૧૯૫૧ ની સાલમાં સમરતના લગ્ન પ્રસંગે ઉદ્યાપન ( ઉજમણું ) કરીને દશ હજાર રૂપૈયા ખર્ચ્યાં હતા, મુનિરાજશ્રી રવિસાગરજી તેઓના ધર્મ-ગુરૂ હતા. અન્ય જે જે ઉત્તમ સાધુઓ મેસાણામાં આવતા હતા, તેઓની તેઓ સારી રીતે ભક્તિ કરતા હતા.

મેસાણામાં સાધુઓ તથા ગૃહસ્થોને ધર્મશાસ્ત્રાભ્યાસ માટે તેમણે રૂપૈયા દશ હજાર ખર્ચીને મુકામ બાંધ્યુ છે. અને ત્યાં યશોવિજય પાઠશાળાની સ્થાપના કરી છે અને તેના નિભાવ માટે બાર હજાર રૂપૈયાની રકમ આપી છે. મેસાણાના મોટા તળાવમાં ઘણા માછલા છે તેની દયા માટે પણ તેઓ પ્રતિવર્ષ સારી મદદ કરતા હતા. સિદ્ધાચલજી ઉપર પાંચભાઇના દેરાસરના જીર્ણોદ્ધાર માટે રૂપૈયા પાંચ હજારની રકમ આપીને પોતાના જન્મને સફળ કર્યો છે. અને અદ્યાપિ તે દેરાસરના ઘુમટનું સમાર કામ તેઓના વહીવટ કરનારાઓ તરફથી થાય છે. તેઓએ સંવત્ ૧૯૬૪ ના વૈશાક શુદી ૧૦ ના રોજ દેહોત્સર્ગ કર્યો હતો, અને તે વખતે પોતાની લક્ષ્મીનો મોટો ભાગ ધર્મકાર્યમાં વાપરવાનું કહી ગયા છે. તેમને સિદ્ધાચલજી ઉપર અત્યંત પ્રેમ હોવાથી પ્રતિવર્ષે સિદ્ધાચલની યાત્રા કરવા જતા હતા. તેઓને જ્ઞાન ઉપર સારી રૂચિ હતી. લેખકને કસ્તુરચંદભાઈ સાથે ગૃહસ્થાવાસમાં તથા સાધુ અવસ્થામાં સં. ૧૯૫૮ પર્યંત સંબંધ હતો. તેથી તેમના ગુણોને અવલોકવાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમય મળ્યો હતો. તેઓ સ્પષ્ટવક્તા, શ્રદ્ધાળુ, વિવેકી અને ધર્મ ક્રિયામાં ઉદ્યમી હતા. તેઓ ભદ્રક અને મિલનસાર પ્રકૃતિવાળા હતા. જમાનાને અનુસરી તેઓ ધર્મ સુધારા તથા સંસાર સુધારાને માટે વિચારો ધરાવતા હતા. મેસાણાની પાઠશાળાના એક મહાન્ સ્તંભ હતા. તેમજ સાધુઓની વૈયાવચ્ચ કરવામાં એક રત્નની પેઠે શોભતા હતા. વ્યાખ્યાન સાંભળવામાં ઘણા ઉમંગી હતા. શ્રીમદ્ રવિસાગરજી મહારાજની કૃપાથી તેઓએ શ્રાવકની ઉચ્ચદશા પ્રાપ્ત કરી હતી. બ્રહ્મચર્ય ધારકો ઉપર તેમનો અત્યંત પ્રેમ હતો. શ્રીમદ્ રવિસાગરજી મહારાજના બોધથી દયા, વિનય, વિવેક, ભક્તિ અને સદાચાર આદિ ગુણોમાં આગળ વધીને અન્ય મનુષ્યોને આદર્શ પુરૂષવત્ દૃષ્ટાંત પાત્ર થયા હતા, તેમનો આત્મા શરીરનો ત્યાગ કરીને અન્યગતિમાં ગયોઃછે તોપણ તેઓનો સુકાર્ય ધર્મ દેહ તો ઘણા કાળ પર્યંત રહેશે. લેખકના બોધથી તેઓને અધ્યાત્મ જ્ઞાન તથા વૈરાગ્ય માર્ગ પ્રતિ સારી રૂચિ થઇ હતી. શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયના પુસ્તકોને તે વારંવાર વાંચતા હતા અને લેખકની પાસે કર્મ-આત્મા અને પરમાત્મસંબંધી ધર્મચર્ચા કરીને આનંદ પામતા હતા. તેમની સ્ત્રી વગેરે કુટુંબ પણ ધર્મ માર્ગમાં સારી રૂચિથી પ્રવૃત્તિ કરે છે.

માણસાના શેઠ મગનલાલ દીપચંદ વગેરેને પણ તેઓએ શુભ માર્ગે વાળી શ્રાવકના ગુણોની સુગંધી ફેલાવી છે અને અન્યત્ર ઉચ્ચ અવતાર લેવા પ્રમાણ કર્યું છે, તેમનો આત્મા વારંવાર તેમના પરિચયીઓને સાંભરી આવે છે. મેસાણામાં તેમના જેવા ઉત્તમ પુરૂષો થાઓ, એમ ઇચ્છાય છે. તેમના આત્માનું શુભ થાઓ, એમ લેખકથી ઇચ્છાય છે.

ૐ શાન્તિઃ

મુકામ મુંબાઇ
સંવત્ ૧૯૬૮ના
કારતક વદી ૧૩

લેખક મુનિ બુદ્ધિસાગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# ધ્યાન વિચાર.

### દુહા.

પ્રણમું પાર્શ્વ જિણંદને, ચિદાનન્દ ભગવંત;
તાસ પસાયે ધ્યાનનો, લેશ કહું છું સંત. ॥ ૧ ॥
મુક્તિ મારગ સાધવા, ધ્યાવો ધ્યાન વિચાર;
અશુભ અશુદ્ધના ત્યાગથી, શુભ શુદ્ધ સુખકાર. ॥ ૨ ॥
મુક્તિ કાર્ય સાધનતણા, અસંખ્ય યોગ કહેવાય;
તેમાં પણ ધ્યાનજ વડું, ધ્યાને કર્મ ખપાય. ॥ ૩ ॥
તે કારણ કહીશું હવે, ધ્યાન તણો અધિકાર;
પૂર્વ ગ્રંથ અનુસારથી, કરતાં જગજયકાર. ॥ ૪ ॥
આર્ત રૌદ્રને ધર્મ તેમ, શુકલધ્યાન એ ચાર;
આદ્ય બે પરિહાર યોગ્ય, અંતિમ બે હિતકાર. ॥ ૫ ॥

અર્થ—ધ્યાન ચાર પ્રકારે છે, આર્ત ધ્યાન, રૌદ્ર ધ્યાન, ધર્મધ્યાન, શુકલ ધ્યાન—એ ચાર ધ્યાનમાંથી આર્તધ્યાન અને રૌદ્ર ધ્યાન ત્યાગ કરવા યોગ્ય છે, અને છેલ્લાં બે ધર્મધ્યાન તથા શુકલ ધ્યાન આદરવા યોગ્ય છે. એ બે ધ્યાનથી જન્મ મરણ દુઃખ અનાદિ કાળનાં ટળે છે એ ચારે ધ્યાનના ચાર ચાર પાયા છે તેનું સ્વરૂપ બતાવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુહા.

**પ્રથમ ઇષ્ટ વિયોગ છે, અનિષ્ટ સંયોગ તેમ,**
**રોગ ચિંતા અગ્રશૌચ, આર્તધ્યાનના એમ. ॥ ૧ ॥**

અર્થ—પ્રથમ ઇષ્ટિ વિયોગ આર્તધ્યાન—પોતાને પ્રાપ્ત થએલા ધન, ધાન્ય, ક્ષેત્ર, વાસ્તુ રૂપ, સુવર્ણ, કૂપ, દ્વિપદ, અને ચતુષ્પદનો રખે વિયોગ થાય. એવું ચિંતવન મનમાં કર્યા કરે. માતા, ભાઈ, બેન, પુત્ર, સ્ત્રી, મિત્ર પ્રમુખનો વિયોગ રખે મારે થાય. અને કદાચિત્ તેનો વિયોગ થયો તો મનમાં ઘણો ખેદ કરે. અનેક પ્રકારના સંકલ્પ વિકલ્પ કરે, વિલાપ કરે, રૂદન કરે, પોતાના પ્રિય પુત્રના મૃત્યુથી હાય હાય કરે, રૂવે, માથુ કુટે, દૈવને ઠપકો આપે, અરે મારૂં કેમ તેના પહેલા મરણ થયું નહીં. હું હવે કોને પુત્ર કહી બોલાવીશ. અરે આ હૃદય કેમ ફાટી જતું નથી, એમ શોક કરે, તથા વ્હાલી સ્ત્રીનો વિયોગ એટલે તેનું પોતાનાથી દૂરે જવું વા, તેનું મરણ થાય તો બાવરા જેવો થઈ જાય, વારંવાર તેને યાદ કરી રૂદન કરે, અરે ઓ મારી સ્ત્રી, તારા જેવી દુનિયામાં થોડી સ્ત્રીઓ થશે, તારી વાણી તથા તારો પ્યાર મને કેમ વીસરશે. મનની છાની વાતો તારા વિના હું કોને કહીશ. ઘરની ચિંતા તથા સાર સંભાળ કોણ કરશે. મારૂં દુઃખ દેખી દુઃખી કોણ થશે. હાય હાય હવે કેમ કરૂં. અરે વ્હાલી ! સ્ત્રી મારૂં હૃદય તારા વિના શૂન્ય જેવું થઈ ગયું છે. એમ સંકલ્પ વિકલ્પ મનમાં કરે, રૂવે. વારંવાર તેને યાદ કરી રૂદન કરે. શોક કરે, તથા માતા પિતાનો વિયોગ થએ છતે રૂવે. શોક કરે, વિલાપ કરે, તે પણ દુઃખનું કારણ છે. કોઈ સ્ત્રીને પોતાના પતિનો વિયોગ થાય ત્યારે કલ્પાંત રૂદન કરે, રડે કુટે. અને અનેક પ્રકારના વિલાપ કરે, અરે મારા પ્રાણનાથ, મારૂં હવે તમારા વિના કોણ શરણ થશે. તમારા વિના મારા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દિવસો કેમ જશે. મારા મનની વાતો હવે કોના આગળ કહીશ ? મને સારી સારીવસ્તુઓ કોણ લાવી આપશે ? મારા મનના મનોરથ કોણ પુરા કરશે ? અરે તું હવે જીવતી કેમ રહી છે ! હા દૈવ તેં મને મરણ પહેલું કેમ નહીં આપ્યું ? એમ વિલાપ કરતી છાતી કુટે. બીજી ગામની સ્ત્રીઓ પણ તેના ભેગી રોવાકુટવા આવે, ત્યારે આ સ્ત્રી વધારેવધારે રૂદન કરે અને માથાના વાળ તોડે, રોતીં રોતી હેઠી પડીને છાતી કુટે, કદાપી જો તે સ્ત્રી થોડું રૂવે તો, બીજી સ્ત્રીઓ એમ કહે કે, અરે તારી છાતી પત્થર જેવી છે કે કેમ ? આ પર્વત જેવો તારો ધણી મરી ગયો તો પણ, કઠણ હૃદયવાળી દેખાય છે ? એમ બીજી સ્ત્રીઓ શૂર ચડાવે તેમ આ સ્ત્રી લાજની મારી વધારે વધારે કુટે, એમ સર્વ સ્ત્રી સમુદાય રોતો રોતો તળાવે જાય; એમ કરવાથી મહા અશુભ કર્મ ઉપાર્જન થાય છે અને પરભવમાં તે કર્મ ભોગવવું પડે છે, વળી તળાવમાં ન્હાય, બીજી સ્ત્રીઓ કુટવા આવેલી હોય તે પણ કુટતી કુટતી થાકે ત્યારે માંહોમાંહે પોતાનાં મરી ગયેલાં સગાં વહાલાં સંભારી સંભારી રૂદન કરે, લીંટ નાંખે. તે લીંટમાં સમુર્છિમપંચેન્દ્રિય મનુષ્યની ઉત્પતિ થાય છે. તથા રસ્તામાં ચાલતાં કીડી મંકોડા વગેરે જીવનો નાશ થાય એમ કર્મબંધનનો પાર રહેતો નથી. વળી તળાવમાં અગર ઘેર ઠંડા પાણીથી રડી કુટીને નહાય તેથી તાવ પણ આવે. અને વળી મૃત્યુ પણ થાય. એમ રોવાથી આર્તધ્યાન થાય છે. વળી તે સ્ત્રી પ્રિય સ્વામીના વિયોગની ચિંતાથી દુર્બલ થઈ જાયછે. પણ જાણતી નથી કે આ સંસારમાં કોઈ કોઈનું નથી. આઉખું આવી રહ્યું, એટલે કરેલા કર્મના અનુસારે જીવ પરગતિમાં જશે, માટે તું ફોગટ કેમ રૂદન કરે છે?—જન્મતી વખતે તું એકલી આવી હતી તો મરતી વખતે પણ તું એકલી જઈશ. આવા જન્મ મરણ, જીવે અનંતિવાર કર્યાં અને તેમાં સ્વામીઓ પણ અનંતા કર્યાં, તો કોને તું રોઈશ? આ સર્વ બાજીગરની માયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેવુ છે. એમ વિચારી રૂદન કરે નહીં તથા શોક કરે નહીં, અને જે શોક કરશે, રૂદન કરશે, છાતીઓ કુટશે, તથા તેને રૂદન કરવામાં જે ઉશ્કેરણી કરશે, તે સર્વ પાપ કર્મ ઉપાર્જન કરશે, પોતાના ધણીનો વિયોગ થવાથી શોક કરે, દુ:ખથી હાય હાય કરે, તથા પોતાનું ધન ચોરાઈ જવાથી રૂદન કરે, હાય વરાળ કરે. તથા ઘર, હાટ બળી જવાથી શોક કરે. તથા ઘોડા, દાસ દાસીનો વિયોગ થવાથી દુ:ખ ધરે, વ્હાલી વસ્તુનો વિયોગ થવાથી આત્મઘાત કરવા ધારે, વ્હાલી વસ્તુનો વિયોગ કરાવનાર ઉપર ક્રોધાતુર રહે, તેનું બુરૂં વાંછે. એ ઇષ્ટવિયોગ નામનો આર્તધ્યાનનો પહેલો પાયો કહ્યો, એ ધ્યાનથી તિર્યંચગતિમાં જવું પડે છે. માટે ભવ્યજીવોએ એવા વિચારનો ત્યાગ કરવો.

હવે આર્તધ્યાનનો અનિષ્ટ સંયોગ નામનો બીજો પાયો કહે છે. પાંચ ઇન્દ્રિયોના સુખને વિઘ્નકારક ખરાબ સ્પર્શ, રસ, ગંધ, રૂપ, શબ્દ આદિનો રખે સંયોગ થાય. એવી મનમાં ચિંતા કરે, શોક કરે. વળી ઘરમાં સ્ત્રી ખરાબ મળી હોય તો, વિચારે જે આવી ખરાબ દુર્ભાગી સ્ત્રી મને કેમ મળી ? એ કયારે હવે મારાથી દૂર થાય, પાપીણીનો જ્યારથી સંયોગ થયો છે, ત્યારથી અમો નિર્ભાગી થયા. એના પગલાંથી ઘરનું ધન નાશ થયું. જરા વાર પણ સુખથી અમો બેઠા નહીં. એમ વિચાર કરે, તથા પુત્ર ખરાબ હોય તો દૈવને ( નસીબને ) ઠપકો આપે કે તેં આવો પુત્ર મને કેમ આપ્યો ? એના વિના વાંઝીયા રહ્યા હોત તો ઠીક. જરાવાર પણ અમને સુખ આપતો નથી. હવે એ આંખોથી ક્યારે દૂર થાય એમ ચિંતવે, તથા ભાઈ પોતાનો વિશ્વાસઘાતી હોય તો મનમાં વિચારે જે હાય હાય મારાથી કુડ કપટ કરી છાનું ધન રાખે છે. એ મારૂં બુરૂં વાંચે છે. લોકોની આગળ મારી નિંદા કરે છે. મને દુ:ખી કરવા ઉપાય શોધ્યા કરે છે. અરે દૈવ આવા ભાઈ સંસારમાં કેમ મને મળ્યા! એ મારાથી ક્યારે દૂર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થશે, એમ સંકલ્પ વિકલ્પ કરે, પિતા ક્રોધી હોય તો વિચારે જે આવો પિતા કેમ મળ્યો, એમ વિચારી શોકાતુર થાય. માતા વ્યભિચારીણી હોય, તથા દાસ દાસીઓ ખરાબ હોય તેથી ખરાબ વિચાર કરે અને તેમના સંબંધમાં તેમનું બુરૂ કરવાની ચિંતા થાય. વળી સ્ત્રી મનમાં એમ વિચાર કરે કે મારી શોક્ય બહુજ ખરાબ છે. એ પાપીણી વારંવાર લોકોની આગળ મારી નિન્દા કરે છે અને પતિને આડું અવળું સમજાવી તેને વશ કર્યો છે તેના કહ્યા પ્રમાણે મારો ધણી ચાલે છે, મારા સામું જોતો નથી અને મને બોલાવતો નથી. હાય, હાય, મારા માત પિતાએ આવા ધણી સાથે કેમ પરણાવી. ધણી વશ કરવાને મન્ત્ર, તન્ત્ર, કામણ ટુમણ કરે, વળી સેવક મનમાં એવો વિચાર કરે જે મારા શેઠની વા ઉપરીની પાસે મારો દુશ્મન અમુક ચાડી ખાશે, અને મને નોકરીમાંથી બાતલ કરાવશે તો તેથી હું શું કરીશ માટે દુશ્મનોનો ઉપાય ચિંતવે તે વખતે દુશ્મનોના નાશ માટે મંત્ર, તંત્ર, મારણ, મૂઠ, ચોટ, ઉચ્ચાટન, વગેરે કરે, અને શેઠના ઉપર વશીકરણ કરે, દુશ્મનો ઉપર જૂઠાં કલંક કરે, મુકે. બલીદાન દેવા વાસ્તે ત્રસ જીવને મારે, મારા અમુક દુશ્મનનો નાશ થશે તો હે યક્ષ ! દેવી ! અમુક માનતા તમને ચઢાવીશ; તથા બલિદાન દેવા વાસ્તે ત્રસજીવોને મારે, વળી મૂઠ મારે, તથા વીર નાંખી મારવા ચાહે, પરંતુ મૂર્ખ મનમાં વિચારે નહીં કે જો તું સાચો છે તો દુશ્મનો શું કરવાના છે, વળી જ્યાં સુધી સામાનું પુણ્ય બળવાન્ છે ત્યાં સુધી મારણ, મંત્ર, તંત્રથી કંઈ થવાનું નથી, વળી મનમાં એવો વિચાર કરે કે મારા દુશ્મનના કૂળમાં અમુક માણસ જોરાવર આગળ થશે, તે મને તથા મારા કુટુંબને રખે હેરાન કરે એમ ધારી તેના નાશના ઉપાયો ચિંતવે. જો એની રાજ્ય દરબારમાં આબરૂ જાય વા દંડ થાય તો બહુ સારૂ, એ સારી પાયરી ઉપર ન આવે તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બહુ સારૂ થાય, એમ વિચારે વળી તે મારા દુશ્મનનું જો કોઈ છિદ્ર હાથમાં આવે તો દેશ નિકાલ કરાવું. આ પ્રમાણે મૂર્ખ, અજ્ઞ, ફોગટ સંકલ્પ વિકલ્પ કર્યા કરે, વળી મનમાં વિચારે જે ગામમાં ચોરનો ઉપદ્રવ ઘણો થાય છે તે દુષ્ટો પકડાય અને તેને મોટી સખ્ત શિક્ષા થાય તો બહુજ સારૂ. વળી પ્લેગનો રોગ ચાલતો હોય ત્યારે વિચારે જે ઉંદરોના મરણથી આ રોગ ફેલાય છે માટે આટલા ઉંદર કેમ ઉત્પન્ન થયા, એનો નાશ થાય તો આવા રોગો અટકે એમ ચિંતવે તથા વિચારે જે ઉંદરો ખેતીને હરકત કરે છે માટે એનો નાશ થાય તો બહુ સારૂ, કેટલાક રાજા વગેરે તો તેનો નાશ સારૂ માણસોને મારવા મોકલે છે. કેટલાક એવી જાતની દવા બનાવે છે કે તેથી તે ઉંદરોનો નાશ થાય, આમ કરવાથી ઉલટું પાપકર્મની શાંતિ નહીં થતાં તીવ્ર પાપથી દુષ્કાળ પડે છે. ઉલટા પ્રાણીયો દુઃખીજ થાય છે, વળી અમુક માણસ આજ કાલ બહુ ફાટી ગયો છે. મારી ઉપર અદેખાઈ કરે છે માટે તે હરામખોરનો કાંઇ ઉપાય કરવો જોઈએ. જેથી ફરી અદેખાઇ કરવી ભૂલી જાય. એમ વિચારવાથી પાપકર્મ બંધાય છે. કારણકે અશુભ ચિંતવનથી સામાનું કંઈ બગડતું નથી, જે કંઈ સારૂ ખોટું થાય છે. તે પુણ્ય અને પાપના અનુસારે થાય છે. તેમ છતાં હે મૂઢાત્મા! કેમ ખરાબ ચિંતવન કરે છે ? ખરાબ ચિંતવનથી ચાર ગતિમાં ભ્રમણ થાય છે. અનેક પ્રકારના અવતાર ધારણ કરવા પડે છે. પૃથ્વી ઉપર ઘણાં તીડ ઉત્પન્ન થયાથી ચિંતવે છે જે એ તીડ અનાજ ખાઇ જશે માટે એનો નાશ થઇ જાય તો સારૂ. વળી દુકાનોમાં ઘણા દાણા ભરેલા દેખીને વિચારે જે જો દુકાળ પડે તો મને બહુ સારો લાભ મળે, એવું ચિંતવન કરે, દુશ્મનોની ચડતી દેખી વિચારે જે હાય હાય એ આટલી સંપદા ભોગવે છે, એની સંપદા નાશ થાય તો મારૂં ધાર્યું સફલ થાય—ઈત્યાદિ વિચાર દુર્ગતિના કારણ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩ હવે રોગ ચિંતા આર્તધ્યાન નામનો ત્રીજો પાયો કહે છે-મારા શરીરમાં કોઈ કોઇ વખત અમુક અમુક રોગ ઉત્પન્ન થાય છે તે નહીં થાય તો સારૂ. એવો વિચાર લાવી વૈદ્ય ડૉકટરને પુછે કે, અમુક રોગ ઉપર કયો ઉપાય કરવો? ત્યારે વૈદ્ય—ડૉકટર કહે કે અમુક અમુક ધાતુ તથા અમુક દવા વાપરમાં આવે તો તે રોગ થતો નથી. જે સાંભળી તે વસ્તુઓ, મદ્ય, માંસ, મધ, આદુ, લસણ, ડુંગળી, માછલીનું તેલ, ઇત્યાદિ હોય તોપણ પાપનો વિચાર કર્યા વિના ભક્ષણ કરે. વળી જ્યારે શરીરમાં રોગ થયો હોય ત્યારે બહુ હાય હાય કરે, અરે મને આ દુઃખ સહન થતું નથી. અરે માતા પિતા વૈદ્ય ડૉકટ-રને બોલાવો, અને મૃત્યુના ભયથી રક્ષણ કરો, રોગ થયે છતે અનેક જાતના સંકલ્પ વિકલ્પ કરે, હાય! હાય! આ રોગમાંથી હવે શીરીતે જીવીશ, અમુકને આવો રોગ થયો હતો તેથી મરી ગયો. અરે રખેને હું હવે મરી જાઉં ઇત્યાદિ વિચાર કરે—અગ્રશૌચ નામના આર્તધ્યાનના પાયામાં ચિંતવે કે ભવિષ્યમાં પાપારંભનાં અમુક કાર્યો કરીશ ભવિષ્યમાં અમુક વૈરિઓનો નાશ થશે, ભવિષ્યમાં મારા પુત્રો કમાતા થશે ત્યારે-આપણે નાત જાતિમાં મોટા કહેવાઇશું-અને અમુક કાર્ય સાધી શકીશું. અમુક વેપારમાં મને લાભ થશે તો મારી માતાની નાત જમાડીશ, આગળ ઉપર હું સારી રીતે કમા-ઇશ તો મને કન્યા મળશે-અને તેને છોકરાં થશે તેને—અમુક અમુક વેપારમાં હોશીયાર કરીશ અને સારે ઠેકાણે પરણાવીશ આ પ્રમાણે ફોગટ વિચાર કરે, જો કે આવતી કાલની માલુમ નથી માથે મૃત્યુનો ભય ગાજે છે. જરા રાક્ષસી સામું જોઈ રહી છે. રોગરૂપી શત્રુના હુમલા વારંવાર થયા કરે છે તો કોણ જાણે આવતી કલે શું થશે? માટે એવા નકામા વિચાર કરી કર્મ બાં-ધવાં નહીં. વિચાર કરતાં તો સહેલ છે પણ તે થકી જે પાપ બંધાય છે તે ભોગવવું મુશકેલ છે માટે ભવ્ય જીવોએ એવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિચાર વર્જવા. આર્ત્તધ્યાનથી તીર્યંચ ગતિમાં જવું પડેછે એ ધ્યાન છઠ્ઠા ગુણ ઠાણા સુધી હોય છે-કારણ કે છઠ્ઠું ગુણઠાણું પ્રમાદ સંયુક્ત છે તીહાં સુધી મુનિમહારાજને પણ એવા વિચારો આવે જે-અરે હું ગુરૂ વિનાનો એકલો ક્યાં જઈશ-ગુરૂ વિચારે જે મારા શિષ્યની શી ગતિ થશે-હાસ્ય-રતિ-અરતિ થાય, શોક થાય-એક સાધુ બીજા સાધુને કહે કે-તમે તો હીણાચારી છો એમ બોલતાં કલેશ થવાથી વિચિત્ર પ્રકારના સંકલ્પ વિકલ્પ મનમાં આવે, પરસ્પર નિંદા કરવા મંડી જાય-તેથી કર્મબંધ થાય, અને જૈન સાશનની લઘુતા થાય-લોકો ધર્મ પામે નહીં. માન પૂજાની અભિરૂચીથી પણ-બીજાના કરતાં પોતાની મોટાઈ દેખાડવા અનેક પ્રકારના વિચાર કરે કે અમુકના કરતાં હું ક્યારે વધારે મનાઈશ. પુજાઈશ એવું ધ્યાન દુર્ગતિનું કારણ છે. માટે મોક્ષભિલાષીઓએ ત્યાગ કરવું. કારણ કે અનંતો કાળચક્ર, ચાર ગતિમાં ભટકતાં થયો અને હવે સારી સામગ્રી પામ્યાં છતાં પરપુદ્ગલની વાંછાના વિચારો જો કરીશું તો પાછા નરક નિગોદમાં દુઃખ ભોગવવાં પડશે. વારંવાર મનુષ્ય જન્મ અને વીતરાગ ધર્મની પ્રાપ્તિ થવી દુર્લભ છે-પૂજા પ્રતિષ્ઠા નિંદા સ્તુતિ એ કંઈ મારો ધર્મ નથી. ચેતન તારૂં સ્વરૂપ-પુદ્ગલ ભાવથી ન્યારૂં છે-તો પછી શા કારણથી તે સંબંધી વિચાર કરે છે, અને શોક કરે છે. એમ શુભ ધ્યાને ચઢવાનો ખપ કરવો તે હિતકારક છે એમ જાણી આર્તધ્યાન ત્યાગ કરવું તે શ્રેય છે.

**૨ હવે બીજા રૌદ્રધ્યાનનું સ્વરૂપ કહે છે.**

તેના ચાર પાયા છેઃ ૧ હિંસાનુબંધી રૌદ્રધ્યાન ૨ મૃષાનુબંધી રૌદ્રધ્યાન ૩ સ્તેયાનુબંધી રૌદ્રધ્યાન ૪ ચોથું પરિગ્રહાનુબંધી રૌદ્રધ્યાન એ ચાર પાયા છે.

હવે ૧ હિંસાનુબંધી રૌદ્રધ્યાનનું સ્વરૂપ કહે છે—પૃથ્વીકાય, તેઉકાય, અપકાય, વાયુકાય, વનસ્પતિકાય જીવોની હિંસા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરીને મનમાં બહુ આનંદ માને. તથા કીડી, મંકોડો, માખી, ભમરી, વીંછી; બકરાં, તથા માછલાંની હિંસા કરીને આનંદ માને તથા વાઘને મારીને વિચારે જે અહો મેં કેવા જબરાને ગોળીએ વા એક તરવારના ઘાએ મારી નાંખ્યો, વળી બંદુકની એક ગોળીએ કરીને પંખીને મારીને મનમાં આનંદ માને કે અહો મેં કેવી કળા કરી માર્યું ?!! લડાઇમાં હજારો જીવોના પ્રાણનો નાશ કરી હર્ષાયમાન થાય, મૃગ મારી હર્ષાયમાન થાય બહુ પાપયુક્ત કામો કરી વાડી, ઘર, દુકાન પ્રમુખ બનાવે; જલચર જીવોને મારી તેનાં માંસથી તૃપ્તિ માને, રસોઈ કરી અનેક પ્રકારના શાક બનાવી ખાઈ આનંદ માને, રસોઇને વખાણી અગર કવખોડીને ખાય, જીવ હિંસા થતી દેખીને ખુશી થાય તથા સંગ્રામ થતો દેખીને વખાણ કરે અહો ભાઈ તમોએ એક તરવારના ઘાએ આટલા વીર પુરૂષોને મારી નાંખ્યા, તમારૂં બળ અર્જુનના જેવું છે તમારી છાતી તો લડવામાં ભીમસેનના જેવી છે, તમો યુદ્ધમાં શત્રુનો નાશ કરવામાં બાકી મૂકતા નથી, તથા લડાઇ કરનાર પુરૂષોને શૂર ચઢે તેવા કડવા તથા છંદો બીરૂદાવલી બોલી શૂર ચઢાવે અનેક લડાઈ કરવાના શસ્ત્ર કરાવી આપે. જમણવારના દિવસ પ્રસંગે તીવ્ર માનના ઉદયથી પોતાની વાહવાહ કહેવરાવવાના વાસ્તે અનેક આરંભના કામ કરે-યંત્ર પીલ્લણ; દવદેવા તળાવ ફોડાવવાના, વિષના, ઝાડો કપાવવાના, હાથીઓના દાંતના આદિ વેપાર કરે-તથા કુંભારના ખેતીના વેપાર કે જેમાં ઘણાં ત્રસ જીવોનો સત્યાનાશ નીકળી જાયછે-એવો વેપાર કરે દુશ્મનોને મારી મનમાં ઘણો આનંદ માને અને મુછ મરડી બીજા આગળ કહેતો ફરે કે જુઓ મારા શત્રુના મેં કેવા હવાલ કર્યા ?!! બીજા કોઇ જીવોનું માઠું થાય તેમાં આનંદ માને.

પાંચ પાંડવો અને કૌરવોએ લડાઈ કરી તેમાં ઘણાં જીવો માર્યા ગયાં બીજાનું ખરાબ કરવા શકુની દુર્યોધન વિગેરેએ બાકી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાખી નથી તે વખતે જીવોએ રૌદ્રધ્યાન ધ્યાવી મહા અશુભ ગતિ ઉપાર્જન કરી હશે માટે એવા દુર્ધ્યાનથી દૂર રહેવું શ્રેષ્ઠ છે.

**હવે બીજું મૃષાનુબંધી રૌદ્રધ્યાન કહે છે.**

જાુઠું બોલી છળ કપટ કરી મનમાં બહુજ ખુશી થાય તથા બીજાઓ પાસે જાુઠું ભાષણ કરાવી આનંદ માને તથા જાુઠું બોલનારને વખાણે કે ભાઇ તારા જેવો જાુઠું બોલનાર કોઈ નથી કે બીજાને જાુઠાપણાની માલુમ પડે નહીં-અને પોતાનું કામ સાધે, તથા મનમાં વળી વિચારે કે મેં એવી યુક્તિસર વાત બનાવીને કહીછે કે- કોઇની તાકાત નથી કે મારા પ્રપંચને સમજી શકે. મિત્રકપટ બાજીપણું એ એક જુદી શક્તિ છે! આજ કાલ મારી સાથે કોઇ પણ માણસ, પ્રપંચની બાજીમાં ફાવી શકે તેમ નથી. વળી જાુઠું બોલી બીજાને છેતરવું તે પણ કરામત છે-એવા ઘુંચના પ્રસંગે જો હું ન હોતતો શું પરિણામ આવત તેની અત્યારે શીવાત. વળી પ્રાણી અનેક પ્રકારના ખોટા દસ્તાવેજ કરી ઉલટ સુલટ કરી તથા વિશ્વાસઘાતના કામો કરી મનમાં ઘણો ખુશી થાય. વળી રાજ્ય દરબારમાં તથા બીજાઓ પાસે શત્રુઓની ચાડી-નિંદા કરી મનમાં હર્ષ પામે તથા અન્યોઅન્ય ખોટા વિવાદ ચલાવે તથા મિથ્યાત્વનાં વચન ઉચ્ચારણ કરે-તથા કપટ સહીત ભાષણ કરે. તથા કચેરીમાં ખોટી શાક્ષીઓ પુરી કેશ જીતાવી વિચારે જે મેં કેવો તેને જીતાડ્યો છે વળી દાણ ચોરી સંબંધી જાુઠું વચન બોલી આનંદ પામે કે મેં કેવી ચતુરાઇ કેળવી કે દાણીદારને છેતર્યા તથા પાંચ પ્રકારનાં મોટાં અસત્ય વચન બોલી કાર્ય સાધી આનંદ માને, એકની જાુઠી વાત બીજાને કહે અને બીજાની જાુઠી વાત સામાને કહે-અને માંહો માંહે લડાઈ કરાવી ખુશી થાય કે જો મેં કેવી બહાદુરી કરી કે સામ સામા મારંમારા કરાવી સરકાર દરબાર મોકલ્યા-મારા જેવો જાુઠું બોલી ઠગનાર કોઇ નથી. અમુક ઘરાકને જાુઠું બોલી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઠગી મનમાં આનંદ માને. ઇત્યાદિ મૃષાનુબંધી રૌદ્રધ્યાન છે.

આવા વખતે જુઠું બોલતાં પ્રાણી વિચાર કરતો નથી. પરભવમાં જુઠું બોલવાથી જીભ પામવી પણ મુશ્કેલ થશે અને મુંગાપણું પ્રાપ્ત થશે. નરકના દુઃખો ભોગવવાં પડશે, તે વખતે આક્રંદ કર્યા કરશે તેની જીભ પરમાધામી દેવતાઓ તાણી નાંખશે. મહા રૌરવ દુઃખ ભોગવવાં પડશે માટે ભવ્ય પ્રાણીઓએ એ ધ્યાન થકી દૂર રહેવું.

### હવે ત્રીજું સ્તેયાનુબંધી રૌદ્રધ્યાન કહે છે.

અનેક પ્રકારના છળકપટ, દગાબાજી, પ્રપંચ, વિશ્વાસઘાત કરી ભદ્રક જીવોની બહુ મુલ્યવાળી વસ્તુ થોડી કિંમત આપી લેઇ લે, અને મનમાં ખુશી થાય. વળી ચોરી, રસ્તાની લુંટ, તાળાં ભાંગવાં, ખાતર પાડવું, ત્રીજોરી લુંટવી ઇત્યાદિ કામો કરી પરધન મેળવી મનમાં ખુશી થાય. તેવા ચોર લુંટારા ગંઠીયા પાસેથી મિલકત લેવામાં અને તેમને મદદ કરવામાં બહુજ હિંમતથી પ્રવર્તે, અને લાભ મેળવી આનંદ માને. પોતે વેપારી હોય અને ઘરાક વસ્તુ ખરીદવા આવ્યા હોય, તેવે પ્રસંગે વિશ્વાસ બેસાડી નમુનો કાંઇક બતાવી માલ અન્ય તરેહનો આપે અને પોતાને સોદો કરવામાં કરામત વાળો માને. ભરવામાં, તોળવામાં ઓછું આપવાની દાનત રાખે, વસ્તુની કિંમત ઠરાવતી વેળાએ જે ભાવ કહ્યો હોય તેનાથી જાસ્તી લખે, ઘી, ખાંડ, રૂ, તેલ પ્રમુખ માલ વેચવામાં સેળભેળ કરી લેનારને છેતરી મનમાં આનંદ પામે. નોકરીનો ધંધો કરતો છતો ઉઘરાણી લાવી ખાઈ જાય તથા અમલદારની જગ્યા મળી હોય તે વખતે લોકો પાસેથી લાંચ વગેરે લેઈ પોતાનું ખીસું ભરી હર્ષવંત થાય, ઉઘરાણી ઉઘરાવી પોતે ખાઇ જાય, નોકર હોય તો પોતાના શેઠને છળ કપટ કરી છેતરે અને પૈસા ખાઇ રાજી થાય. દગાબાજીથી ભોળા લોકોને છેતરે, પૈસા ભેગા કરી મનમાં વિચારે, જે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મારા જેવો અકલબાજ કોણ છે? ચોરી કરી મનમાં એવો ખુશી થાય કે મારા જેવો ચતુર કોણ છે, અને મારા જેવી શકિત કોનામાં છે. પૈસો ભેગો કરવો તેમાં તો કુડકપટ કરવું સારૂં છે. અમુકને આજ માલ આપવામાં ઘણો પ્રપંચ કરીને અમુક કિંમત મેળવી તે શું હુશીયારી વિના બને છે. જુઠા દસ્તાવેજ બનાવી લોકો ઉપર ન્યાયની અદાલતોમાં દાવા કરી ફતેહ મેળવી ધન અન્યાયથી ઉપાર્જન કરી પોતાને ઋદ્ધિ વાળો દેખી ઘણો આનંદ માને. ન્યાયના અધિકારીઓને ધોળે દિવસે છેતર્યા તેથી મારા જેવો કોણ ચાલાક છે. આગગાડીના ડબામાં ઉંઘી ગએલા માણસોનું ધન ચોરી લઈ ખુશી થાય. કોઈની ગાંઠ છોડી લે.

ઇત્યાદિક કામ કરવાથી આ ભવમાં અને પરભવમાં ઘણું દુઃખ થાય છે આ ભવમાં રાજા જાણે તો કેદમાં નાંખે, દંડ કરે, આબરૂ જાય, લોક તેનો વિશ્વાસ કરે નહીં, કોઇ પાસે તેને ઉભો રહેવા દે નહીં તથા પરભવમાં ઉંટ, બિલાડાં, ઘુઅડ, શ્રીના અવતાર માછલાના અવતાર પામે, સિંહ, વાઘ, શ્વાન, ગોધાના અવતાર પામે, અને ટાઢ તરસ છેદન ભેદન તાડન તર્જના વિગેરે દુઃખ પામે, નરકમાં ઉત્પન્ન થયે છતે પરમાધામીઓ વિવિધ પ્રકારની વેદના કરે. મહા રૌરવ દુઃખ ભોગવવાં પડે, વળી પાછો મનુષ્ય જન્મ પામવો દુર્લભ થાય, માટે ભવ્ય પ્રાણીયોએ ત્રીજું સ્તેયાનુબંધી રૌદ્રધ્યાનનો ત્યાગ કરવો એ સારૂં છે.

**હવે ચોથું પરિગ્રહાનુબંધી રૌદ્રધ્યાન કહે છે.**

ધન, ધાન્ય, ખેત્ર, વાસ્તુ, રૂપ, સુવર્ણાદિ પરિગ્રહ બહુજ વધારી મનમાં ખુશી થાય; લોભનો થોભ નથી એવો વિચાર નિરંતર આળસુઓ કરે છે શકિત હીન કરે છે પરંતુ પોતે મનમાં વિચારે કે પૈસો ધન, દોલત, એજ જગતમાં સાર છે. વસુ વિના નર પશુ છે. કહ્યું છે કે—

**यस्यास्ति वित्तं स नरः कुलीनः ।**
**स पंडितः स श्रुतिमान् गुणज्ञः ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



स एव वक्ता स च दर्शनीयः
सर्वे गुणाः काञ्चनमाश्रयन्ते ॥ १ ॥

ભાવાર્થ—જેની પાસે પૈસા છે તેજ માણસ કુળવાન્ જાણવો. અને તેજ પંડિત જાણવોઃ અને શ્રુતિમાન્ તેજ જાણવો; અને તેજ ગુણવાન્ જાણવો અને તેજ વકતા જાણવો; મતલબ કે સર્વે ગુણો સોનાનો આશ્રય કરી રહ્યા છે માટે ધન મેળવવું તે ઘણી કઠીન વાત છે.

પરિગ્રહથી કુંટુંબમાં માન મળે છે પૈસાથી સગા વહાલાં માન આપે છે લોકો પૈસાવાળાને આગળ બેસાડે છે, માટે ધન તેજ જગતમાં સાર છે પરિગ્રહની મમતા ઓછી નહીં કરતાં વધારવાની ચિંતા કર્યા કરે, વળી મનમાં વિચારે જે દ્રવ્ય મેળવવું તેમાં તો તાકાત છે પણ મેળવીને સાચવી રાખવું તેમાં તો ઘણી તાકાત જોઈએ છીએ. મેં કરામત અજમાવી ન હોત તો આ પૈસા જળવાવવા મુશ્કેલ હતા, વળી મનમાં વિચારે જે-ધર્મ-દાન-પુણ્ય-નવકારશી ઇત્યાદિક કામોમાં પૈસા ખરચવા તેનું ફળ પ્રત્યક્ષ કોણે દીઠું છે; ધર્મ ધુતારા-જોગી સન્યાસી-બ્રાહ્મણ-જતીયોએ અખાડા માંડી લોકોને લુંટવાના રસ્તા માંડ્યા છે-જેઓ તેઓની જાળમાં ફસાઈ જાય છે-તેઓ અક્કલહીન હોય છે-પોતે ચમડી ત્રુટે પણ દમડી ન છુટે તેવી મનોવૃતિ રાખી ખુશ થાય છે.

પૈસો પેદા કરવાને માટે મોટાં મોટાં પાપારંભનાં કામ કરે, લોકવિરૂધ્ધ, રાજ્ય વિરૂધ્ધ, કુળવિરૂધ્ધ, ધર્મવિરૂધ્ધ, પૈસા કમાઈ તેને જાળવી રાખી મનમાં પોતાની બડાઈ માને. વળી મનમાં વિચારે જે મેં એકલાએજ આ ધન મેળવ્યું છે, હું પૈસા સાચવી નહીં રાખીશ તો આ સર્વેના ભુંડા હાલ થશે; વળી મનમાં વિચારે જે આ સર્વે કુટુંબ મારા નસીબે ખાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પીવે છે એમ પોતાના નસીબને સારૂ માની અભિમાન કરે, કદાચ કર્મના ઉદયે કોઈ આસામી નરમ પડવાથી રકમ ઘલાય તો મનમાં ઘણો પશ્ચાત્તાપ કરે, તમામ લોકોનાં નળીયાં ગણે-રાત દિવસ ધન નષ્ટ થવાની ધાસ્તી રાખી સુખે કરી સુવે નહીં, ઘર દુકાન પેઢી ત્રીજોરીના તાળાં વારંવાર ઢંઢોળ્યા કરે. સગા પુત્ર કે ભાઇનો પણ જરામાત્ર વિશ્વાસ કરે નહીં. ધવળશેઠની પેઠે ધન કમાવવામાંજ ચિંતા કર્યા કરે, મમ્મણ શેઠની પેઠે પરિગ્રહ રક્ષણ કરવામાં ઘણોજ પ્રયત્ન કરે બીજાઓને કુબુદ્ધિ આપે, વળી પરિગ્રહ ભુમી મધ્યે દાટે તથા બીજે અનેક સ્થાને ગોપવે. વળી મનમાં વિચાર કરે કે રખે મારૂં ગોપેલું ધન કોઇએ દીઠું તો નથી. પરિગ્રહ રક્ષણ કરવા વાસ્તે ચાકર નોકર સિરબંધી રાખે. અન્યને નરમ જાણી તેના ઉપર દાવો કરે અને તેના ઘરનો માલ સર્વે વેચાવી પૈસા વસુલ કરે ઇત્યાદિ પરિગ્રહાનુબંધી રૌદ્રધ્યાન છે.

આ ધ્યાનથી નરક, તીર્યંચની ગતિ પ્રાપ્ત થાય છે જુઓ પરિગ્રહની મમતા ધરી સુભૂમ ચક્રવર્તિ સમુદ્રમાં બુડ્યો અને નરકમાં ગયો; વળી મમ્મણ શેઠ લોભી અંતે મરી માઠી ગતિમાં ગયો. ચેતન વિચારતો નથી કે મૃત્યુ થયા પછી આ પૈસો સાથે આવવાનો નથી, પૈસો કમાવવામાં જેટલું કર્મ બાંધે છે-તે ભોગવ્યા વિના તારો છુટકો થવાનો નથી, જે ધન તું એકઠું કરે છે તે સર્વે જણ ખાશે પણ તેનું જે પાપ થયું હોય તે તો તારે એકલાને ભોગવવું પડશે-નંદરાજાની સોનાની ડુંગરીઓ સમુદ્રમાં રહી પણ નંદની સાથે બીજી ગતિમાં ગઈ નહીં એ ધન કોઇનું થયું નથી અને થવાનું નથી, એ ધનના ભોગવનાર અનંતા ગયા અને જશે પણ ધન કોઈની સાથે જવાનું નથી. વળી મરતી વખતે ધન ઉપર મમતા રહી જાયતો દુર્ગતિ થાયછે. ધન કમાયા બાદ તેને સાચવવાની ચિંતા રહે છે, વળી તેને વાપરવાની ચિંતા રહે છે, પણ તેથી વસ્તુતઃ કંઈ સુખ ભાસતું નથી. માટે ભવ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાણીઓએ પરિગ્રહાનુબંધી રૌદ્રધ્યાનને હૃદયમાં વસવાનો માર્ગ આપવો નહીં એજ સાર છે.

એ ચાર પાયા કરે કરાવે અને કરતાને અનુમોદે અને તેને વિષે સ્થીર વિચાર તે રૌદ્રધ્યાન જાણવું. તે મહા દુઃખકારી છે. નરકની ગતિ આપનારૂં છે. એ ધ્યાન પાંચમા ગુણ ઠાણા સુધી હોય-છે અને તે કષાયના સત્વપણાથી છઠ્ઠા ગુણઠાણે પણ તેનો સંભવ છે. એ ધ્યાનમાં કૃષ્ણ લેશ્યા, કાપોતલેશ્યા, નીલલેશ્યા એ ત્રણ સંભવે છે. એ લેશ્યાવાળાના પરિણામ અતિ સંકિલષ્ટ હોય. એટલે મહા ક્રૂર દુષ્ટ પરિણામી હોય. એ લેશ્યા ઘણા દોષોનું કારણ છે. નાના જીવોને એ લેશ્યાની પ્રવૃત્તિએ કરી પાપ કામમાં ખુશબખ્તીપણું હોય નિર્દયપણું હોય, પશ્ચાત્તાપ હોય નહીં. પરંતુ ભુંડું થવાથી ખુશીપણું માને એ સર્વે લક્ષણ રૌદ્રધ્યાંનનાં જાણવાં.

આર્તધ્યાન રૌદ્રધ્યાન એ બે ધ્યાન મહા અશુભ છે. એ બે ધ્યાનમાં પ્રવર્તનાર જીવ ચાર ગતિ રૂપ સંસારમાં પરિભ્રમણ કર્યા કરે છે. અને અનેક પ્રકારના દુઃખ પામેછે. એનો રસ મહા કડવો જાણવો. એ બે ધ્યાનથી ભવ્યજીવો એ દુર રહેવું એ બે ધ્યાન રૂપી મોટા શત્રુ આત્માના છે. અનંત શકિતમય આત્માને એ બે શત્રુ અત્યંત દુઃખ દે છે. અનાદિ કાળનાં એ આત્માને લાગેલાં છે. માટે એ બે શત્રુને દૂર કરશે તેને ધન્ય છે.

**હવે ત્રીજું ધર્મધ્યાન કહે છે.**

તેના ચાર પાયા કહે છે. ૧ **આજ્ઞાવિચય, ૨ અપાયવિચય, ૩ વિપાકવિચય, ૪ સંસ્થાનવિચય.**

૧ પહેલાં આજ્ઞાવિચય નામના પાયાનું સ્વરૂપ કહે છે. આજ્ઞા વિચય એટલે—વીતરાગ દેવની આજ્ઞા સાચી કરવી સદ્દહે; એટલે ભગવંતે છ દ્રવ્યનું સ્વરૂપ નય પ્રમાણે નિક્ષેપા સહીત, સિદ્ધ સ્વરૂપ, નિગોદસ્વરૂપ, લોક સ્વરૂપ જેમ કહ્યું છે તેમ સદ્દહે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે આજ્ઞા પ્રમાણે યથાર્થ ઉપયોગ ભાસન થયો તેને હર્ષ કરી તે ઉપયોગ મધ્યે નિરધાર ભાસન રમણ અનુભવતા એકતા તન્મયપણે રહે એ આજ્ઞા વિચય ધર્મધ્યાન જાણવું.

વીતરાગ ભગવંતે વ્યવહાર માર્ગ જે જે પ્રરૂપ્યો છે, તથા નિશ્ચય માર્ગ પ્રરૂપ્યો છે, તે બેને સત્ય કરી માને પણ બેમાંથી એકને પણ ઉત્થાપે નહીં; કહ્યું છે કે—**आणाए धम्मो** આજ્ઞા વિના જેટલી કરણી કરવી તેટલી અલેખે થાય છે. જુઓ જમાલીએ ઉત્કૃષ્ટ ચારિત્ર પાળ્યું પણ વીતરાગની આજ્ઞા વિરૂદ્ધ હોવાથી સંસારમાં રખડવું પડશે. વળી તીર્થંકર ભગવંતે ચાર પ્રકારે નિક્ષેપાનું સ્વરૂપ કહ્યું છે. તે યથાતથ્ય કરી જાણે. વીતરાગની આજ્ઞા ખંડન કરવાથી નિન્હવપણું પ્રાપ્ત થાય છે. છ આવશ્યકની કરણી કરવી તે પણ વીતરાગની આજ્ઞા છે, તથા શ્રાવકના બાર વ્રત તથા સાધુના પંચ મહાવ્રત પણ વીતરાગ ભગવંતે કથન કર્યાં છે. પરમેશ્વરની પ્રતિમા ભરાવવી, દેરાસર કરાવવા, પ્રતિમાની પૂજા કરવી, સાધર્મીવાત્સલ્ય કરવું તે પણ વીતરાગની આજ્ઞા છે. વીતરાગ ભગવંતે સાધુને પંચ મહાવ્રત ધારણ કરવાં કહ્યાં છે તે કહે છે—

**अहिंसा सूनृतास्तेय ब्रह्मचर्या परिग्रहाः ॥**
**पंचभिः पंचभिर्युक्ता भावनाभिर्विमुक्तये— ॥ १ ॥**

૧ અહિંસા વ્રત ૨ સત્ય વચન બોલવું ૩ અસ્તેય ૪ બ્રહ્મચર્ય પાલવું ૫ સર્વ પરિગ્રહના ત્યાગ એ પાંચ મહાવ્રતોમાં એકેક મહાવ્રતની પાંચ પાંચ ભાવના છે

પ્રથમ મહાવ્રતનુ સ્વરૂપ—પૃથ્વીકાય અપ્કાય તેઉકાય વાઉકાય–વનસ્પતિકાય એ પાંચ સ્થાવર,તથા બેરેંદ્રી, તેરેંદ્રી, ચૌરેંદ્રી, પંચેંદ્રિ–આ સર્વ જીવોને પ્રમાદ વશ થઈ મારે નહીં–પ્રમાદને વશ થઈ જીવના પ્રાણનો નાશ કરવો–તેનો જે ત્યાગ તેનું નામ અહિંસા વ્રત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીજા વ્રતનું સ્વરૂપઃ—

प्रियं पथ्यं वचस्तथ्यं, सूनृत व्रतमुच्यते ॥
तत्तथ्यमपिनो तथ्य मप्रियं चाहितं चयत् ॥

ભાવાર્થ-જે વચન સાંભળવાથી બીજા પ્રાણી ખુશી થાય તે વચન પ્રિય કહેવાયછે. તથા જે વચનજીવોનેપથ્યકારી હોય, પરિણામે સુંદર હોય, અર્થાત્ જે વચનથી આગળ જીવને સારૂં થાય, તથા જે વચન સત્ય હોય એવું જે વચન બોલવું તે સૂનૃત વ્રત કહીએ.

ત્રીજા વ્રતનું સ્વરૂપ-માલેકના આપ્યા વિના જે લેવું તેનો જે ત્યાગ તે અસ્તેયવ્રત કહેવાય છે. અદત્તાદાન ચાર પ્રકારનું છે, ૧ સ્વામિ અદત્ત ૨ જીવ અદત્ત ૩ તીર્થંકર અદત્ત ૪ ગુરૂ અદત્ત આ વ્રતમાં આ ચારે પ્રકારનું અદત્ત ગ્રહણ કરવું નહીં.

૪ ચોથા મહાવ્રતનું સ્વરૂપ કહેછે-દેવતાના, મનુષ્યના, તિર્યંચના ઓદારિક તથા વૈક્રિય શરીર સાથે વિષય સેવનકરવું, તેમજ બીજાઓ પાસે સેવન કરાવવું, તથા જે કરે તેને અનુમતિ આપવી, આ છ ભેદ મન થકી, વચન થકી અને કાયા થકી એ રીતે અઢાર પ્રકારથી મૈથુન સેવનનો ત્યાગ તેને બ્રહ્મચર્ય કહે છે.

૫ પાંચમા મહાવ્રતનું સ્વરૂપ કહે છે—ધન ધાન્યાદિ નવનિધ પરિગ્રહનો ત્યાગ તથા પરપુદ્ગલમાં જે મમત્વ ભાવ મૂર્છા-તેનો જે ત્યાગ તે અપરિગ્રહવ્રત કહેવાયછે. જેની પાસે પોતાના શરીર વિના બીજી કંઇ વસ્તુ નથી તેને પણ નિષ્પરિગ્રહપણું છે, એમ કહેવાય નહીં. કારણ કે તેને મમતા-મૂર્છા લાગી રહી છે; તેથી પરિગ્રહવ્રત એમજ જાણવું. જો જ્ઞાનદ્વારા મર્છા ત્યાગ્યા વિના ત્યાગી થવાતું હોય તો કુતરાં, ગધેડાં પણ ત્યાગી થવાં જોઇએ. मूच्छा परिग्गहो वुत्ता મૂર્છા તેજ પરિગ્રહ છે. જે સાધુની પાસે ધર્મ સાધન કર..નાં વસ્ત્ર, પાત્ર આદિ ઉપગરણ છે, પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેની ઉપર જો મમતા નથી તો તે નિષ્પરિગ્રહીછે એમ જાણવું. વસ્ત્ર, પાત્ર, પુસ્તક ધર્મ હેતુભૂત હોવાથી સાધુ મહારાજને વાપરતાં દોષ નથી એમ ભગવંતે કહ્યું છે.

પહેલા વ્રતની પાંચ ભાવના કહે છેઃ—

૧ મનને પાપના કામમાં પ્રવર્તાવે નહીં. તે પહેલી ભાવના.
૨ આહારાદિ ચારે વસ્તુ બેંતાલીશ દોષ રહિત લે તે એષણાસમિતિ.
૩ પાત્ર, દંડ, વસ્ત્ર, પાટીયું આંખે જોઈ પુંજી પ્રમાર્જીને લહે તથા મુકે તે આદાનનિક્ષેપ.

૪ ધુંસરી પ્રમાણ નીચી દ્રષ્ટિએ જોઇને ચાલવું.

૫ સાધુ અન્ન પાણી જે લહે તે પ્રકાશ વાળી જગ્યામાં લહે, અંધકારવાળી જગ્યામાં ન લહે કારણ કે અંધારાવાળી જગ્યામાં એકતો જીવ નજરે પડતા નથી, માટે પ્રકાશવાળી જગ્યામાં આહારપાણી લેવાં.

બીજા વ્રતની પાંચ ભાવના લખેછે.

૧ પરહાસ્યનો ત્યાગ. ૨ લોભનો ત્યાગ કરવો. કારણ કે લોભથી જુઠું બોલવું પડેછે. ૩ ભય ન કરવો. કારણકે ભયવંત પુરૂષ જુઠું બોલેછે. ૪ ક્રોધ કરવાનો ત્યાગ કરવો કારણકે ક્રોધના વશ છતાં બીજાના છતા અછતા દૂષણો બોલી શકાયછે. ૫ વિચાર પૂર્વક બોલવું. એ પાંચ ભાવના.

ત્રીજા મહાવ્રતની પાંચ ભાવના લખેછેઃ—

૧ જે મકાનમાં રહેવું તે મકાનના સ્વામીની આજ્ઞા લઇ રહેવું. ૨ જે જગ્યામાં ઉતર્યા હોય તે જગ્યાના સ્વામીની વારંવાર આજ્ઞા લેવી. ૩ ઉપાશ્રયમાં ભૂમિની મર્યાદા કરવી. ૪ પ્રથમ સમાન ધર્મી સાધુ મકાનમાં ઉતર્યા હોય તો તેની આજ્ઞા લઈ ઉપાશ્રયમાં ઉતરવું. ૫ સાધુ જે કોઇ અન્ન પાન વસ્ત્ર પાત્ર લહે, તે સર્વ ગુરૂની આજ્ઞા મુજબ લહે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચોથા વ્રતની પાંચ ભાવના કહેછે:—

૧ જે ઘરમાં ભીંતને અંતરે દેવી અથવા મનુષ્યની સ્ત્રી વસતી હોય, અથવા સ્ત્રીના ચિત્રામણની મૂર્તિ હોય, અથવા નપુંસક વેદવાળા રહેતા હોય, તથા જે મકાનમાં ગાય, ભેંસ, ઘોડી, બકરી, પ્રમુખ તિર્યંચની સ્ત્રી રાખવામાં આવતી હોય, તેમજ જે મકાનમાં કામ સેવન કરનારી સ્ત્રીના શબ્દ સંભળાતા હોય, તે મકાનમાં સાધુ રહે નહીં. એ પ્રથમ ભાવના.

૨ સાધુ પ્રેમ સહિત સ્ત્રી વા સાધ્વીની પાસે વાર્તાલાપ ન કરે, અથવા રાગવાળી સ્ત્રીની સાથે વાર્તાલાપ ન કરે. એ બીજી ભાવના.

૩ દીક્ષા લીધા પહેલાં ગૃહસ્થાવાસમાં સ્ત્રીની સાથે જે વિષય સેવન પ્રમુખ ક્રીડા કરી હોય તેનું મનમાં કોઈવખત સ્મરણ કરે નહીં. ૪ અવિવેકી મનુષ્યને દેખવાં, તેમજ સ્ત્રીના અંગોપાંગ મુખ, આંખ, સ્તન, જંઘા, હોઠ પ્રમુખ તેને સરાગ દ્રષ્ટિથી જોવાં, તથા વળી આંખ ફાડીને એકી નજરે જોવું ઇત્યાદિ વર્જે. દશ વૈકાલિકસૂત્રમાં કહ્યુંછે કે, "મરેલી સ્ત્રીનું કલેવર પણ સાધુએ નીહાળીને જોવું નહીં," તો જીવતીસ્ત્રીનું શરીરજોવું તેતો મહા દુઃખ દાઈ કેમ ન હોય? સ્ત્રીના અંગોપાંગ સરાગ દ્રષ્ટિથી જુવે નહીં. કથા શ્રૃંગાર કરવો વર્જે.

૫ પ્રણીત, સ્નિગ્ધ, મધુરાદિરસ સંયુક્ત ભોજન તેનો અધિક આહાર કરવો, તથા લુખું ભોજન પણ પેટ ભરીને ખાવું, એ બન્ને પ્રકારના આહારનો ત્યાગ કરે. પુષ્ટ આહાર કરવાથી વીર્યની વૃદ્ધિ થાયછે. બુદ્ધિ મોઠી થાયછે, માટે સારો સ્નિગ્ધ આહાર કરે નહીં ઈત્યાદિ.

હવે પાંચમા વ્રતની પાંચ ભાવના કહેછે:—

સ્પર્શાદિ મનોહર પાંચે વિષયોમાં જે અત્યંત વૃદ્ધિપણું તે વર્જવું. તેમજ અપ્રિય સ્પર્શાદિ પાંચે વિષયોમાં દ્વેષ ન કરવો. એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્વ મળી પાંચ વ્રતની પચ્ચીશ ભાવના કહી. તે પ્રમાણે વર્ત્તવાથી ધર્મ ધ્યાન થાય છે.

તથા વીતરાગ ભગવંતે શ્રાવકનાં બારવ્રત કહ્યાં છે. તેનો વિચાર ધર્મરત્નપ્રકરણ તથા શ્રીમદ્ આત્મારામજી મહારાજ કૃત જૈનતત્ત્વાદર્શમાંથી જોઇ લેવો. નવતત્ત્વનું સ્વરૂપ વીતરાગ ભગવંતે કહેલું છે તે-પ્રમાણે સત્ય કરી માને તથાસૂત્ર, ચૂર્ણિ, ભાષ્ય, નિર્યુક્તિ, ટીકા, વૃત્તિ પરંપર, ગુરૂક્રમથી ચાલતો-આવેલો જે અનુભવ. એ પ્રમાણે સૂત્રના જે જે અંગ કહેલાં છે; તે સત્ય કરી માને તે વિરૂદ્ધ ઉપદેશ આપે નહીં. વીતરાગની આજ્ઞા લોપી, આપમતિએ સ્વછંદી થાય નહીં. વીતરાગની આજ્ઞા પ્રમાણે ચાલવું મહા દુષ્કર છે. જે જે ઉત્સર્ગ અપવાદે વચનો જીનેશ્વરે ભાખ્યાં છે, તે ભવ્ય પ્રાણીઓના હિત સારૂ ભાખ્યાં છે. માટે ઉત્સર્ગ માર્ગને લોપી અપવાદે ચાલવું નહીં અને કારણ-સર અપવાદનું સેવન કરવું એજ પ્રભુની આજ્ઞાછે. વ્યવહાર માર્ગને લોપી નિશ્ચયને પામવા જે પુરૂષો યત્ન કરે છે, તે માતાનો ત્યાગ કરી વાંઝણીને ધાવવા જેવું કરે છે. તથા ક્રિયા-પૂજા પડીક્કમણુ,પોસહ, તીર્થયાત્રા, પડિલેહણ વગેરે ક્રિયામાર્ગ મુકી જે એકાન્ત નિશ્ચયમાર્ગને પકડે છે તે ઉભયથકી ભ્રષ્ટ થાય છે. અને વીતરાગની આજ્ઞા ખંડનકરેછે કોઈ માનમાં આવી ઉત્સૂત્ર ભાષણ કરેછે, અને નવાં નવાં મનો-કલ્પિત વચનો ઉચ્ચારે છે, તે પણ વીતરાગ આજ્ઞા વિરૂદ્ધ જાણવું. વીતરાગ ભગવંતે **ज्ञान क्रियाभ्यांमोक्षः** એટલે જ્ઞાન અને ક્રિયા એ બે વડે મોક્ષ કહ્યું છે, તે માને નહીં તે પણ આજ્ઞા વિરૂદ્ધ જાણવો. તથા વિચારે જે આપ સ્વભાવમાં રમવું અને રાગદ્વેષની પરિણુતિ દૂર નિવારવી તેથી મોક્ષ થાયછે, તો ફોગટ પડિક્કમણુ, પડિલેહણ કેમ કરવું ! એમ જે માને છે,તે પોતાનું આત્મહિત કરી શકતા નથી. વ્યવહાર નયની મુખ્યતા રાખી, નિશ્ચય દ્રષ્ટિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હૃદયમાં ધારણ કરી જે ભવ્યપ્રાણીઓ ચાલશે તે ભવ સમુદ્રનો પાર પામશે. ગુણસ્થાનકક્રમારોહ નામના ગ્રંથમાં કહ્યું છે કેઃ—

ગાથા——

जइ जिणमयं पवज्जह, तामावबहार निथ्थए मुयह,
ववहारनओ छेए-तिथ्थुच्छेओ जओ भणिओ ॥ १ ॥

ભાવાર્થ—જો જીનેશ્વર કથિતમતને અંગીકાર કરતા હો તેમજ જૈન મતના સાધુ થતા હો તો, વ્યવહાર અને નિશ્ચયનો ત્યાગ કરશો નહીં. જો વ્યવહારનયનો ઉચ્છેદ કરશો તો તીર્થનો ઉચ્છેદ થઇ જશે. આ ઉપર દ્રષ્ટાંત છે જેમકે, કોઇ પુરૂષ નિરંતર પોતાના ઘરમાં બાજરીની રોટી ખાય છે, કોઇ દિવસે કોઇ ગ્રહસ્થે તેને પોતાને ઘેર બાસુદી પુરી, દૂધપાક, લાડુ વિગેરે ભોજન કરાવ્યું. હવે તે પુરૂષ પોતાના ઘરમાં કરેલા બાજરાના રોટલા પૂર્વના મિષ્ટાન્નના સ્વાદને સંભારી ખાતો નથી, મિષ્ટાન્ન મળતું નથી. તેમ સમાધિરૂપ ધ્યાનામૃતનો યતકિંચિત સ્વાદ અનુભવી, પડિક્કમણુ, પડિલેહણુ, પ્રમુખ ક્રિયા બાજરાના રોટલા સમાન જાણી તેના ઉપર અરૂચિ કરે છે, તે જીવ, ઉભયથી ભ્રષ્ટ થાય છે. પંચમ કાલમાં નિરાલંબન શુકલ ધ્યાનનો મનોરથ માત્ર મહંત મુનિઓએ કરેલો છે. શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય વગેરે તેમજ હાલમાં સાધુ ધર્મધ્યાનમાં પ્રવર્તેલા એવા જોવામાં આવતા નથી માટે સાધુપણું હાલ નથી એમ કોઇ માને, અને કહે કે વીતરાગની આજ્ઞા પ્રમાણે માર્ગાનુસારીના લક્ષણો તો હજુ પ્રાપ્ત થયા નથી તો પછી વેષ પહેરવાથી શીરીતે ગુણઠાણું આવે, એમ જે કહે છે તે જીવો પણ અજ્ઞાની અપૂર્ણ છે. ઉત્સર્ગ અપવાદના અજાણ છે. વીતરાગ આગમના અજાણ જાણવા. કારણ કે શ્રી ભગવતી સૂત્રના પચવીશમા શતકના છઠ્ઠા ઉદ્દેશામાં લખ્યું છે કે——પાંચમા કાલમાં બે પ્રકારના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિર્ગંથ થશે તેનાથી તીર્થ પ્રવર્તશે. વળી જૈન શાસ્ત્રમાં ગુરૂનો આચાર વૃત્તિ લક્ષણ વગેરે લખ્યું છે તે પ્રાયઃ ઉત્સર્ગ માર્ગની અપેક્ષાએ છે અને આ કાલમાં તો પ્રાયઃ અપવાદની પ્રવૃત્તિ છે, તેથી ઉત્સર્ગ વૃત્તિવાળા મુનિ કેવી રીતે હોઈ શકે? ઋષભનારાચ સંઘયણ, મનોબળ, ધૈર્ય તથા પ્રકારનું હાલ નથી તો આ કાલમાં તેવી ઉત્સર્ગવૃત્તિ, જીવ કેમ કરી શકે? તેવી ઉત્સર્ગ વૃત્તિ નથી તો પણ દેશકાલાનુસારે નિર્ગંથપણું વર્તી રહ્યું છે. શ્રી મહાવીર સ્વામીનું શાસન દુપ્પસહસૂરિ સુધી ચાલશે. જેથી શ્રી નિશીથ સૂત્રમાં કહ્યું છે કે—

છકાયના જીવો વિષે જ્યાં સુધી દયાના પરિણામ હશે ત્યાંસુધી બકુશ નિગ્રંથ તથા પ્રતિસેવનાંનિગ્રંથ રહેશે, તે કારણ થી હે ભવ્ય જીવો !!! પ્રવચન રહિત અને ચારિત્ર ન્ય પંચમ કાલ કદાપિ નહો હોય. વળી આજ પંચમ કાલમાં સાધુ નથી, એમજે માને છે તે વીતરાગની આજ્ઞા વિરૂદ્ધછે. સ્થાનાંગસૂત્રમાં લખ્યુંછે કે સાધુને બહુ અતિચાર લાગતાં દેખીને વળી તેમજ આલોયણા પ્રાયશ્ચિત કોઈને ગ્રંથાનુસારે લેતાં દેતાં નહીં દેખવાથી કોઈ એમ કહેછેકે હાલ કોઈ સાધુ નથી એમ કથક ચારિત્ર ભેદીની વિકથાનો કરનાર જાણવો. આ ભારત વર્ષમાં આ કાલમાં બકુશ અને કુશીલ એ બે નિગ્રંથ છે. બાકીનાં ત્રણનો વિછેદ થયેલો છે. तथा च उक्तं चरम मुनिभिः બાર ભાવના—बकुश कुशील दोपुण जातिथ्यं तावहोहंति બકુશ અને કુશળ એ બે પ્રકારના નિર્ગંથ યાવત્ તીર્થ સુધી રહેશે. વીતરાગ વચન અતિ ગંભીર છે માટે તેમાં ભવ્યજીવોએ શંકા કરવી તે અનંતા દુઃખનું કારણ છે. ઈત્યાદિ વ્યવહાર માર્ગ તીર્થંકર પ્રરૂપિત સત્ય જાણવો. પંચમ કાલે બહુલ સંસારી કૃષ્ણ પક્ષીયા જીવો વીતરાગ વચનને—જ્યાં પોતાની મતિ હોય ત્યાં યુક્તિ કરી ખેંચી જાય છે પણ પરભવમાં મહા રૈરવ દુઃખ ભોગવવાં પડશે. વળી વીતરાગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભગવંતે ભાવના બારભાવવાની કહેલીછે તે સમ્યક્રીતે ભાવવી તેનું સ્વરૂપ લખેછે.

તે ભાવના ભાવ્યાથી વૈરાગ્ય પ્રાપ્ત થાય છે અને ધર્મધ્યાનની વૃદ્ધિ થાય છે—બાર ભાવના—ગાથા—

प्रढम मणिच्चमसरणं संसारो एगयाइ अन्नत्तं ।
असुइत्तं आसव संवरोय, तह निज्जरा नवमी.॥१॥

ભાવાર્થ—પ્રથમ અનિત્ય ભાવના, બીજી અશરણ ભાવના, ત્રીજી સંસાર ભાવના, ચોથી એકત્વ ભાવના, પાંચમી અન્યત્વ, ભાવના, છઠ્ઠી અશુચિ ભાવના, સાતમી આશ્રવ ભાવના, આઠમી સંવર ભાવના, નવમી નિર્જરા ભાવના.

लाग सहावो बोही, दुल्लहा धम्मस्स साहगा अरिहा ।
एयाओं भावणाओ, भावेअव्वा पयत्तेणं ॥

દશમી લોક સ્વભાવ ભાવના, અગ્યારમી બોધિ દુર્લભ ભાવના, બારમી ધર્મના કથનાર અરિહંતછે.આ બાર ભાવના રાત્રીએ તથા દિવસે જેવી રીતે ભાવવા યોગ્ય છે તેવી રીતે અભ્યાસ કરવો. આ બાર ભાવનાનું કંઈક સ્વરૂપ લખું છું.

૧ અનિત્યભાવના. જેનું શરીર વજ્રસમાન અતિ કઠીણ હતું તે પણ અનિત્ય રૂપ રાક્ષસના ભક્ષ થઈ ગયા; તો કેવળ કેળ સમાન આ જીવોના શરીરને અનિત્ય રાક્ષસ કેમ મૂકશે? લોકો આનંદિત થઈને દૂધની પેઠે વિષય સુખનો સ્વાદ લેછે પરંતુ મૃત્યુના ભયને દેખતા નથી. વળી હે ચેતન! આ શરીર પાણીના પરપોટા જેવું છે, તેનો નાશ થતાં વાર લાગશે નહીં. તથા જીવીતવ્ય હાથીના કાનની પેઠે,ઈંદ્ર ધનુષ્યની પેઠે, વીજલીની પેઠે, સંધ્યારાગની પેઠે ક્ષણિક છે. લાવણ્ય સ્ત્રી-પરિવાર આંખની પાંપણ પેઠે ચંચળ છે, અને સ્વામીપણું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વપ્નના રાજા સરખું છે. આંખે જેટલા જેટલા પદાર્થ દેખાય છે તે સર્વે પૌદ્‌ગલિક ભાવ છે, વિનાશી છે, હે ચેતન ? આ શરીરને તું સારી રીતે પુષ્ટ કરેછે તેમાં રાગ ધરે છે પણ અંતે મરણ વખતે તારી સાથે આવવાનું નથી, અને બળીને ખાખ થઈ જશે. તે ખાખની માટી થઈ જશે અને લોકો ઘર બનાવવાના ઉપયોગમાં લગાડશે, માટે તું શું જોઈ મલકાયછે? તું કઈ બાબતનો અંહકાર રાખેછે? એવી રીતે સર્વ પદાર્થોનું અનિત્યપણું વિચારતાં પ્યારા પુત્ર સ્ત્રી આદિ મરી જાય તો પણ મનમાં શોક ધરવો નહી, મુર્ખજીવ સર્વ ભાવને નિત્ય માને છે તે જીર્ણ પાંદડાંની ઝુંપડીનો પણ નાશ થવાથી રાત્રી દિવસ વિલાપ કરે છે, સૂર્ય રાહુગ્રહણ દેખી જેમ કીર્તિધર રાજાએ સંસારનુ અનિત્યપણું ભાવ્યું, તથા બળદને ઘરડો, દેખી જેમ કરકંડુ રાજાએ સંસાર સ્વરૂપ અનિત્ય વિચાર્યું, તેમ ભવ્ય પ્રાણીઓએ સંસાર સ્વરૂપ અનિત્ય વિચારવું. ઇંદ્ર, ચંદ્ર નાગેંદ્ર, ચક્રવર્ત્તિ, વાસુદેવ, બળદેવ, રામ, રાવણ, વાળી જેવા મહા બળવાન પુરૂષો પણ અનિત્ય રાક્ષસના ભક્ષ થયા તો તારા જેવા પામર જીવ કાલના સપાટામાં આવે એમાં શું કહેવું ? એમ પહેલી અનિત્ય ભાવના ભાવે.

૨ અશરણ ભાવના. માતા, પિતા, ભાઈ, બેન, પુત્ર, કલત્ર આદિ સગાં વહાલાંનું વિદ્યમાનપણું છતાં આધિવ્યાધિથી સપડાએલા જીવને કાળ પકડી જાયછે.મતલબકે માતા,પિતાવિદ્યમાન્ છતાં આયુષ્ય પુરૂં થાય એટલે કર્મના વશપણાથકી પરગતિમાં જીવ ચાલ્યો જાયછે,કોઇ રાખી શકતું નથી,કોઈ આડું થતું નથી,અને મરતી વખતે જીવને દુઃખ પડે છે; અને તેથી અરગાટ શબ્દ કરે છે, તે દુઃખ સગાં વહાલાં વહેંચી લેતાં નથી. મતલબ કે–કોઇનું દુઃખ કોઈ વહેંચી લેતું નથી. તથા વળી જુઓ કે દ્વારિકા જેવી નગરી કૃષ્ણ જેવા વાસુદેવ, બળ ભદ્ર જેવો બળદેવ–અને નેમિનાથ તીર્થંકર સરખા તેને માથે ધણી–વિદ્યમાન હતા તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ જેવારે દ્વીપાયને દ્વારકાનો દાહ કર્યો, તે વારે કોઈથી રખાણું નહિ અને આખી નગરીનો ક્ષય થઈ ગયો, અને કૃષ્ણ અને બળભદ્ર એ બન્ને ભાઇએ માતા પિતાને લઇ ચાલવા માંડયું, તો પણ લઇ નીકળાયું નહીં, અને માતા, પિતા પણ બળી મુઆ. વાસુદેવ, બળદેવ સરખા મહા યોદ્ધાથી પણ માતા, પિતાનુ રક્ષણ થયું નહીં. વનમાં બન્ને પણ નગરીને બળતી જોતા જોતા તથા પોતાની ઋદ્ધિનો નાશ, તથા છપ્પન કુળ કોટી જાદવ વગેરેનો નાશ દેખી એકાકી ચાલવા માંડયું, અને વગડામાં જરા કુમારના હાથથી કૃષ્ણનું મૃત્યુ થયું. તે કર્મનો ઉદય છે. જેથી મૃત્યુ થકી બચાવનાર કોઈ નથી. વળી સંભૂમ નામા આઠમો ચક્રવતિ જેની સેવામાં પચ્ચીશ હજાર દેવતા હતા, તોપણ સમુદ્રમાં બુડી મરણ પામ્યો. કોઈ રાખી શકયું નહીં. આયુષ્ય આવી રહ્યું ત્યારે દેવતા નાશી ગયા. માટે આ સંસારમાં કોઈ શરણ ભૂત નથી; તો ફોગટ પુત્ર ઉપર અને સ્ત્રી ઉપર માયા મમતા રાખી, હે ચેતન! કેમ કર્મ બાંધી ભારે થાય છે. જે જે કર્મ બાંધે છે. તે હે ચેતન! અવશ્ય ભોગવવાં પડશે. એમ મનમાં વિચાર.

નાના પ્રકારના શાસ્ત્ર વિષયોને જાણનારા તથા અનેક પ્રકારના મંત્રો, તંત્રો જાણનારા, તથા અનેક પ્રકારના રોગોની ચિકિત્સા જાણનારા, એવા પુરૂષોની કુશળતા કાળની સામે કંઇ પણ કરવામાં સમર્થ થઇ નહીં. તથા મહા શૂરવીર યોદ્ધાઓથી વિંટાએલા એવા સર્વ પુરૂષો, કાળના મુખમાં ખેંચાતા જાય છે. અત્યંત દિલગીરી કે, પ્રાણીઓને કોઇનું શરણ નથી. વળી પૃથ્વીનું છત્ર, તથા મેરૂનો દંડ કરવાને જે સમર્થ, તેમજ જેને જરા પણ કલેશ નહોતો, તથા જેની સેવામાં ક્રોડ દેવતા જઘન્યથી રહેતા હતા, એવા અનંત બળવાન્ તીર્થંકર ભગવાન પણ લોકોને મૃત્યુ થકી બચાવવાને સમર્થ થયા નહીં. તો પછી બીજો કોણ સમર્થ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુત્ર, મિત્ર અને સ્ત્રીના સ્નેહરૂપ ડાકણને દૂર કરવા જીવે અશરણ રૂપ મહા વિદ્યાનું સ્મરણ કરવું–સંસારમાં કોઇ પણ જાતની મૂર્છા રાખવી નહીં. જન્મ, જરા મરણ સદા પૂઠે લાગી રહ્યાં છે. તે કોઈને છોડતા નથી. તો હે જીવ ! તને કેમ કરી છોડશે. માટે ધર્મ ધ્યાનમાં તત્પર થા, અને આત્મ સ્વરૂપ વિચાર ! આવો વખત અને આવી જોગવાઈ વારંવાર નહીં મળે. પરભવમાં જે સાથે ખાવાનું ભાતું લેવું, હોય તે લઈ લે. મૃત્યુરૂપી બાજ જીવરૂપી પંખીને અણધાર્યા પકડી લેશે, તે વખતે ઘસતે હાથે ચાલ્યો જઈશ. માટે હે જીવ ! ચેત, ચેત, ચેત. જરાવાર પણ પ્રમાદ મા કર. એ બીજી અશરણ ભાવના કહી.

૩ **સંસાર ભાવના**—બુદ્ધિમાન તેમજ બુદ્ધિહીન, સુખી તેમજ દુઃખી, રૂપવાન તેમજ કુરૂપવાન, ગરીબ તેમજ રાજા, રોગી તેમજ ભોગી, સ્વામી તેમજ સેવક, વૈરી રાજા તથા પ્રજા, દેવતા, મનુષ્ય તીર્યંચ અને નારકીના અનેક પ્રકારના વેષ કર્મવશાપણાથકી ધારણ કરીને આ સંસારરૂપ અખાડામાં આ જીવ નાટક કરે છે. તથા મહા-આરંભ, માંસ ભક્ષણ, મદીરાપાન, પરદારાગમન અને દેવદ્રવ્ય ભક્ષણ વગેરે કરીને જીવ પાપ સંચય કરી નરકમાં જાઇ પડે છે. ત્યાં નરકમાં અંગ છેદન, અગ્નિથી બળવું, વગેરે મહાદુઃખ થાય છે; તે દુઃખોનું કેવલી પણ કથન કરી શકતા નથી.

કપટ છલ ભેદથી પ્રાણી, તિર્યંચ, ગતિમાં સિંહ વાઘ, વરૂ, ભેંસ, ઉંટ, હાથી, ઘોડા, ભૂંડ, સર્પ, મઘર, કુકડા અને કુતરા વગેરેના શરીર ધારણ કરે છે, તથા તે ગતિમાંક્ષુધા તૃષા, તાડનતર્જન, વધબંધન, હળવહન ઇત્યાદિક દુઃખ તે જીવોને સદા સહન કરવાં પડે છે. તથા ખાદ્ય અખાદ્ય, વિવેક શૂન્યતા, મનમાંહી લાજ રહીતપણું, મા બેન અને દીકરી ગમન કરવા, એક સમાનતા નિઃશંકતા વહ્લભ છે. જયાં એવા અનાર્ય મનુષ્યમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિરંતર જીવઘાત, માંસભક્ષણ, ચોરી, પરસ્ત્રી ગમનાદિ અત્યંત કનિષ્ટ પાપકર્મ મહાદુઃખ ઉત્પન્ન કરનાર જ્યાં થયા કરે છે. તથા આર્ય દેશમાં પણ અજ્ઞાનતા, દરિદ્રતા, કષ્ટ અને દૌભાગ્યપણું, રોગાદિકથી પીડિત છે, તથા પરાધીનતા તથા માનભંગ, સેવકભાવ પ્રમુખ દુઃખ ભોગવવાં પડે છે, તથા ગર્ભના દુઃખ ભોગવવાં પડે છે, જ્યાં એવો આ સંસાર છે; તથા બાલ અવસ્થામાં મળ મૂત્ર, ધૂળમાં આલોટવું, તથા મૂર્ખતા પ્રમુખ, તથા જુવાનપણામાં ધન કમાવવાનું મહાદુઃખ, તથા વૃદ્ધાવસ્થામાં શરીરનું કંપવું, મુખમાંથી લાળ પડવી, નેત્રનું બળહીણપણું, શ્વાસ, ખાંસી, પ્રમુખ વ્યાધિથી મહાદુઃખોનું ઉત્પન્ન થવું ઇત્યાદિ જ્યાં નિરંતર છે, એવો આ સંસારછે; ત્યાં એવી કઇ દશા છે કે જીવ સુખ પામે. તથા સમ્યક્દર્શન પાળવાથી જે જીવ દેવતા થાય છે; તે પણ શોક, વિષાદ, મત્સર, ભય, અદેખાઈ, કામ પ્રમુખથી પીડિત થવાથી પોતાનું આયુષ્ય દીન મનવાળા થઇને પૂર્ણ કરે છે.

આ સંસારમાં સ્ત્રી મરી પોતાની માતા થાય છે, વળી મા મરી સ્ત્રીપણે ઉત્પન્ન થાય છે, બેન મરી સ્ત્રીપણે ઉત્પન્ન થાય છે, પુત્ર મરી પિતા થાય છે, પિતા મરી પુત્રપણે થાયછે, શત્રુ મરી ભાઇ પણે ઉત્પન્ન થાયછે, એવો આ અસાર સંસાર છે.

આ સંસારમાં કોઈ વખત તું ચંડાળ પણે ઉત્પન્ન થયો, કોઈ વખત ક્ષત્રીયપણે ઉત્પન્ન થયો, કોઇ વખત શાક ભાજીમાં ઉત્પન્ન થયો, તો તું ફોગટ હું કુળવાન છું, આ નીચ હલકી જાતિનો છે, મારૂં કુળ મોટું છે, એવો ફોગટ કેમ અહંકાર કરે છે? ઉચ્ચ નીચનું કારણ પણ કર્મ છે.

કર્મે જીવને વશ લીધો છે. તે કર્મ મહંત મુનીશ્વર મહારાજને પણ અગીયારમે ગુણઠાણેથી પાછા નાખી દે છે. હે ચેતન! તું અવ્યવહારરાશિ નિગોદમાંથી વ્યવહાર રાશિમાં આવ્યો, તોપણ અનંતવાર સૂક્ષ્મનિગોદમાં ગયો તથા બાદરનિગોદમાં પણ અનંત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાળ આવ્યો, તેમજ પૃથ્વીકાય, સૂક્ષ્મબાદર અપકાય, સૂક્ષ્મ તથા બાદર ઈત્યાદિક ચાર ગતિમાં તું ભટકે છે. સર્વ પુદ્ગળ પરમાણુ તું દેહાદિપણે પરિણમાવી ચૂકયો. લોકાકાશનો એક એવો પ્રદેશ નથી કે તું ફરસ્યા વિના રહયો હોય, એમ અનતં પુદ્ગલ પરાવર્તન કાળ તું ભમ્યો, તો પણ હે ચેતન! તને સંસારનો ભય લાગતો નથી.

આ સંસારમાં કોઈ સુખી થયો નથી. જેણે આ સંસારનો ત્યાગ કર્યો તે સુખીયા થયા. જુઓ! થાવચ્ચા પુત્ર મહાઋદ્ધિનો ધણી અને વળી જેને બત્રીશ સ્ત્રીઓ હતી, તેણે પણ નેમનાથ ભગવાનની દેશના સાંભળી સંસાર અસાર જાણી દીક્ષા ગ્રહણ કરી, અને શુકલધ્યાન ધ્યાઈને મુક્તિ પામ્યા. અનાથી મુનિ પહેલાં રાજાના પુત્ર હતા, તેમને શરીરે દાહજ્વર ઉત્પન્ન થયો, ઘણા ઉપચાર કર્યા પણ શાંતિ થઇ નહીં, પછી મનમાં વિચાર આવ્યો કે અહો સંસારમાં રોગનું કારણ કર્મ છે. મેં પાછલા ભવમાં જે-જે કર્મ કર્યાં છે તે હાલ ઉદયે આવ્યા છે. એમ વૈરાગ ભાવ લાવી વિચાર કર્યો કે જો આ રોગ ઉપશમે તો હું દીક્ષા લઉં. અનુક્રમે રોગ મટયાબાદ સાધુ થયા. અનાથી મુનિ વિચરતાં વિચરતાં પૃથ્વી તળને પાવન કરવા લાગ્યા. તેમને શ્રેણિકરાજાએ દીઠા અને સંસારમાં પાડવા સારૂ લલચાવ્યા, પણ જરા માત્ર ડગ્યા નહીં, અને શ્રેણિક રાજાને બોધ પમાડયો તેવા ધણી સુખી થયા.

એકજીવની સાથે આજીવે અનંત સગપણ કર્યાં છે. તેના સંબંધી વિશેષ જોવું હોયતો ભુવનભાનું ચરિત્ર જોવું. તથા યશોધર ચરિત્ર તથા સમરાદિત્ય ચરિત્ર વાંચવું, કે જેથી સંસારની અનિત્યતા ભાસે. ભવ્ય જીવોએ આ સંસારનો ત્યાગ કરી પંચ મહાવ્રત ધારણ કરી, આત્મ કલ્યાણ કરવું તેજ સાર છે.

૪ **એકત્વ ભાવના**–જીવ એકલોજ ઉત્પન્ન થાય છે, અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એકલોજ મરે છે. એકલોજ કર્મ કરે છે અને તેનું ફળ એકલોજ ભોગવે છે. જીવે અત્યંત મહેનત કરી જે ધન ઉપાર્જન કર્યું છે, તે ધન તો સ્ત્રી, ભાઇ, બેન, પુત્ર, અને સગાંસંબંધી પ્રમુખ ખાઈ જશે, અને ધન પેદા કરવામાં જે પાપકર્મ બાંધ્યાં છે, તેનું ફલ તો તેને એકલાનેજ ભોગવવું પડશે, અને નરક તિર્યંચ આદિ ગતિમાં જઇ ભોગવવું પડે છે. આ કેવું આશ્ચર્ય! તથા આ જીવ આ શરીરના પોષણ સારૂ રાત્રીદિવસ નાના પ્રકારના વિચાર કર્યા કરે છે, ભમે છે, દીન પણું ધારણ કરે છે, પારકી ગુલામગીરી કરે છે, કુલ મર્યાદા ઉલ્લંઘન કરે છે, ધર્મભ્રષ્ટ થાય છે, પોતાના હિતમાં ઠગાય છે, ન્યાયથી દૂર રહે છે, અન્યાયમાં પ્રવર્તે છે, મોહમાયામાં મુંઝાય છે, પણ આ દેહ કૃત્રિમ મિત્ર સરખો પરભવમાં સાથે આવતો નથી. કહ્યું છે કે—**समए समए जीव जीवी आसाए सत्तचित्तणं जंपोसिअं सरीरं तंपि तुहन चेव साहीणं ॥**

સમયે સમયે હે જીવ, જીવવાની આશાએ સાત્વિક ભાવે કરી જે શરીરનું પોષણ કર્યું છે, તે શરીર પણ મરતી વખતે પરભવમાં તારી સાથે આવતું નથી. વિચાર કરો કે, આ દેહ અંતે પડયો રહેશે. સગાંવહાલાં પણ સાથે આવનાર નથી. તે પોતપોતાના સ્વાર્થમાં તત્પર છે. ભાઈ, માતા, અને બેન વગેરે જ્યારે પુદ્ગલમાંથી જીવ પરભવમાં જાય છે, ત્યારે પોતપોતાનો સ્વાર્થ સંભારી રૂવે છે. પણ કોઈ એમ રોતું નથી કે—હે પુત્ર, હે ભાઇ, હે પિતા, તમો પરભવમાં કઈ ગતિમાં ઉત્પન્ન થયા હશો? તમોએ અહિં કશું આત્મહિત કર્યું નહીં તેથી તમો સુખ પરભવમાં શી રીતે પામશો? આવી રીતે કોઇ રોતું નથી; પણ માતા એમ રૂદન કરે છે કે હાય હાય પુત્ર જો તું હયાત હોત તો મને રળીને આપત. સ્ત્રી પણ સ્વાર્થને રૂવે છે. એમ સ્વાર્થીઓ સંસાર છે.

બે પૈસા કમાઈને લાવતો હશે તો વાહ વાહ કરશે પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યારે ઘડપણ આવે છે, ચાલવાની શક્તિ હોતી નથી, ત્યારે વહાલા પુત્રો જેને ઘણા પ્યારથી મોટા કર્યા હોય, તે પણ તે વખતે જુદા વિચારના થઇ જાય છે.

અહો! અહો! આ સંસારમાં કોઇ કોઇનું નથી. ચેતન પરને પોતાનું માની અહંપણાનો અભિમાન કરી કર્મ ઉપાર્જન કરે છે. હે ચેતન! ધર્મ કરવામાં ઉદ્યમવંત થા. અને જાગ! જાગ! અજ્ઞાનરૂપી નિંદ્રાનો ત્યાગ કર, અને મોહરૂપી ગોદડું દૂર કર. પોતાના સ્વરૂપનો વિચાર કર. તું અનંત જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ રત્નત્રયીથી પૂર્ણ છે. અજ છે. અમર છે. અરૂપી છે. આ પૌદ્ગલિક વસ્તુ તારી નથી. એમ આત્મહિતાર્થી પુરૂષ ભાવના ભાવે.

હે ચેતન! તું જન્મ્યો, ત્યારે કાંઇ સગાં વહાલાં, ભાઇ, બેન, સ્રી, અને પુત્ર સાથે લઇ આવ્યો નહોતો; તો શું હવે સાથે લઇ જવા ધારે છે? ફોગટ તે ઉપર કેમ મોહ કરે છે? જેમ એક વૃક્ષ ઉપર હજારો પંખીઓ રાત્રીએ આવી ભેગા થાયછે, અને સવાર થાય ત્યારે કોઈ કોઇ દિશામાં કોઈ કોઇ દિશામાં ઉડી જાય છે. તેમ આ મનુષ્યગતિરૂપ વૃક્ષમાં સગાંવહાલાં સંબંધી ઘણા જીવો આવીને રહ્યા છે, પણ જ્યારે આયુષ્ય મર્યાદા આવી રહેશે ત્યારે સર્વ જુદી જુદી ગતિમાં ચાલ્યાં જવાનાં. કોઇ કોઇની સાથે જવાનું નથી. વળી હે ચેતન! રાગ જે ઉપર અત્યંત હોય છે, ત્યાં દ્વેષ પણ થાય છે. માટે રાગ અને દ્વેષને નિવારી સમભાવ ધારણ કરી, એકત્વભાવના ભાવ, કે જેથી કર્મકલંક દૂર થાય, અને શાશ્વત સુખ પામે.

### ૫ અન્યત્વ ભાવના

આ સંસારમાં હે ચેતન! તું કોઇનો નથી, અને કોઇ તારૂં નથી. માતા, પિતા, સ્રી, પુત્ર, ભાઈ અને બેન પ્રમુખ સગાંવહાલાં સંબંધિયો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યાંસુધી તારાથી તેઓની કાર્યસિદ્ધિ થાય છે, ત્યાંસુધી તેઓના પ્રાણ સમાન તું વહાલો છે. પણ કાર્ય ( સ્વાર્થ ) નહીં થયે છતે વૈરભાવ ધારણ કરશે.

સર્વે પૌદ્ગલિક વસ્તુ હે ચેતન! તારા થકી ન્યારી છે, આ શરીર પણ ચેતન થકી ન્યારૂં છે, મન વચન અને કાયાના યોગ પણ ચેતન થકી ન્યારા છે, છ લેશ્યાઓ પણ ચેતન થકી ન્યારી છે, આઠ કર્મની વર્ગણાઓ પણ ચેતન થકી ન્યારી છેં, પાંચ ઇંદ્રિયો પણ ચેતન થકી ન્યારી છે, અને ચેતન થકી જીવ દ્રવ્ય વિના બાકીના પાંચ દ્રવ્ય ન્યારાં છે. ચેતન થકી ભિન્ન એવા પુદ્ગલ ઉપર મમતા ભાવ રાખવો નહીં. અનેક પ્રકારના ખાનપાન ઉપભોગ લેપન પ્રમુખથી શરીરની પુષ્ટિ ઇચ્છવી, તે પણ ફોગટ છે. કદાચિત્ આ શરીરને કોઈ લાકડી પ્રમુખથી માર મારે, તો પણ સમતા રાખી સહન કરવું જોઇએ. વળી અનેક પ્રકારના રોગો ઉત્પન્ન થયે છતે પણ સમતા રાખવી.

જે પુરૂષ અન્યત્વ ભાવના ભાવે છે, તેને શરીર, ધન, પુત્રાદિકના વિયોગથી દુઃખ થતું નથી. પરદેશી રાજાને સૂરિકંતા રાણીએ ઝેર આપીને મારી નાખ્યો, તેનો અધિકાર રાયપસેણી સૂત્ર થકી જાણવો. તથા બ્રહ્મદત્તની માતા ચુલણીએ પોતાના સ્વાર્થને માટે લાખ મહેલમાં પુત્રને, તથા તેની સ્ત્રીને માંહી સુવાડી અગ્નિ સળગાવ્યો, પણ તેનું આયુષ્ય હતું તો સુરંગ વાટે થઈ નીકળી જીવતો રહ્યો. પરંતુ માતાનો સ્નેહ પણ એટલોજ છે. વળી શ્રેણીક રાજાએ પોતાના કોણીકનો લોહી પરૂવાળો અંગુઠો મુખમાં રાખ્યો, પરૂ વગેરે ચુસ્યું, એટલો સ્નેહ પુત્ર ઉપર હતો, અને કોણીકની માતા ચેલણાને એ પુત્ર જીવતો રાખવાનો વિચાર નહોતો, પણ શ્રેણીકે જોરાવરીથી કોણીકને ઉછેર્યો, તેજ કોણીકે પિતાને કાષ્ટના પાંજરામાં ઘાલ્યો, જુઓ! કોઇ કોઇનું કોઇ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંસારમાં કંઈ સાર દેખાતો નથી.

મરૂદેવી માતા રૂષભદેવ સ્વામીએ દીક્ષા લીધી, તેથી સ્નેહના વશથી મારો રૂષભ શું કરતો હશે, એમ રૂદનકરવા લાગ્યાં. આંખે પડલ આવી ગયાં. જે વારે ભગવંત કેવલજ્ઞાન પામ્યા, તેવારે ભરત વાંદવા ગયા, માતાને પણ સાથે તેડી ગયા. દેવદુંદભિના નાદ વગેરે અત્યંત રિદ્ધિ સંપદા દેખીને સ્નેહ ત્રુટી ગયો, અને વિચાર્યું કે હું રૂષભ રૂષભ કરતી આંધળી થઇ, ને રૂષભ તો આટલી ઋદ્ધિને ભોગવે છે, ને માતાને સંભારતો પણ નથી. અહો કોઇ કોઇનું નથી. કોનો રૂષભ અને કોની માતા, સહુ સહુના આત્માનું કલ્યાણ કરે છે. એમ અન્યત્વ ભાવના ભાવતાં અંતગડ કેવલી થઇ મોક્ષે ગયાં.

શ્રીગૌતમસ્વામી ત્રીશ વર્ષ સુધી મહાવીરસ્વામીની સેવામાં રહ્યા. તેમનો મહાવીર સ્વામી ઉપર ઘણો સ્નેહ હતો. જે વારે ભગવાન નિર્વાણ પદ પામ્યા, તે વારે એવી ભાવના થઈ કે કોના વીર, મારો આટલો રાગ છતાં પણ તેમણે મને પાસે રાખ્યો નહીં, એમ બહુ વિલાપ કરવા લાગ્યા. વળી મનમાં વિચાર આવ્યો કે વીતરાગ એ તો કોઇની સાથે સ્નેહ રાખતા નથી. વીરતો વીરના આત્માનું કલ્યાણ કરી ગયા, અને તું વીર વીર પોકારે છે. તેમાં તારૂં શું વળ્યું. તું તારા આત્માનું કલ્યાણ કાર્ય કર, એમ ભાવના ભાવતા કેવળ જ્ઞાન પામ્યા. એમ અન્યત્વ ભાવના ભાવતા આત્માનું હિત થાય છે. ઘણા ભવ્ય પ્રાણીઓ અન્યત્વ ભાવના ભાવતા સિદ્ધિ પદને પામ્યા છે.

## ૬ અશુચિ ભાવના

જેમ લુણની ખાણમાં જે જે પદાર્થ પડે છે તે તે લુણ થઇ જાય છે. તેમ આ કાયામાં જે જે આહાર પ્રમુખ પડે છે, તે મલ રૂપ થઈ જાય છે. એવી આ કાયા અપવિત્ર છે, તથા રૂધિર અને શુક્ર એ બન્નેના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મેળાપથી આ કાયા ઉત્પન્ન થાય છે. આ કાયાને પાણીના સો ઘડાથી નવરાવીએ, તેમજ કસ્તુરી પ્રમુખ સુગંધી દ્રવ્યો ચોપડીએ તોપણ અંદર રહેલો અશુચિનો કોઠો પવિત્ર થતો નથી.

ચંદન, કસ્તુરી, અગર, કપુર, પ્રમુખ સુગંધી વસ્તુઓ સાથે પણ આ શરીરનો સંબંધ થાય છે. ત્યારે અન્ય કાળમાં દુર્ગંધરૂપ થઈ જાય છે. તો પછી વિચારો કે આ કાયાને કોણ બુદ્ધિમાન પવિત્ર માને? નગરના ઘડનાળાંની પેઠે આ કાયામાંથી મળ, મૂત્ર નીકળ્યા કરે છે. કાચના કટકા જેવી આ કાયા ઉપર શી માયા કરવા જેવી છે. પુરૂષના નવદ્વારમાંથી અને સ્ત્રીના બારદ્વારમાંથી અશુચિ વહ્યા કરે છે. હે! જીવ! તું દુર્ગંધિ દુરથી દેખી મુખ મચકોડે છે, પણ જાણતો નથી કે તારૂં શરીર પણ દુર્ગંધિથી ભર્યું છે. મલ્લિકુમારીએ આ ભાવનાથી છ મિત્રોને પ્રતિબોધ પમાડયો.

ગર્ભાવાસમાં તો આ જીવ અશુચિમાં રાત્રી દિવસ લપટાઇને રહયો. તેનું સ્વરૂપ સંક્ષેપ થકી કહે છેઃ—

સ્ત્રીની નાભિની નીચે બે નાડી છે; તે બે નાડી ફુલને આકારે છે. તેની નીચે આંબાના માંજરના આકારે માંસની પેશી છે. તે જે વારે સ્ત્રીને ઋતુ કાલ હોય તે વારે તે માંસની માંજર ફુટેછે ને માંહેથી રક્ત વહેછે. જીવની ઉત્પત્તિ વિષે જે અધોમુખ ફુલને આકારે યોનિ છે. ત્યાં પુરૂષનું વીર્ય પ્રાપ્ત થાયછે અને જે વારે યોનિ મિશ્રિત હોય તે વારે જીવ ઉપજવા યોગ્ય થાયછે. અને વીર્ય પ્રાપ્ત થયા પછી બાર મુહૂર્ત સુધી જીવનું ઉપજવું થાયછે, એક જીવ પણ ઉપજે, બે તથા ત્રણ તથા ઉત્કૃષ્ટ નવ લાખ જીવ ઉપજે.

## ॥ गाथा ॥

इत्थिए जोणी संभवंति, बेइंदियाउ जे जीवा, उक्कोसनवलरवा जायंतिएगवेलाए ॥ १ ॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે જીવનું જઘન્યથકી આયુષ્ય અંત મુહુર્તનું હોયછે ઉત્કૃષ્ટ ક્રોડ પૂર્વ વર્ષનું હોયછે, જે જીવ ઉપજે તેના પિતાની સંખ્યા કહે છે. એક હોય, અથવા બે હોય. અથવા નવસેં પિતા હોય, સ્ત્રીની જમણી કુખે પુત્ર હોયછે, ડાબી કુખે પુત્રી હોયછે,અને મધ્ય ભાગમાં નપું-સક હોયછે મનુષ્ય ઉત્કૃષ્ટ ગર્ભમાં બાર વર્ષ રહેછે. તિર્યંચ ગતિમાં ઉત્કૃષ્ટ આઠ વર્ષ રહેછે.

ગર્ભમાં જીવ પ્રથમ સમયે માતાનું રૂધીર અને પિતાનું વીર્ય એબેનો આહાર કરે છે. તેવાર પછી તેનુંજ શરીર બાંધેછે, યાવત ષટ્ પર્યાપ્તિ પુરી કરેછે એમ કરતાં જ્યારે સાત દિવસ થાયછે ત્યારે પાણીના પરપોટા જેવડો થાયછે, તે વાર પછી આંબાની ગોટી જેવડો થાયછે, તે વાર પછી માંસની પેશી જેવડો થાયછે, એમ અનુક્રમે ચોથે મહીને માતાના અંગનો વધારો થાયછે. પાંચમે માસે પાંચ અંગ થાયછે, છઠે માસે રૂધીરનો સંગ્રહ થાયછે. સાતમે માસે સાતસેં નાડી બંધાયછે તથા પાંચસે પેસી બંધાયછે તથા, નવ ધમણી નાડી થાયછે તથા રોમરાજી પ્રગટેછે રોમે કરી આહાર ગ્રહણ થાયછે અને સમયે સમયે પરિણમેછે સર્વ શરીરે મળીને સાડીત્રણ ક્રોડ રોમરાજી હોયછે, આઠમે માસે સર્વ અંગોપાંગ સંપૂર્ણ થાયછે.

ગર્ભમાં રહેલ જીવને લઘુનીતિ. વડીનીતિ, સલેખમ, બળખા, પ્રમુખ કાંઈ હોતા નથી, ગર્ભમાં રહયો થકો જે આહાર જીવ કરે તે આહાર ઇંદ્રિયની પુષ્ટિ કરેછે, હાડ તથા મેદ પ્રમુખની વૃદ્ધિ કરે છે, ગર્ભમાં માતા આહાર લે તો ગર્ભનો જીવ પણ આહાર લેછે. માતા દુઃખી થાય તો ગર્ભનો જીવ પણ દુઃખી થાયછે, ગર્ભમાંથી જીવ ચવે તો નરક. તીર્યંચ, દેવતા, અને મનુષ્ય એ ચાર ગતિમાં ઉપજે છે. માતા સુવે તો પોતે સુવેછે, માતા જાગે તો પોતે જાગેછે, એવી રીતે અશુચિ અપવિત્રથી ભરેલો જીવ ગર્ભાવાસનું અનંતુ દુઃખ ભોગવે છે મહામળ મૂત્રના ભરેલાં સ્થાનકમાં વસવું પડે છે. એવી રીતે નવ માસ સુધી જીવને ગર્ભાવાસે રહેવું પડેછે. પિતાના વીર્યનું બળ ઘણું હોય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો પુરૂષ વેદે જીવ થાયછે તથા માતાના રૂધીરનું બળ ઘણું હોય અને પિતાના વીર્યનું બળ થોડું હોયછે તો સ્ત્રી વેદે જીવ થાયછે, તથા વીર્ય બળ સમભાગે હોયછે તો નપુસંક વેદ બાંધેછે. તેમાં કોઈ જન્મતી વખતે મસ્તકે કરી આવેછે, કોઇના પહેલાં પગ આવેછે કોઈ આડો આવેછે. તે સર્વે પુણ્ય પાપનાં ફળ છે સર્વ જીવ પોતાની પૂર્વની અવસ્થા સંભારે તો દુર્ગંચ્છા કરેજ નહીં. કેમકે ગર્ભવાસ નરકની કુંભી પાક સરખો છે.

કોઇ જીવ ગર્ભવાસની અવસ્થા ભૂલી જઇને જુવાનીના મદમાં છાકયોથકો અશુચિની દુર્ગંચ્છના ઘણી કરે છે તે અજ્ઞાની છે. શરીરમાં અઢાર પાંસળીયો પરિષ્ટ કડક નામે સંધિની છે. બાર પાંસળીયો કડક, બે વાસાની છે. ચાર પલની જીભ છે. બે પલના નેત્ર છે. આઠ પલનું હ્રદય છે. શરીરમાં એકસો સિતોતેર મર્મનાસ્થાનક છે. શરીરમાં એક વડીનીતિનું તથા એક લઘુનીતિનું એમ બે સ્નાયુ છે. ત્રણસેં હાડની માળા છે. નવસે નાડી છે. સાતસેં શીરા છે. પાંચસેં માંસની પેસી છે. નવ ધમણુની નાડી છે. સાડી ત્રણ કોટી રોમરાય છે. એકસો ને સાઠ નાડીનાભી થકી ઉંચી ચાલે છે. તે મસ્તકના બંધની છે, તેને રસ હરણી કહે છે. તે મસ્તકે રસ પહોંચાડેછે. એ રસ હરણી નાડીનો :જેટલો ઉપઘાત થાય તેટલી રોગની પ્રાપ્તિ જાણવી. અને આંખ, કાન, નાક, તથા જીભ એના બળને હણેછે. તેથી રોગ થાયછે, પીડા કરેછે, એ સર્વ ઉર્ધ્વ નાડીના ફળ જાણવાં. તથા વળી એકસોને સાઠ નાડી નાભિથકી ઉઠી તે નીચે ચાલીથકી પગને તળીએ બંધાણી છે. તે નાડીનો ઉપઘાત થાય તો નેત્રનો, જંઘાનો, મસ્તકનો, આધાસીસી, અને યાવત્ અંધ થાયછે. ત્યાં સુધી પણ એ એનાં ફલ જાણવા. તથા એકસો ને આઠ નાડી નાભિ થકી જે ઉપડી તે તિર્છી ચાલી હાથના આગળાં સુધી પહોંચીછે તેના ઉપઘાતથકી બે બે પાસાની વેદના, પેટની વેદના, મુખની વેદના, ઇત્યાદિ સર્વ એની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રસ હરણીના ઘાત થકી ઉપજે છે. તથા એકસો ને સાઠ નાડી નાભિથકી ગુહ્યસ્થાનક સુધી પહોંચીછે તેના ઉપઘાતથી પેશાબ રોગ, વડીનીતિ રોગ, તથા કરમીયાની ઉત્પત્તિ થાયછે, તથા હરસ વિકાર વગેરે રોગ થાય છે. તથા પચવીશ નાડી નાભિથકી ઉપજી તે સલેખમને ઉદ્ધરવા વાળી છે. તેના ઉપઘાતથી સલેખમ થાય છે. તથા પચીશ નાડી પિત્તની ધરનારી છે. તથા દશ નાડી વીર્યની ધરનારી છે. ઈત્યાદિક પુરૂષને સાતસે નાડી હોય છે તેની રસ હરણી આદિ નાડીઓને ઉપઘાત ન હોય તો શરીરે સદાય સુખ રહે છે. અને તે રસ હરણી નાડીને કંઈ ઉપઘાત થયો હોય તો તે પ્રકારનો રોગ થાય છે. સ્રીને છશેંને સીતેર નાડી હોય છે. અને નપુંસકને છશેં ને એંસી નાડી હોય છે. તથા પુરૂષને જે પાંચસે પેસી માંસની કહી છે તે મધ્યેથી (૩૦) ત્રીશ પેસી ઓછી સ્રીને હોયછે.

આ શરીર મહા દુર્ગંધનું સ્થાન છે. લોકોની દુગંચ્છા કરવાથી ઘણાં કર્મ ભોગવવાં પડે છે. માટે કોઈની દુગંચ્છા કરવી નહી. વળી જાતિ, રૂપ, મદ પણ કરવાથી ચાર ગતિમાં મહાદુઃખ ભોગવવાં પડશે. જે આ શરીર હાલ સુગંધી દેખાય છે તે ક્ષણમાં ખરાબ થઈ જશે. માટે પુદ્ગલ ઉપર રાચવું નહીં અને અભક્ષ્ય ભક્ષણ કરી પાપની રાશિ ઉપાર્જન કરવી નહીં. એ ભવ્ય પ્રાણીયોને યોગ્ય છે.

## સાતમી આશ્રવ ભાવના.

મન યોગ, વચન યોગ અને કાય યોગથી શુભ અશુભ કર્મનું ગ્રહણ કરવું તેને આશ્રવ જીનેશ્વર ભગવાન્ કહે છે. સર્વ જીવો વિષે મૈત્રી ભાવના. ગુણાધિક જીવોમાં પ્રમોદ ભાવના. અવિનીત શિષ્ય આદિ ઉપર માધ્યસ્થ ભાવના અને દુઃખી જીવો ઉપર કારૂણ્ય ભાવના. આચારે ભાવનાઓથી જે જીવોના અંતઃકરણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિત્યવાસીત હોય તે જીવો બેતાલીશ પ્રકારનાં પુણ્ય ઉપાર્જન કરે છે: અને આર્તધ્યાન, રૌદ્ર ધ્યાન, પાંચ પ્રકારના મિથ્યાત્વ; સોળ પ્રકારના કષાય, નવનોકષાય, પાંચ પ્રકારના વિષય, પાંચ પ્રકારનાં અવ્રત અને પચ્ચીશ પ્રકારની પાપ ક્રિયા તેઓનાથી જે જીવોનાં હૃદય વાસીત હોયછે તે જીવો બ્યાસી પ્રકારનું પાપ કર્મ ઉપાર્જન કરે-છે. તથા અરિહંત, ઉપાધ્યાય, સુસાધુ, સિદ્ધાંત, દ્વાદશાંગ, સાધ્વી, શ્રાવક, અને શ્રાવિકા, ઇત્યાદિના જે ગુણ કીર્તન, સ્તુતિ કરે છે તે શુભ કર્મ ઉપાર્જન કરે છે. તથા ગુણવંતની નિંદા કરી, સ્વકપોલ કલ્પિત મતનો ઉપદેશ વગેરે જે આપે છે, તે અશુભ કર્મ ઉપાર્જન કરી અનંત સંસાર રખડેછે.

જે પુરૂષો અભિમાનના છાકમાં ચઢયા છતા માન પૂજાની ખાતર જીનેશ્વર ભગવંતે કહેલા આગમોનો ઉલટો અર્થ કરે છે, અને કુયુકિતયો કરી લોકોને ભરમાવે છે અને જગમાં સાધુ નામ ધરાવે-છે, સત્ય શુદ્ધ પરંપર શ્રીહેમચંદ્રાચાર્ય મહારાજ તથા શ્રીહીરવિ-જયસૂરિ જેવા મહંત પુરૂષોના વિચારોમાં દોષ કાઢે છે; તે જીવો–મિથ્યાત્વના જોરે ચાર ગતિમાં રખડનારા થાય છે, ઉત્સૂત્ર ભાષણની આલોયણા લેવાતી નથી. માટે હે ભવ્ય પ્રાણીઓ! સ્વચ્છં-દતાના જોરથી અગર પ્રજ્ઞાના અભિમાનથી કોઇ વખત કુયુકિત જૈનાગમમાં કરશો નહીં, કારણ કે શાસ્ત્રમાં શ્રીઅભયદેવ સૂરિજી મહારાજએ કહેલું છે કે–**गाथा**

**दंसण भट्ठो भट्ठो, दंसण भट्ठाइ नथ्थिनिव्वाणं ॥**
**सिज्झंति चरण रहिया, दंसण रहियान सिज्झंति ॥ १ ॥**

ચારિત્રથી ભ્રષ્ટ થાય છે, તેનું તો કોઇ વખત આત્મહિત થાય છે, પણ વીતરાગ વચનની જેણે પ્રતીતિ કરી નહીં અને તે થકી ઉલટી દૃષ્ટિ કરી તે જીવો આત્માનું કલ્યાણ કરી શકતા નથી–મહાબુદ્ધિમંત એવા શ્રીમુનિસુંદર ગુરૂજી મહારાજે ઉપ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેશ રત્નાકર નામનો ગ્રંથ બનાવેલો છે, તેમાં લખ્યું છે કે–**गाथा**

**धन्नाणं विहिजोगो, विहिपख आराहगासया धन्ना, ॥**
**विहिबहु माणी धन्ना, विहिपख्ख अदुसगा सया धन्ना ॥ १ ॥**

ભાવાર્થ–જેને નિકટ મોક્ષ છે, તેવા પુરૂષોને વિધિ યોગ હોય છે. તેવા પુરૂષોને ધન્ય છે. વળી ભગવંતે કહેલી જે વિધિ, ક્રિયા, આચાર, વર્તના, તેને આચરવાવાળા પુરૂષોને ધન્ય છે. વળી જે પોતાનાથી વિધિ માર્ગ થતો ન હોય તોપણ વિધિ માર્ગનું બહુમાન કરે છે, પ્રશંસેછે, સત્યમાનેછે, તેઓને પણ ધન્ય વાદ ઘટેછે. વળી જે વિધિ પક્ષને દૂષણ આપતા નથી અર્થાત્ તેને ખોટો કહેતા નથી, તેવા પુરૂષોને ધન્ય છે. કહ્યું છે કે–**गाथा**

**आसन्न सिद्धिआणं, विहिबहुमाणो हवंतिकेसिंपि. ॥**
**विहिचाओ अविहभत्ति, अभव्वदूरभव्व जीवाणां ॥ १ ॥**

જે આસન્નભવી પુરૂષો છે, તેવા કેટલાકને વિધિ માર્ગનું બહુ માન હોય છે. ગુરૂગમથી જે ચાલી આવેલી ક્રિયા અનુષ્ઠાન –સૂત્ર, નિર્યુકિત, ચુર્ણી, ભાષ્ય, વૃત્તિ, તે થકી વિપરીતપણું અભવ્ય જીવોને તથા દૂરભવ્ય પ્રાણીઓને હોય છે, એટલે અભવી તથા દૂરભવી તેને વિધિ માર્ગનો ખપ હોતો નથી અને તે વિધિનો ત્યાગ કરી ચાલે છે. માટે હે ચેતન! તું ઉત્સૂત્ર ભાષણ કરીશ નહીં. કારણ કે તેથી મહારૌરવ દુઃખ ભોગવીશ, અપેક્ષાએ જ્ઞાન અને ક્રિયાને સમજ! તથા વળી જે જીવ માંસ ભક્ષણ કરે છે, સુરાપાન કરે છે, જીવ ઘાત કરે છે, ચોરી, જુગાર, પરદારાગમનાદિ કરે છે, બાવીશ અભક્ષ્ય બત્રીશ અનંત કાયનું ભક્ષણ કરે છે, જુગાર રમે છે, પાપથી લક્ષ્મીનો સંચય કરે છે, તે જીવ અશુભ કર્મ ઉપાર્જન કરે છે. કલેશ કરવાથી, અને પરની નિંદા કરવાથી, જીવ અશુભ કર્મ ઉપાર્જન કરે છે.–ઉપદેશમાલામાં કહ્યું છે કે–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**परदोसे जयंतो न लहइ, अथ्थं जसं न पावइ. ॥**
**सुयणं विकुणइ सत्तुं, बंधइकम्मं महाघोरं. ॥ १ ॥**

ભાવાર્થઃ—ચેતન પારકાના દૂષણો=કાઢતો છતો અર્થ કાંઈ પામતો નથી અને પારકાનાઅપવાદ દૂષણો બોલતો છતો યશકીર્તિ પામી શકતો નથી, અને નિંદા કર્યાથી સજ્જન, મિત્રને પણ નિંદક પુરૂષ શત્રુ કરે છે. અને પર દોષ બોલતો છતો મહાઘોરકર્મ બાંધે છે. વળી અદેખાઈ, દ્વેષ વિના સંસારની કારણીભૂત એવી પારકાના દૂષણની કથા થતી નથી. એ માટે નિંદકપણું વર્જવું. માણસ ધારે છે કે, પારકાના દૂષણ કાઢીશ એટલે મારી મોટાઇ થશે પણ જાણતો નથી કે કોયલા ચાવે લાલ મુખ કદી થાય નહિ. કાળુંજ મુખ થાય, તેમ પારકી નિંદાથી પોતાની મહત્વતા ઓછી થાય છે, અને પરભવમાં દારૂણ દુઃખ ભોગવવું પડે છે. માટે આત્મહિતાર્થી જીવે પરનાં દૂષણ કદી ઉચ્ચારવાં નહિ. વળી જીવે માયા પણ કરવી નહિ. કપટથી હજારો વર્ષ સુધી ચારિત્ર પાલ્યું હોયછે, તોપણ નિષ્ફળ થાય છે. માસ માસને અંતે પારણું કરે. અને લુખું અન્ન વહોરે, પણ જો મનમાં કપટ છે તો તેથી અનંત વખત જન્મ મરણ થશે. —ભૂમિ શયન કરવું, કેશ લુંચન કરવું તે પણ સુકર છે, પણ માયાનો ત્યાગ કરવો દુષ્કર છે. શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયજીએ કહ્યું છે, કેઃ—

નગ્ન માસ ઉપવાસીયા સુણો સંતાજી,
શીથ લીએ કૃશ અન્ન ગુણવંતાજી;
ગર્ભ અનંતા પામશે સુણો સંતાજી,
જો છે માયા મન્ન, ગુણવંતાજી.

ઇત્યાદિક વચનથી માયાનો ત્યાગ કરવો. એજ હિતકારક છે. અઢાર પાપ સ્થાનક સેવવાથી અશુભ કર્મનો બંધ થાય છે. માટે હે ચેતન ! આશ્રવ દ્વાર સેવીશ નહિ. મનુષ્ય જન્મ પામી સંવર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરણી કર ! તેથી મોક્ષ સુખ પામી શકાય છે.

## ૮ આઠમી સંવર ભાવના.

આશ્રવનો નિરોધ ( રોકવું ) તેને સંવર કહે છે. સંવરના બે પ્રકાર છે. એક દેશ સંવર, અનેબીજો સર્વ સંવર તે અયોગી કેવલીમાં હોય છે, અને દેશ સંવર એક બે ઇત્યાદિ આશ્રવનો ત્યાગ કરનારમાં હોય છે, વળી સંવરના બીજા બે પ્રકાર છે. એક દ્રવ્ય સંવર અને બીજો ભાવ સંવર. તેમાં જે કર્મ પુદ્ગલ આશ્રવને જીવ ગ્રહણ કરે છે, તેઓને દેશથી અગર સર્વથી આવતા રોકવા તેને દ્રવ્યસંવર કહે છે, અને સંસાર કરણી ભૂત ક્રિયાનો ત્યાગ કરવા જે આત્માના અધ્યવસાય ઉપજે છે તે ભાવ સંવર છે.

આત્માર્થી પુરૂષ મિથ્યાત્વ અવિરતિ, કષાય, અને યોગ પ્રમુખનો ત્યાગ કરેછે અને આર્તધ્યાન અને રૌદ્રધ્યાન તજી ધર્મ ધ્યાન અને શુકલ ધ્યાન ધ્યાવેછે. ક્રોધ ને ક્ષમાથી જીતેછે. માનને મૃદુતાથી જીતેછે. માયાને સરલપણાથી જીતેછે અને લોભને સંતોષથી જીતેછે, પાંચઇંદ્રિયોના ત્રેવીશ વિષયોને જીતેછે, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિએ ગુપ્તો રહે છે; બાવીશ પરિસહને જીતેછે. દશ પ્રકારના યતિધર્મમાં લીન રહેછે. ષટ્ દ્રવ્યના ગુણપર્યાયનું સ્વરૂપ વિચારેછે, આત્મ ઉપયોગમાં વર્તેછે એવાને મોક્ષની લક્ષ્મી અવશ્યે પ્રાપ્ત થાય છે.

## ૯ નવમી નિર્જરા ભાવના.

સંસારની કારણીભૂત જે કર્મની સંતતિ તેનો અતિશયથી જે નાશ કરે તેને નિર્જરા કહે છે. નિર્જરા બે પ્રકારની છે, એક સકામ નિર્જરા અને બીજી અકામ નિર્જરા; તેમાંથી સકામ નિર્જરા તો સમક્તિ ધારી–સાધુ શ્રાવકને હોય છે. બાકીના યોગી સન્યાસી ફકીરવગેરેને અકામ નિર્જરા હોય છે. અમારા કર્મની નિર્જરા થાય અને અમને મોક્ષ મળે એવા આશયથી જે પુરૂષો તપ પ્રમુખ કરે છે, તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સકામ નિર્જરા કરે છે. અને એકેન્દ્રિય, દ્વીન્દ્રિય, આદિ જીવોને વિશેષ જ્ઞાન તો નથી પરંતુ–વધ, બંધન, છેદન, તાડના, અને તર્જના આદિ કષ્ટ ભોગવવાથી કર્મની નિર્જરા થાય છે, તે અકામ નિર્જરા છે. નિર્જરાના બાર ભેદ છે. છ બાહ્ય અને છ આભ્યંતર તેની ગાથાઃ—

अणसण मुणोआरिया, वित्तिसंखेवणं रसच्चाओ ॥
कायकिलेसोसंलीण याय वज्जो तवो होइ ॥ १ ॥

એ છ બાહ્ય નિર્જરાના ભેદ છે. તથા આભ્યં ર નિર્જરાના છ ભેદ કહે છે તેની ગાથા.—

पायछित्तं विणओ, वेयावच्चं तहेव सज्जाओ. ॥
झाणं उस्सग्गोविअ, अभिंतरओ तवो होई ॥ १ ॥

ઈત્યાદિથી કર્મ કલંક દૂર થાય છે. માટે હે ભવ્ય જીવો વ્રત પચ્ચખાણનો આદર કરો. બાલ તપસ્વી ગ્લાની જ્ઞાનીનું વૈયાવચ્ચ કરો. જીર્ણોદ્ધાર કરો. શત્રુંજયાદિ તીર્થની યાત્રા. ચૈત્ય ભક્તિ તથા ઉભય કાળ આવશ્યક કરણી કરો, કર્મસૂડન કનકાવલી સિંહ નિક્રીડિત વર્ષી પ્રમુખ તપ કરો. પોસહ સામાયક પ્રમુખ કરણી કરો. ગુરૂ ઉપદેશ વિનય પૂર્વક સાંભળો તથા જ્ઞાનનો અભ્યાસ કરો. બીજા ભવ્ય જીવોને જ્ઞાન ભણાવી સમ્યકૃત્વ દાન આપો કે જેથી મહાનિર્જરા થાય. દ્રઢપ્રહારી તથા મૈતાર્ય મુનિ, ઢંઢણકુમાર તથા સુકોશલ મુનિ વગેરેએ નિર્જરાથી કઠીણ કર્મ ખપાવ્યાં છે. ગજસુકુમાર, મુનીશ્વરને ધન્ય છે કે જેને સોમીલ બ્રાહ્મણે માથાની ખોપરીમાં અંગારા ભરી મહાદુઃખ દીધે છતે પણ જરા માત્ર ક્રોધ કર્યો નહીં, અને કઠીણ કર્મ ખપાવ્યાં. વળી ચૌદ હજાર મુનિમાં ઉત્કૃષ્ટ અને જેની વીર ભગવંતે પ્રસંશા કરી એવા ધન્ના મુનિને ધન્ય છે. હે જીવ! તું પણ એવા તપ ક્યારે આદરીશ. નિર્જરાથી જીવ મોક્ષ સુખ પામે છે.

૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૧૦ દશમી લોકસ્વભાવ ભાવના.

પૃથ્વી, ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા, પર્વત, નરક, સ્વર્ગ અને લોકાકાશ મળી એક લોક કહેવાય છે. લોકનો આકાર જૈનાગમમાં આ પ્રમાણે બતાવ્યો છે. જેમ કોઈ પુરૂષ જામો પહેરીને પોતાની કમરમાં બન્ને હાથ લગાડી પગ પસારી ઉભો રહે તેના આકારે લોક છે. તે લોક ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલ અનેજીવ એ છ દ્રવ્યથી વ્યાપી રહ્યોછે તથા ઉત્પત્તિ, વ્યયઅને ધ્રૌવ્યએ ત્રણે સ્વરૂપસંયુક્તછે. અનાદિ અનંતછે કોઇનો બનાવેલ નથી. કેટલાકજીવોજગત્ કર્ત્તા ઇશ્વિરને માનેછે તથાજીવોને પણ ઇશ્વર બનાવે છે. તે તેમનું માનવું શશશૃંગવત્ ખોટું છે. એ લોકના ત્રણ ભેદ છે. ૧ ઉર્ધ્વ લોક અધો લોક, અને તીર્છો લોક. પુરૂષાકારેજે લોક છે, તેની નાભિની નીચી જગ્યા તેને અધો લોક કહે છે. તે અધો લોક સાત રાજથી કાંઇકઝાઝેરો છે. તથા સાતરાજ માઠેરો નાભિથકી ઉપરનો ભાગ છે, તેને ઉર્ધ્વ લોક કહે છે. તથા જે નાભિની જગ્યાનો ભાગ છે. તેને તીર્છા લોક કહે છે, હવે તે ત્રણ લોકનું કિંચિત્ સ્વરૂપ દેખાડીએ છીએ. અધો લોકનેવિષે સાત પૃથ્વી છે, પહેલી પૃથ્વી રત્ન પ્રભા નામે .છે. રત્નપ્રભા પૃથ્વીનો એક લાખને એંશી હજાર પિંડ છે. તે મેરૂ પર્વતની સમભૂતલા પૃથ્વીના ભાગ થકી ગણવો, હવે એક લાખ અને એંશી હજાર પૃથ્વીના પિંડમાંથી એક હજાર નીચે મુકીએ અને ઉપર એક હજાર યોજન ઉપર મુકીએ–બાકી મધ્યમાં એક લાખને અઠ્ઠોતેર હજાર પૃથ્વીનો પિંડ રહ્યો. તેમાં તેના તેર ભાગ કરીએ તેમાં તેર નરકના પાથડા છે. તેના વચલા આંતરા બાર રહ્યા તે મધ્યે દશ આંતરામાં ભુવનપતિની, દશ નિકાયના દશ દેવતાઓ છે, અને બે આંતરાં ખાલી છે. હવે હજાર યોજન જે પૃથ્વી ઉપર રહી તે મધ્યે સો યોજન ઉપર મૂકીએ અને સો યોજન નીચે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુકીએ મધ્યે આઠસેં યોજન મધ્યે આઠ વ્યંતર નિકાયના દેવો રહે છે. તથા ઉપરના સો યોજન રહ્યા તેમાં દશ યોજન નીચે મુકીએ અને ઉપર દશ યોજન ઉપરમુકીએ, બાકીના મધ્યના એંશી યોજનમાં આઠ જાતિના વાણ વ્યંતર દેવો રહે છે. ભુવનપતિ તથા વ્યંતર જાતિના દેવોને રહેવાને રત્નમય આવાસ છે. પહેલી નરકના તેર પાથડાથાય તેના સર્વ મળીને ૩૦ ત્રીશ લાખ નરકા વાસ છે, તે નરક પૃથ્વી નીચે એક રાજ ખાલી છે, ત્યાર બાદ બીજી નરક પૃથ્વી આવેછે, બીજી નરકમાં અગીયાર પાથડા છે, ત્યાંથી એક રાજ ગએ છતે ત્રીજી પૃથ્વી વાલુકપ્રભા નામે આવેછે તેમાં નવ પાથડા છે. ત્યાંથી એક રાજ ગએ છતે ચોથી પૃથ્વી પંકપ્રભા નામે આવેછે તે મધ્યે સાત પાથડા છે. ત્યાંથી એક રાજ ગએ છતે પાંચમી પૃથ્વી ધૂમ પ્રભા નામે આવેછે તે મધ્યે પાંચ પાથડા છે. ત્યાંથી એક રાજ ગએ છતે છઠ્ઠી પૃથ્વી તમઃપ્રભા નામે આવેછે ત્યાં ત્રણ પાથડા છે. ત્યાં થકી એકરાજ ઝાઝેરી સાતમી તમતમઃપ્રભા નામે પૃથ્વી આવેછે ત્યાં અત્યંત અંધકાર છે, તે સાતમી પૃથ્વીની ઘણી વેદના છે, ત્યાંથી એક રાજ ગએ છતે અલોક આવે. હવે સાતે પૃથ્વીનું પહોળાપણું કહે છે– પહેલી પૃથ્વી એક રાજ લાંબી પહોળી છે, બીજી પૃથ્વી બેરાજ લાંબી પહોળી છે, ત્રીજી પૃથ્વી ત્રણ રાજ લાંબી પહોળી છે. ચોથી પૃથ્વી ચાર રાજ લાંબી પહોળી છે.

પાંચમી પૃથ્વી પાંચ રાજ લાંબી પહોળી છે. છઠ્ઠી પૃથ્વી છ રાજ લાંબી પહોળી છે, સાતમી પૃથ્વી સાત રાજ લાંબી પહોળી છે, પહેલી નરકના કરતાં બીજી નરકની અનંત ગણી વેદના છે, એમ ઉત્તરોત્તર સાતમી નરકમાં અનત ગુણી વેદના વધારે જાણવી એનો ઘણો વિસ્તાર પન્નવણા અને જીવાભિગમમાં છે.

હવે તીર્છા લોકનું સ્વરૂપ કહે છે. પ્રથમ જંબુદ્વીપ એક લાખ યોજનનો લાંબો પહોળો છે અને તેને સર્વ દ્વીપ સમુદ્ર વીટીં રહ્યો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. તેના મધ્ય ભાગમાં મેરૂ પર્વત છે. તે એક લાખ જોજન ઉંચે। છે, દશહજાર યોજન લાંબો પહોળો છે, તેની પૂર્વ પશ્ચિમ દિશાએ મહા વિદેહક્ષેત્રની શોળ શોળ વિજયો છે, બન્ને મળી બત્રીશ વિજયો છે, તથા હિમવંત અને મહા હિમંવત આદિ છ ક્ષેત્ર જુગલીઆ જીવોના છે, તથા એક ભરતક્ષેત્ર અને ઐરાવત એ બે કર્મ ભૂમિનાં ક્ષેત્ર જંબુદ્વીપમાં છે, તે ઉત્તર દક્ષિણે છે. તથા છપન્ન અંતર દ્વીપ છે, તથા જંબુદ્વીપને જગતિનો કોટ છે. તેને ચાર દરવાજા છે, તથા ઉતરકુરૂને વિષે સુદર્શન નામા જંબુ વૃક્ષ છે, જંબુદ્વીપને ફરતો લવણ સમુદ્ર જાણવો, લવણ સમુદ્ર બેલાખ યોજનનો છે. તે મધ્યે પાતાળ કલશા છે, તે મધ્યેથી જ્યારે પાણી ઉભરાય છે. ત્યારે ભરતીઓ થાય છે. તેનું પાણી ખારૂં છે, તેને પણ ફરતી જગતિ આવી છે તેની વરધી ૧૬ સોળ લાખ જોજન માંહી છે. તેને ફરતો ધાતકીખંડ છે, તેને વિશે જંબુદ્વીપ કરતાં બમણા ક્ષેત્ર જાણવા. તથા મેરૂ પર્વત પણ બે જાણવા. એ બે મેરૂ પર્વત ૮૪ ચોરાશી હજાર યોજન ઉંચા છે. તથા બે ઇક્ષ્વાકુ પર્વત છે. તથા ધાવડીનું વૃક્ષ છે, તેને ફરતી જગતિ છે. તે દ્વીપ ચાર લાખ જોજન પહોળો છે, તેની પરિધિએકતાળીસ લાખ યોજન ઝાઝેરી છે. તેને ફરતો કાળોદધિ નામે સમુદ્ર છે. તે આઠ લાખ યોજનનો પહોળો છે. તેની ફરતી એકાણું લાખ યોજન ઝાઝેરી છે. તેને ફરતો પુષ્ખરવર નામે દ્વીપ છે, તેના મધ્યભાગને વિષે માનુષ્યોત્તર પર્વત વલયાકારે પડયો છે. તેની અંદરમાં અડયો જે દ્વીપ તે મધ્યે સર્વ ધાતકી ખંડની પેઠે સમજી લેવું, પરંતુ તેનાં ક્ષેત્ર ધાતકી ખંડ કરતાં બમણાં મોટાં છે. એ અઢી દ્વીપમાં મનુષ્યની વસતિ છે, તથા અઢીદ્વીપમાંજ મનુષ્યનું જન્મ અને મરણ થાય છે. અઢીદ્વીપ બહાર મનુષ્યનું જન્મ મરણ થતું નથી. અઢીદ્વીપને વિષે તીર્થંકર,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેવળી, ગણધર, આચારજ, ઉપાધ્યાય અને સાધુ ઇત્યાદિ ધર્મ પ્રરૂપનાર હોય છે.

અઢીદ્વીપની બહાર દેવતા તથા તિર્યંચનો રહેવાસ છે, અઢી દ્વીપની બહાર અસંખ્યાતા દ્વીપ સમુદ્ર છે. છેલો સ્વયંભૂ રમણ નામે દ્વીપ છે. તેવા રાજના વિખંભે ( એક રાજનો ચોથો ભાગ ) પહોળોછે. તે થકી સ્વયભૂ રમણ નામા સમુદ્ર પહોળોછે. એટલે અડધો રાજલોક ઝાઝેરો પહોળો છે. અઢીદ્વીપની બહાર જે ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારા છે, તેસ્થિર છે. જ્યાંસૂર્ય છે ત્યાં સદા દિવસ હોય છે, અને જ્યાં ચંદ્ર હોય છે. ત્યાં સદા રાત્રી હોયછે. ચંદ્ર તથા સૂર્યનું આંતરૂ પચાશ હજાર યોજનનું છે. હવે ઉર્ધ્વ લોકોનું સ્વરૂપ કહે છે.—

પહેલો દેવલોક સુધર્મ નામનો છે, ત્યાં બત્રીશ લાખ વિમાન છે, સર્વ રત્નમય છે, તે થકી ઉત્તર દિશાએ બરાબર ઇશાનદેવ લોક છે તેને વિષે અઠ્ઠાવીશ લાખ વિમાન છે, તેના ઇંદ્રનું નામ દેવલોકને નામે સમજી લેવું તે બે દેવલોક લગડીને આકારે છે, તેના ઉપર સનત્ કુમાર દેવલોક દક્ષિણ દિશાએ છે તેમાં બાર લાખ વિમાન છે; તે થકી ઉત્તર દિશાને વિષે મહેંદ્રનામા દેવલોક છે તેને વિષે આઠ લાખ વિમાન છે, તેના ઉપર પાંચમું બ્રહ્મ દેવલોક છે, તેના વિષે ચાર લાખ વિમાન છે, તથા કૃષ્ણરાજી ત્યાં છે, તથા નવ લોકાંતિક દેવનાં નવ વિમાન છે. તે તીર્થંકરની દિક્ષા સમયે સૂચના આપવામાં આવે તે દેવોને રહેવાનું ત્યાં છે, તે દેવલોક પાંચ રાજ લાબું પહોળું છે, તેના ઉપર છઠું લાંતક નામા દેવલોક છે, તેને વિષે પચાસ હઝાર વિમાન છે,તેના ઉપર સાતમું મહાશુક નામા દેવ લોક છે, તેને વિષે ચાલીશ હઝાર વિમાન છે. તેના ઉપર આઠમું સહસ્રારનામા દેવલોક છે, તેને વિષે છ હઝારવિમાન છે, તેના ઉપર નવમું આનત નામા દેવ લોક છે, તે થકી ઉત્તર દિશિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દશમું પ્રાણુત નામા દેવલોક છે, તે બે દેવ લોકનાં મળીને ચારસે વિમાન છે, તે બે દેવ લોકને વિષે પ્રાણુત નામા એકઇંદ્ર છે. તે ઉપર આરણ નામા દેવલોક દક્ષિણ દિશામાં છે. તે થકી ઉત્તર દિશાને વિશે અચ્યુત નામા બારમો દેવલોક છે, તે બે દેવલોકના મળીને ત્રણસો વિમાન છે. તે બે દેવલોકનો અચ્યુત નામનો એક ઇંદ્ર છે. એ બાર દેવલોકના કલ્પ દેવતા છે. તે ઉપરનાને કલ્પાતીત કહે છે. બાર દેવલોક ઉપર નવ ગ્રૈવેયક છે, તે નવ ગ્રૈવેયકના ત્રણસોને અઢાર વિમાન છે, તે ઉપર પાંચ અનુત્તર વિમાન છે. તેનાં નામ.

૧-વિજય ૨-વિજયંત ૩-જયંત ૪-અપરાજીત ૫-સર્વાર્થ સિદ્ધ-તે મધ્યે વિજયાદિક ચાર વિમાન ચાર દિશાને વિષે છે. અને પાંચમું સર્વાર્થ સિદ્ધ નામા વિમાન લાખ યોજન લાંબું પહોળું મધ્ય ભાગમાં છે. તે વિમાનની ધ્વજા થકી બારયોજન ઉપર સિદ્ધ શિલાછે. તે મધ્યમાં આઠજોજન જાડીછે. છેડે માખીની પાંખ જેવી છેડપાતળી છે. તે પીસ્તાલીશ લાખ યોજનની લાંબી પહોળી છે. તે સિદ્ધશિલાઉપર એક યોજના ત્રેવીશ ભાગ મૂકીને ઉપર ચોવીશમા ભાગમાં સિદ્ધ, પરમાત્મા અજર, અમર, અવિનાશી, અનંત જ્ઞાનમય, અનંતદર્શનમય, અનંતચારિત્રમય, એવા અનંત ગુણાધારી છે, એક સમયમાં ચોદરાજ લોકમાં રહેલા દ્રવ્ય ગુણ પર્યાયને જાણી રહ્યા છે.

પહેલા તથા બીજા દેવલોકના દેવતા મનુષ્ય, તિર્યંચ, પૃથ્વી, પાણી, વનસ્પતિમાં ઉપજે, તથા આઠમા દેવલોકનાં દેવ મનુષ્ય તીર્યંચમાં ઉપજે, અને તીર્યંચ જીવ આઠમા દેવલોક સુધી જાય છે, હવે તે ચોદરાજ લોક ઉંચપણે છે. તે મધ્યે એક રાજ-લોક લાંબો પહોળ પણે ચઉદ, રાજ સુધી તેને ત્રસ નાડી કહે છે. એ ત્રસ નાડી ને વિષે ત્રસ જીવ છે, બાકી સર્વ લોકને વિષે પાંચ થાવર ભરેલાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હે ચેતન! તું એ ચઉદ રાજલોકને અનંત વાર જન્મ મરણે કરી ફરસ્યો છે, તેનું કારણ અજ્ઞાન મિથ્યાત્વ છે. જ્યાં સુધી શુદ્ધ ધર્મની પ્રાપ્તિ થતી નથી ત્યાં સુધી જીવ સંસારનો પાર પામી શકતો નથી. સદ્ધર્મની પ્રાપ્તિ થવી અત્યંત દુર્લભ છે, તે હવે દેખાડે છે.

## ૧૧ બોધિ દુર્લભ ભાવના.

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, અને વનસ્પતિ, તેમાં પોતાના કરેલા ક્લિષ્ટ કર્મથી જીવ પરિભ્રમણ કરે છે, આ ભયાનક સંસારમાં અનંતા અનંત પુદ્ગલ પરાવર્તન કરતાં થકાં આ જીવ અકામ નિર્જરાથી તેમજ પુણ્ય ઉપાર્જન કરવાથી બેરેંદ્રિય તેરેંદ્રિય ચૌરેંદ્રિય અને પંચેંદ્રિયરૂપ ત્રસપણું પામે છે. કહ્યું છે કે—

### ॥ गाथा ॥

नरत्तं आयरियाखित्तं खित्तेविविउलंकुलं ।
कुलेविउत्तमाजाइ जाइए रूव संपया ॥१॥
रूवे त्रिहु अरोगित्तं अरोगित्ते चिरिजीवियं ।
हियाहियं चविन्नाणं जीविये खलु दुलहं ॥ २ ॥

ભાવર્થ–મનુષ્યપણું પામ્યા છતાં પણ આર્ય ક્ષેત્ર પામવું દુર્લભ છે. અને આર્ય ક્ષેત્ર પ્રાપ્ત થયે છતે પણ સારૂ કુળ પામવું દુર્લભ છે, અને કુળને વિષે પણ ઉત્તમ જાતિ પામવી દુર્લભ છે. અને જાતિ પામ્યા છતાં પણ પંચેંદ્રિય સંપૂર્ણઆદિ સંપદા પામવી દુર્લભ છે. અને પંચેંદ્રિયાદી રૂપ સંપદા છતાં પણ અરોગિત્વ એટલે નિરોગીપણું પ્રાપ્ત થવું દુર્લભ છે. અને રોગ રહિત કાયા છતે પણ લાંબા વખત સુધી જીવવું તે દુર્લભ છે. અને લાંબા વખત સુધી જીવી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તવ્ય પામ્યા છતાં પણ વીતરાગ આજ્ઞા પ્રમાણે હિત અને અહિતનું જાણવું નિશ્ચયે કરીને દુર્લભ છે

॥ गाथा ॥

सद्धम्मसवणंतंमि सवणे धारणं तहा, ।
धारणे सद्दहाणंच सद्दहाणे वि संजमो ॥ ३ ॥

ભાવાર્થ—તેમાં પણ સદ્ધર્મ જે વીતરાગ પ્રરૂપિત, તેનું શ્રવણ તે દુર્લભ છે અને શ્રવણ ધારી રાખ્યાં છતાં પણ સર્દ્હણા થવી અત્યંત દુર્લભ છે, અને તેમ છતાં પણ સંયમની પ્રાપ્તિ થવી અતિઘણી કઠીણ છે, બોધિ બીજને રોપનારી કર્મક્ષય કરનારી એવી અરિહંત ભગવાનની વાણીનો લાભ થવો અત્યંત દુર્લભ છે, જો આ જીવે એકવાર પણ સમ્યકૃત્વ રૂપ બોધિનું પાલન કર્યું હોત તો આટલા ભવ સુધી સંસારમાં રખડવું ન પડત. જે પુરૂષો અતીત કાળમાં સિદ્ધ થયા વર્તમાન કાળમાં સિદ્ધ થાય છે, અને ભવિષ્ય કાળમાં મોક્ષ જશે, તે સર્વ બોધિ બીજનું ફળ છે, તે કારણથી ભવ્ય જીવોએ બોધિબીજની પ્રાપ્તિ થવામાં યત્ન કરવો જોઇએ. શ્રીમુનિસુંદરજી મહારાજજીએ ઉપદેશ રત્નાકર ગ્રંથમાં કહ્યું છે કે—

गाथा.

संसार सागर मिणं परिभमंतेहि सव्व जीवेहिं ॥
गहिआणि अमुक्काणिअ अणंतसोदव्वलिंगाई ॥१॥

ભાવાર્થ—આ સંસારરૂપ સાગરને વિષે ભમતા એવા સર્વ જીવોએ અનંતિવાર દ્રવ્યલિંગ ગૃહણ કર્યાં અને મુકયાં પણ મુક્તિ થઈ નહીં કારણ કે સમ્યકત્વ વિના દ્રવ્ય લિંગ એકલું કશું કંઇ કરી શકતું નથી. જેથી કહ્યું છે કે દર્શન થકી ભ્રષ્ટ થયો તે ભ્રષ્ટ થયોજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાણુવો અને દર્શન થકી ભ્રષ્ટ થયેલાને નિર્વાણ પદ નથી, ચારિત્ર રહિત નિર્વાણ પદ પામે છે. દર્શન એટલે શુદ્ધ દેવ, શુદ્ધ ગુરૂ અને શુદ્ધ ધર્મ, એની જેને પક્કી શ્રદ્ધાછે તે સમ્યક્ દર્શની કહેવાય છે. વીતરાગ ભગવંતે ષડ્ દ્રવ્ય ભાખ્યાં છે, તેની સાતનયે તથા સપ્તભંગીએ કરી જે સદ્દહણા તે રૂપ જે દર્શન તે થકી રહિત મનુષ્યો મોક્ષ પામતા નથી, મિથ્યાત્વથીહે ચેતન ! તું ચાર ગતિમાં રખડે છે, માટે તું જિનેશ્વર પ્રરૂપિત ભાવની સદ્દહણા રાખ. કેટલાક જીવો ધર્મ સમજ્યા એવું નામ ધરાવીને દેવી, અને જક્ષ વગેરેની માનતા માનેછે, તેને પૂજેછે, કોલેરા વગેરે રોગો થાય છે ત્યારે જાણે છે કે એ તો માતાનો કોપ થયો માટે હવન હોમ કરો, પણ જાણુતા નથી કે માતાને કોપ કરવાનું શું કારણ? શું તમોએ તેને ગાળો દીધી હતી? અગર તેનું કાંઇ બગાડયું હતું? વળી જે પુરૂષો હવનહોમ કરતાં કરતાં મરી જાય છે, તેના ઉપર શું માતાનો કોપ થાય છે ? વાહરે વાહ! વળી કહેવાનું કે કોઇ માણસ માતા મેલડી, અને જોગિણીની ઉપાસના કરતો હોય તેને તો કોલેરા વગેરે રોગો ન થવા જોઇએ પણ થતા દેખવામાં આવે-છે, માટે મરણ આગળ કોઇનું જોર ચાલતું નથી. અરે ભાઇ, તે માતા જોગિણી વગેરેને પણ મરણ છે તેને પણ આયુષ્ય પુરૂ થાય-છે ત્યારે મરવું પડે છે. માટે હે ભવ્ય જીવો? તમો ફંદમાં ફસાઇ જો દેવ ગુરૂની શ્રદ્ધા નહીં રાખશો તો અનંતકાળ સંસારમાં રખ-ડશો. તમારે એક દીવસ તો મરવુંજ છે, તે શું નથી જાણુતા ? માટે તેનો ભય રાખ્યો શા કામમાં આવવાનો છે; વળી જે માતા, મેલડી, અને જોગિણીના હવન હોમને માનતાનથી અને તેના કરનારને અટકાવે છે, તેમની નિંદા કરે છે તેને કેમ માતા રોગ ઉત્પન્ન કરતી નથી? હે ભવ્ય જીવો! જ્યાં સુધી આયુષ્યની મર્યાદા છે, ત્યાં સુધી કોઇનાથી કંઇ થવાનું નથી, જુઓ યશોધરનું ચરિત્ર; તેણે કુકડો લોટનો બનાવેલો હતો તેના ભક્ષણુથી કેટલા ભવ રખડવા પડયા છે. તે જરા વાંચી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિચારજો, તેને કેવાં કેવાં દુઃખ પડયાં છે, અને કેવા કેવા ખરાબ અવતાર આવ્યા છે. તે વાંચવાથી માલૂમ પડશે. જે વીતરાગ ભગવંતથી નથી બન્યું તે બીજાથી કેમ બનવાનું છે, તે જરા વિચારો, સારાંશ કે શંકા, કંખા જીન વચનમાં કરવી નહીં.

सव्वाइं जिणेसरभासिआइं, वयणाइंनन्नहाहुंति;
इअबुद्धिजस्समणे सम्मत्तंनिच्चलंतस्स ॥ १ ॥

જીનેશ્વરે કહેલાં સર્વ વચનો સત્ય છે, અન્યથા નથી એવી જેના મનમાં બુદ્ધિ છે તેનું નિશ્ચલ સમકિત જાણવું. ઘણું શું કહેવું. હે ભવ્ય જીવો? આ પંચમ કાલમાં કુગુરૂઓ ધર્મ એવું નામ ધરાવી બીચારા જીવોને ઠગે છે અને ચાર ગતિમાં રખડાવે છે, વળી વીરશાસનમાં પણ નિન્હવ મતિયા વગેરે પણ ભગવાનના વચનથકી વિપરીત પ્રરૂપણા કરનારા જાણવા, અને તેમની સંગતિથી બોધિબીજનો નાશ થાય છે અને કદાપિ પ્રાપ્ત થયું હોય તો પણ નાશ થાય છે. માટે હે ભવ્ય જીવો ! સુગુરૂનો સંગકરો અને જ્ઞાનાભ્યાસ ખુબ કરો કે જેથી સત્ય સ્વરૂપ માલુમ પડે. વીતરાગ ભગવંતે કહેલાં વચન સત્ય છે એવું તમો હૃદયમાં ધારણ કરો. એમ કરવાથી આત્મા અનંત સુખ પામશે. વીતરાગ ભગવંતે કહેલ સંયમ માર્ગમાં પ્રવર્તન કરવું. હાલ બકુશ અને કુશીલચારિત્ર છે, અને સાધુ આદિ ચતુર્વિધ સંઘ છે એમ શ્રદ્ધા કરવી.

## ૧૨ ભાવના.

ધર્મ કથાના કહેનારા અરિહંત છે, એની ભાવના લખીએ છીએ. જે પુરૂષ પરહિત કરવામાં ઉદ્યમી છે, તથા વીતરાગ છે, તે કદાપિ કોઈ પણ સ્થળે અસત્ય કથન કરતા નથી. વળી વીતરાગ ભગવાન્ અઢાર દોષ રહિત છે, તે ગણાવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**अन्नाण कोहमय माण, लोहमायारइअरइअ,**
**निद्दासोग अलिअ वयणाइं, चोरिआमच्छरभयाइं ॥ १ ॥**
**पाणिवहपेमक्रीडा, पसंगहासाय रइ अरइ दोसा,**
**अठारसविप्पणट्ठा नमामि देवायदेवत्तं ॥ २ ॥**

એ અઢાર દોષ રહિત જે દેવ છે, તેને કદાપિ જુઠું બોલવાનું કારણ નથી; જેને અનંત કેવલજ્ઞાન પ્રગટ થયું છેતેને પોતાના જ્ઞાનમાં જે જે પદાર્થ ભાસ્યા તેને તે પ્રમાણે કહ્યા છે. તે પક્ષપાત રહિત છે, કદાગ્રહ રહિત છે. જેમને જુઠું બોલવાનું કોઇ પણ કારણ નથી, તેઓ સત્ય ધર્મ કહી શકે છે, બીજા રાગી દ્વેષી, કદાગ્રહી, અને કપટી, સત્ય ધર્મ કથન કરી શકતાનથી. જે ભગવંતે પ્રરૂપેલા ધર્મને આદરી કરી ભવી જીવ સંસાર સમુદ્રને તરી મુક્તિ સુખ પામે છે તે ભગવંતનો અનહદ ઉપકાર છે.

કુતીર્થિઓનાં વચન સર્વ સદ્ગતિનાં વૈરી છે; કારણકે યજ્ઞાદિક પશુવધ રૂપ હિંસા કરવાથી કલંકિત છે, પૂર્વાપર વિરોધી છે, નિરર્થક ગપાષ્ટક બહુ વચનો છે. તે કારણથી મિથ્યાત્વીઓ જે ધર્મ કહે છે તે ધર્માભાસ છે, ખોટો છે, અને તેનાથી કંઇ મોક્ષ મળતો નથી અને અનંત સંસાર રખડવું પડે છે. મિથ્યાત્વીઓ આ સંસારમાં મિથ્યાત્વ રૂપ યજ્ઞમાં મુગ્ધ જીવોને હોમી દેછે, તેથી તે દ્રવ્યથી અને ભાવથી એમ બેથી હિંસક છે, ઉત્તમ કુળ, ચક્રવર્તિ, વાસુદેવઅને ઇંદ્રની પદવી પામવી તે પણ જૈન ધર્મનો પસાયછે. જેને કોઇ મિત્ર નથી, બન્ધુ નથી, નાથ નથી, જે રોગીને વૈદ્ય નથી, જેની પાસે ધન નથી, તેમજ જેનામાં ગુણ નથી, તે સર્વના બંધુ, મિત્ર, નાથ, વૈદ્ય તથા ગુણનો નિધાન ધર્મ છે. વીતરાગ ભગવંતે કહેલો ધર્મ સત્ય છે, એમ જે ધારે તે જીવ શિવ સંપદા પામેછે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**એ પ્રમાણે બાર ભાવના ભાવતાં ઘણાં કર્મ ખપે છે અને આત્માભિમુખ થવાય છે, ઇતિ બાર ભાવના સંપૂર્ણ.**

વળી તે પાયામાં ચાર ભાવના ભાવવી તે બતાવે છે. **૧ જ્ઞાન ભાવના, ૨ દર્શન ભાવના, ૩ ચારિત્ર ભાવના, અને ૪ વૈરાગ્ય ભાવના.**

જ્ઞાન ભાવનાથકી આત્મસ્વરૂપમાં રમણતા સ્થિરપણું પ્રાપ્ત થાય છે, મિથ્યાત્વરૂપ અંધકાર દૂર થાય છે, અને પરવસ્તુ સાચી ભાસતી નથી.

દર્શનભાવના થકી મંત્ર તંત્ર અને પર દર્શનીય ચમત્કાર દેખી મોહ પામતો નથી. જણાયછે કે દૃશ્ય સર્વ પુદ્ગલ બાજી છે; એમાં આત્મીય કંઇ નથી.

ચારિત્ર ભાવનાથકી પૂર્વકૃત કર્મનો નાશ થાય છે અને નવાં કર્મ રોકાય છે.

વૈરાગ્ય ભાવના થકી કઠીણ કર્મ પણ નાશ પામે છે, ઉદાસીનતા પ્રગટે છે, સંસાર અસાર લાગે છે. સ્ત્રી, પુત્ર, ધન, અને કુટુમ્બ, પ્રમુખ વસ્તુ ઉપર રાગ થતો નથી. આ ચાર ભાવના ભાવવાની તીર્થંકર મહારાજે આજ્ઞા કરેલી છે અને તેથી ધ્યાનમાં સ્થિરપણું થાય છે. મનરૂપી માંકડું આ ચાર ભાવનાથી વશ થઇ શકે છે. મન જીતવું અતિ કઠીણ છે. યુદ્ધમાં લાખો ગમે સૈન્યને જે પુરૂષ જીતી શકે છે તે પુરૂષ પણ મનરૂપી માંકડાને વશ કરી શકતો નથી. વળી મનનો વ્યાપાર મોટો છે કે, જે વ્યાપારથકી સાતમી નરકમાં જવાયછે અને તેજ મનના વ્યાપારથી મોક્ષમાં જઇ શકીએ છીએ. કહ્યું છે કેઃ—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## गाथा.

मणवावारो गरुओ, मणवावारोहि जिणेहिपन्नत्तो,
जोनेइ सत्तमाए । अहवामुख्खं पराणेइ ॥ १ ॥

વળી કહ્યું છેકેઃ—

## ॥ गाथा ॥

मण मरणे इंदियमरणं । इंदियमरणेण मरंति कम्माइं
कम्म मरणेण मुख्खो, तम्हा मण मारणा बिंति ॥ १ ॥

ભાવાર્થ—મનને મારવાથી એટલે મનમાં ઉઠતા એવા વિકલ્પ સંકલ્પનો રોધ કરવાથી ઇંદ્રિયો મરેછે, સારાંશ કે ઇંદ્રિયો સ્વયમેવ શાંત થાય છે, અને ઇંદ્રિયો શાંત થવાથી કર્મનો નાશ થાય છે, અને નવાં કર્મ આવતાં અટકાય છે, એમ સમ્યક્ રીતે કર્મનો નાશથવાથી મોક્ષ ગતિ પ્રાપ્ત થાય છે. માટે ધ્યાનની ઇચ્છાવાળા પુરૂષે પહેલું મનને જીતવું જોઇએ. ધ્યાન કરનાર પુરૂષે કોઈના શબ્દ સંભળાય નહીં એવી એકાંત જગ્યાએ બેસવું, વૈરાગ્યે કરી મનને વશ કરવું. જે પુરૂષનું મન વશ નથી તે ધ્યાન કરવા શી રીતે સમર્થ થાય? અને ધ્યાનદશા વિના મુક્તિ શી રીતે મળે? માટે ધ્યાન કરનારાએ ચિત્ત નિરોધ કરવો, જે જે પુદ્ગલ સંબંધી પદાર્થ દેખવામાં આવે છે તે ઉપર મોહ રાખવો નહીં. અલ્પાહારી હોય, સ્ત્રી સંગ રહિત હોય, ખટપટી ન હોય, ક્રોધી ન હોય, રાગી ન હોય, અસત્યવક્તા ન હોય, જ્ઞાની હોય, ઉદાસીન વૃત્તિ વાળો હોય, શરીર ઉપર પણ જેને મમતા ન હોય, આહાર ઉપર પણ આસકિત ન હોય, સંતુષ્ટ ચિત્તવાળો હોય, કપટી ન હોય, નિંદક ન હોય, યશની ઇચ્છાવાળો ન હોય, માન અને અપમાનને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમ ગણવાવાળો હોય, પોતાના શિષ્ય તથા પારકાના શિષ્ય ઉપર સમભાવવાળો હોય, ભોગી ન હોય, સંસારનો ભય વાળો હોય, આ શરીરને ક્ષણ ભંગુર જાણતો હોય, હઠ વાદી ન હોય, અને વીતરાગ વચનાનુસારે ચાલનારો હોય, તે પુરૂષ ધર્મ-ધ્યાન અને શુકલ ધ્યાન ધ્યાયી શકે છે.

રેચક, પુરક, અને કુંભકરૂપ પ્રાણાયામ જે અજ્ઞાનીઓ કરેછે, અને સમાધિ લગાવે છે, તેતો હઠ સમાધિ જાણવી. જીવાદિ નવતત્ત્વ તથા ષડ્ દ્રવ્ય, સાતનય, સપ્તભંગી, અને નિક્ષેપ, ઇત્યાદિ જીનમતનો જાણ પ્રાણાયામ વગેરે કર્યા વિના ધર્મ ધ્યાન વિગેરે ધ્યાવે છે તે સહજ સમાધિ જાણવી. અને તેથી મુક્તિ પ્રાપ્ત થાય છે; પણ જીનવચનને જાણ્યા વિના જે પુરૂષો હઠ સમાધિ કરે છે તેમની મુક્તિ શીરીતે થાય? લાખો સહજ સમાધિ વિના હઠ સમાધિ કરવાથી મુક્તિ પ્રાપ્તથઇ શકતી નથી. અપેક્ષાએ સહજ સમાધિ પૂર્વક હઠ સમાધિની સફળતા છે. જૈન પ્રક્રિયાના અનુસારે હઠ સમાધિ કરવી જોઇએ. હઠ સમાધિમાં કષ્ટનો પાર નથી હઠ સમાધિથી કેટલીક પૌદ્ગલિક ઋદ્ધિ સિદ્ધિ પ્રગટ થાય છે, પણ આત્મ ઋદ્ધિ પ્રાપ્ત થતી નથી. હવે ધ્યાનના ચાર પાયા બતાવવામાં આવે છે. શાશ્વત ધ્યાન વિના અનંત સુખમય દશા પામી શકાતી નથી.

ધ્યાની પુરૂષોએ જે ઠેકાણે રહેવાથી પોતાને ધ્યાનમાં લાભ થાય તે ઠેકાણે રહેવું. જેરાત્રી, દિવસ, પહોર, અનેઘડી, ધ્યાનમાંગઈ તે લેખે છે, તે વેળા ધન્ય કરી માનવી. વાચના, પૃચ્છના, પરા-વર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા લક્ષણ, રૂપ સ્વાધ્યાય ધ્યાનમાં આલં-બનભૂત છે, માટે તેની પણ આવશ્યક્તા છે. એમ અર્હંત ભગ-વાન્ કહે છે. આપંચમકાળમાં કોઇ વિશિષ્ટ જ્ઞાનવંત નથી, સંશય નાશ કરનારા જ્ઞાનીઓનો અભાવ થવાથી જીનેશ્વરે કથન કરેલા સૂક્ષ્મભેદની સમજણ મને યથાર્થ પડતી નથી, પરંતુ રાગ અને દ્વેષ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહિત વીતરાગ ભગવંતે કેવલજ્ઞાનવડે જે જે વસ્તુનું કથન કર્યું છે તે સત્ય છે, એકાંત હિતકારક છે, તે પ્રમાણે વર્તવાથી ભવનો નાશ થાય છે, એમ ચિંતવવું તે **આજ્ઞાવિચય** નામનો પહેલો પાયો જાણવો.

## હવે અપાયવિચય નામનો બીજો પાયો કહે છે,

મિથ્યાત્વ, અવિરતિ, ક્રોધ, માન, માયા, લોભ, અને મનવચન કાયાના યોગરૂપ આસ્રવ છે. તેનાથી આ લોકમાં અને પરલોકમાં ઘણાં દુઃખ ભોગવવાં પડે છે. તે મહા દુઃખના હેતુ છે, હે ચેતન! તું હવે જાણે છે કે એ આસ્રવ પુદ્ગલ છે. અનાદિ કાળથી આત્માની સાથે લાગેલું છે, તું એનાથી ન્યારો છે. એ પુદ્ગલનો સ્વભાવ જડ છે, તું તો ચેતન છે, તું અનંત જ્ઞાનમય છે, અનંતદર્શન, અને અનંત ચારિત્રમય છે, તું શુદ્ધ છે, બુદ્ધ છે, અવિનાશી છે અજ છે, અનાદિ, અનંત, અક્ષય, અક્ષર, અનક્ષર, અચલ, અકલ, અગમ્ય, અનામી, અકર્મી, અને અબંધક છે, અનુદય છે, અનુદરિક છે, અભોગી, અરોગી, અશોકી, અયોગી, અલેશી, અકષાયી, અવેદી, અછેદી, અભેદી, અનેઅખેદી છે, અશરીરી, અનાહારી છે, અવ્યાબાધ, અનવગાહીછે, અગુરૂ લઘુછે, અપરિણામી, અતીંદ્રિય, અપ્રાણી, અયોની, અસંસારી, અમોહી, અમલ, અચલ, અપરંપર છે, અનાસ્રવ છે, અલખ છે, અસંગી છે, અમૂર્ત છે, સ્વભાવ રમણીય છે, પરભાવ ત્યાગી છે, અનાકાર છે, લોકાલોક જ્ઞાયક છે, એવો શુદ્ધ ચિંદાનંદ મારો આત્મા છે. એવું જે એકાગ્રતારૂપ તન્મયપણે પરિણમન તેને અપાયવિચય નામનો બીજો ધર્મ ધ્યાનનો પાયો કહે છે.

## ૩ વિપાક વિચય.

ક્ષણે ક્ષણે કર્મ ફળનો ઉદય જે અનેક તરેહનો ઉત્પન્ન થાય છે તેનાથી સુખ દુઃખ ભોગવતાં હર્ષ શોક નહીં કરતાં વિચારવું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**જે પૂર્વકૃત, કર્મનો વિપાક છે, એવું જે ચિંતવન તેને વિપાકવિચય કહે છે.**

આ જીવ પર પુદ્દગલમાં રાચતો માચતો સમયે સમયે સાત વા આઠ કર્મને બાંધે છે, તે કર્મનો બંધ ચાર પ્રકારે છે. પ્રકૃતિબંધ, સ્થિતિ બંધ, રસ બંધ અને પ્રદેશ બંધ એમ ચાર પ્રકારે બંધ છે. તે ચાર પ્રકારે બાંધેલા વિપાકો તારે અવશ્ય ભોગવવા પડશે. હસતાં હસતાં જે કર્મ બંધાય છે, તે રોતાં પણ છુટતાં નથી. ખંધક કુમાર પરભવમાં છરી વતી કોઠીંબડાની ખાલ ઉતારીને રાચ્યા, કે અહો મે કેવી ચતુરાઇથી ખાલ ઉતારી, એમ રાચતાં બાંધેલાં કર્મ અવશ્ય તેમને ભોગવવાં પડયાં. મહાવીર સ્વામી જે ચરમ તીર્થંકર મહારાજા તેમણે પણ કાનમાં ગોવાળે ખીલા માર્યા તે કાઢતાં એવી રાડ પાડી કે જેથી ત્રણ ભુવન ગાજી ઉઠયાં, તેમને એવી એવી વેદનાઓ ભોગવવી પડી, મરીચીએ જાતિનો મદ કર્યો. જેથી મહાવીર સ્વામી નામના ચોવીશમા તીર્થંકર થયા, તોપણ બ્રાહ્મણના કુળમાં ઉપજવું પડયું; માટે હે ચેતન બંધ સમયે ચેત! વિપાકનો ઉદય આવે છે, ત્યારે કેમ હર્ષ શોક કરે છે, કર્મના ઉદયથી માતા સ્રી થાય છે, સ્રી માતા થાય છે, પિતા પુત્ર થાય છે અને પુત્ર શત્રુ થાય છે, કોઇ રાજા થઇને કર્મનો વિપાક ભોગવે છે, કોઇ ચક્રવર્તિ થઇને કર્મનો વિપાક ભોગવે છે. કોઇ ઇંદ્ર ચંદ્ર થઇને કર્મનો વિપાક ભોગવે છે, કોઈ ઢોર, જળચર, અનેખેચર થઇને કર્મનો વિપાક ભોગવે-છે, કોઇ ભોગી થઈને કર્મનો વિપાક ભોગવે છે, કોઇ રોગી થઇને કર્મનો વિપાક ભોગવે છે. શુભ કર્મ બાંધ્યું હોય તો શુભ વિપાક ભોગવે છે, તેથી કાંઇ શાતા જીવને થાય છે; અશુભ કર્મ બાંધ્યુ હોય તો અશુભ વિપાક દુઃખરૂપે જીવ ભોગવે છે. આ ચેતન કર્મને વશ પડયો થકો દુઃખી થાય છે.

આત્માનો જ્ઞાન ગુણ તે જ્ઞાનાવર્ણીય કર્મે દાબ્યો છે. આત્માનો સામાન્ય ઉપયોગ રૂપ અનંત દર્શન ગુણ તે દર્શનાવર્ણીય કર્મે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દાબ્યો છે. આત્માનો અવ્યાબાધ અનંત સુખમય ગુણ તે વેદનીય કર્મે દાબ્યો છે. આત્માનો ક્ષાયિક સમકિત ગુણ તે મોહનીય કર્મે દાબ્યો છે. આત્માનો અક્ષય સ્થિતિ રૂપ ગુણ તે આયુષ્ય કર્મે દાબ્યો છે. આત્માનો અરૂપી ગુણ તે નામ કર્મે દાબ્યો છે. આત્માનો અગુરૂ લઘુ ગુણ તે ગોત્ર કર્મે આવર્યો છે. આત્માનો અનંત વીર્ય ગુણ તે અંતરાય કર્મે રોકયો છે. એમ આત્માના આઠ ગુણ તે આઠ કર્મે રોકયા છે. તેથી હે ચેતન? અનંત શકિતનો ધણી છતાં રંક જેવો બની ગયો છે. એમ ચાર બંધના ભેદ વિચારતાં તથા ઉદય, ઉદીરણા અને સત્તા એ ચારનો વિચાર કરતાં વિપાક-વિચય ધર્મ ધ્યાન પ્રગટ થાય છે.

## ૪ સંસ્થાન વિચય.

આ લોક અનાદિ અંનત છે. ઉત્પાદ વ્યય અને ધ્રુવ યુકત સર્વ પદાર્થ છે. ધર્માસ્તિકાય દ્રવ્ય. અસંખ્યાત પ્રદેશી ચૌદ રાજ લોકમાં વ્યાપી રહ્યું છે. સ્થિતિ સહાય ગુણયુત અધર્માસ્તિકાય દ્રવ્ય અસંખ્યાત પ્રદેશી ચઉદરાજ લોક વ્યાપી છે. આકાશાસ્તિકાય દ્રવ્ય લોક અલોક વ્યાપી છે. કાલના પ્રદેશ નથી એ ઔપચારિક દ્રવ્ય છે. જીવના અસંખ્યાતા પ્રદેશ છે. અને ચૌદ રાજ લોક વ્યાપી છે. જીવ દ્રવ્ય અનંત છે. આંખની પાંપણોનો એક વાળ લઇને તેનો એવા સૂક્ષ્મ ખંડ કરીએ કે જેના એક ખંડના બે ખંડ ન થાય, એવા સૂક્ષ્મ વાળ ખંડ પ્રમાણે આકાશ ક્ષેત્ર લહીએ તેટલામાં આકાશ રૂપ ક્ષેત્રમાં અસંખ્યાતા પ્રદેશ રહ્યા છે, અને તેટલામાં ધર્માસ્તિ કાયના અસંખ્યાતા પ્રદેશ છે, તથા અધર્માસ્તિકાયના પણ અસં-ખ્યાતા પ્રદેશ રહ્યા છે, અને તેટલામાં નિગોદીઆ ગોલા પણ અસં-ખ્યાતા રહ્યા છે. તે સર્વ પડયા મૂકીને તેમાંહેથી એક ગોળો લઇએ, તે એક ગોળામાં પણ અસંખ્યાત નિગોદ રહી છે, તે અસંખ્યાત



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિગોદ પડતી મૂકીને તેમાંહેથી એક નિગોદ લઇએ તે એક નિગોદને વિષે પણ અનંતા જીવ રહ્યા છે. અતીત કાળ તથા અનાગત કાળ તથા વર્તમાન કાળનો એક સમય એ ત્રણે કાળના જેટલા સમય થાય તે સર્વેને અનંત ગુણા કરીએ તેટલા જીવ એક નિગોદમાં રહ્યા છે. તે સર્વ જીવ પડયા મૂકીને તેમાંહેથી એક જીવ લઇ તે જીવના અસંખ્યાતા પ્રદેશ છે, એકેકા પ્રદેશે અનંતી કર્મની વર્ગણા લાગી રહી છે. તે સર્વ કર્મની વર્ગણાઓ રહેવા દઇને તેમાંહેથી એક વર્ગણા લઇએ, તે એક વર્ગણામાં અનંતા પુદ્‌ગલ પરમાણુઓ રહ્યા છે. બે પરમાણુ ભેળા થાય તે વારે દ્વયણુક ખંધ કહેવાય છે, ત્રણ પરમાણુઓ ભેળા થાય તે વારે ત્ર્યણુક ખંધ કહેવાયછે, એમ સંખ્યાતા પરમાણુ ભેળા થાય તેવારે સંખ્યાતાણુક ખંધ કહેવાય છે. અને અનન્તા પરમાણુ ભેળા થાય તે વારે અનંતાણુક ખંધ કહેવાય છે, એટલા પરમાણુઓનો ખંધ થાય તે સર્વ ખંધ જીવને ગ્રહણ કરવા યોગ્ય નથી.

પરંતુ અભવ્ય રાશિના જીવ ચમ્મોતેરમે બોલેછે, તે થકી અનંત ગુણાધિક પરમાણું જે વારે ભેળા થાય તે વારે એક ઐાદારિક શરીરને લેવા યોગ્ય વર્ગણા થાય છે અને તે ઐાદારિકની વર્ગણાથી પણ જે વારે અનંત ગુણાધિકમય દળીયાં ભેગાં થાય તે વારે એક વૈક્રિય શરીરને લેવા યોગ્ય વર્ગણા થાય છે. અને વળી વૈક્રિય વર્ગણાથી પણ અનંત ગુણાધિકમય દળીયાં જે વારે ભેળાં થાય તે વારે તૈજસ શરીરને લેવા યોગ્ય વર્ગણા થાયછે અને તૈજસની વર્ગણાથી પણ જે વારે અનંત ગુણાધિકમય દળીયાં ભેગાં થાયછે. ત્યારે એક ભાષાને લેવા યોગ્ય વર્ગણા થાય છે. તથા ભાષાની વર્ગણાથી પણ અનંત ગુણાધિકમય દળીયાં જે વારે થાયછે તે વારે એક શ્વાસોશ્વાસને લેવા યોગ્ય વર્ગણા થાયછે, શ્વાસોશ્વાસની વર્ગણાથી પણ અનંત ગુણાધિકમય જે વારે દળીયાં ભેગાં થાય તે વારે એક મનને લેવા યોગ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર્ગણા થાયછે. મનની વર્ગણાથી પણ આઠમી કર્મ વર્ગણા અનંત ગુણાધિક પરમાણુસ્કંધવાળી જાણવી. એ રીતે જીવને અકેકે પ્રદેશે રાગ દ્વેષની ચિકાશે કરી કર્મની અનંતિ વર્ગણાઓ લાગી રહી છે. આઠ વર્ગણાઓ જીવને અનાદિ કાળથી લાગી રહી છે.

ઔદારિક, વૈક્રિય, આહારક, અને તૈજસ એ ચાર વર્ગણા બાદરછે. તેમાં પંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને આઠ સ્પર્શ એ વીશ ગુણ જાણવા, અને બાકીની ચાર વર્ગણા સૂક્ષ્મ છે, તેમાં પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને ચાર સ્પર્શ મળી સોળ ગુણ છે.

એક પરમાણુમાં એક વર્ણ, એક ગંધ, એક રસ અને બે સ્પર્શ મળી પાંચ ગુણ છે, તે પરમાણુઓ સદા શાશ્વતા છે, બાળ્યા બળે નહી, છેદ્યા છેદાય નહી. જેટલાછે તેટલાને તેટલાછે, ચૌદ રાજ લોક વ્યાપી છે. અકેક પરમાણુ એકેક વસ્તુમાં અનંતિ અનંતિવાર પરિણમી ચુકયો ત્યાં જે વસ્તુને પરિણમીને તે વસ્તુથી છુટયો તે વખતે તે વસ્તુના પર્યાયનો વ્યય થયો અને બીજી વસ્તુમાં જઇ પરિણમ્યો, તેથી તે વસ્તુના પર્યાયનો ઉત્પાદ થયો એમ અકેક પરમાણુ ઉત્પાદ અને વ્યયરૂપ પર્યાયપણે પલટાયો તેમાં અનંતો કાલ ગયો ને હજી અનંતો કાળ જશે; પણ પરમાણુ-તેનો તેજ છે. ધ્રુવપણે છે, એમ બાકીના પાંચે દ્રવ્યમાં ઉત્પાદ વ્યય થઇ રહ્યો છે, તે દ્રવ્યપણે ધ્રુવછે, ચૌદ રાજ લોકના આકાશના સર્વ પ્રદેશે આ જીવે અનંતવાર જન્મ મરણ કર્યાં, ચૌદ રાજ લોક પણ તેના તેજ છે, અને જીવો પણ તેના તેજ છે.

ઉર્ધ્વ લોક, અધોલોક અને તીર્છા લોકમાં જીવ અનંતવાર જઇ, આગ્યો પણ જ્યાં સુધી કર્મ છે, ત્યાં સુધી ભમવાનું છે. જ્યારે કર્મનો નાશ થશે, ત્યારે સિદ્ધશિલા ઉપર જે સિદ્ધ ક્ષેત્ર છે, ત્યાં જીવને રહેવાનું થશે, એ ચોથો સંસ્થાન વિચયનામનો પાયો જાણવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે સંક્ષેપથકી ધર્મ ધ્યાનનું લક્ષણ કહે છે, કર્મરૂપી સમુદ્ર જે જન્મ જરા મરણરૂપી જલે કરી ભરેલો છે, તેમાં મોહ રૂપી મોટા ભમરા પડી રહ્યા છે. અને કામરૂપી વડવાનલ અગ્નિ સળગી રહ્યો છે. અને તે કર્મ રૂપી સમુદ્રમાં કષાયરૂપી ચાર પાતાળ કળશા છે. આશા રૂપી મોટા વાયુ વાઈ રહ્યા છે, માઠા વિકલ્પ સંકલ્પ રૂપી કલ્લોલ ઉછળી રહ્યા છે, કપટરૂપી મોટા મગરમચ્છ જ્યાં દોડી રહ્યા છે, મિથ્યાત્વ અવિરતિરૂપ જ્યાં મોટા ખડક લાગી રહ્યા છે, તૃષ્ણારૂપી ભરતી ઓટ જ્યાં થયા કરે છે, ભય અને શોક રૂપી પાણીની છોળો પર્વતોને ભેદી નાંખે છે, ઉપર્યુક્ત કર્મ રૂપી આ સંસાર સમુદ્ર છે. યાચના રૂપ સેવાલનો સમુહ જ્યાં ઘણો છે, દુઃખે કરીને પૂર્ણ થાય, એવું જે વિષય સુખ તે સમુદ્રનો મધ્ય ભાગ છે. અજ્ઞાન રૂપી વાદળનો અંધકાર ઘણો વ્યાપી રહ્યો છે, આપદા રૂપી વીજળી પડવાનો જ્યા ઘણો ભય રહ્યો છે, એવો જે સંસાર સમુદ્ર તેને તરવાનો ઉપાય કહે છે.

સમકિત રૂપ દૃઢ બંધને બાંધેલું અને અઢાર હજાર શિલાંગ રથ તે રૂપી પાટીયાં જ્યાં જડેલાં છે એવું ચારિત્ર રૂપ જે ઝહાજ છે ત્યાં જ્ઞાન રૂપ નિર્યામક એ ઝહાજ ચલાવનાર છે. સંવર રૂપી કીચે કરી પાટીયાના આશ્રવ રૂપ છિદ્રને પુર્યા છે, જ્યાં મનો ગુપ્તિ રૂપ સુકાનછે, તે આચાર રૂપ મંડપે કરીને દીપતુંછે, અને સાત નય રૂપ સાત માળે કરી શોભતું એવું વહાણ છે, અને ઉત્સર્ગ અને અપવાદ રૂપ જેને બે માર્ગ છે, એવા વહાણમાં શુદ્ધ અધ્યવસાય રૂપ ઘણા બળવંત યોદ્ધાઓ ચઢયા છે, વળી જ્યાં યોગ રૂપ સ્તંભછે; તે સ્તંભ ઉપર અધ્યાત્મ રૂપ શઢ જ્યાં ચઢાવેલો છે, હવે એ શઢ રૂપી અધ્યાત્મ જ્ઞાનથકી પ્રગટ થયો જે તપ રૂપ પવન અનુકુળ વાતો થકો સંવેગ રૂપ વેગે કરીને ચાલ્યું જાય છે, તેમાં મહા મુનિરાજ બેઠા છે, તે મુનિરાજ મહાઋદ્ધિના ધણી છે, બાર ભાવના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રૂપી પેટીઓમાં જ્ઞાન દર્શન અને ચારિત્રરૂપ રત્ન ભરેલાં છે; એવા મુનીશ્વર કર્મ રૂપ સંસાર સમુદ્રમાં વહાણમાં બેઠા થકા ચાલ્યા જાય-છે; હવે મોક્ષ રૂપી નગરે મુનીશ્વર રૂપ સાર્થવાહને જતા દેખીને સંસારમાં રહેલો મોહરૂપપલ્લિપતિએ મુનિરૂપ સાર્થવાહને લુંટવાનો વિચાર કર્યો. તે મોહ રૂપ પલ્લિપતિ મહા બળવાન્ છે. ક્રોધાદિક ભિલ્લનો રાજા છે. ઇંદ્ર, ચંદ્ર, અને નાગેંદ્ર સરખાપણ તેને જીતવા સમર્થ નથી, એવો બળવાન્ છે, તે મનમાં ઉદાસ થયો, અને વિચાર કરવા લાગ્યો કે, આપણા સંસાર રૂપ નાટકનો ઉચ્છેદ થાય છે, અને આપણી ઋદ્ધિનો નાશ થાય છે. એમ ઘણો શોકાતુર થઇને બેઠો. તેના મનમાં એવો વિચાર થયો કે બેશી રહેતાં કંઇ થવાનું નથી ઉદ્યમ કરૂં, અને એ સર્વ ઋદ્ધિ લુંટી લઇ આવું. એમ વિચારી પોતાનો દુર્ધ્યાન નામનો જે ખલાસી તેને તેડાવી કહ્યું કે- આપણું દુર્બુદ્ધિનામે વહાણુ તૈયાર કરો, અને દુષ્ટાચાર પ્રમુખ ઝહાજ છે તે સર્વ તૈયાર કરો પશ્ચાત્ રાગ અને દ્વેષ યોદ્ધાઓને કહ્યું કે આપ આપણી સેના લઇને તૈયાર થાઓ; સર્વ સુભટોને સજ્જ કરી તે યોદ્ધાઓ વહાણમાં બેઠા. ઝપાટા બંધ ભવ સમુદ્રમાં તે વહાણુ ચાલવા લાગ્યું, ચાલતાં ચાલતાં લડાઇની જગ્યા ઉપર આવ્યું, તે વારે ધર્મરાજાના સુભટો જે ચારિત્ર રૂપ વહાણુને વિષે સ્થિરતા રૂપ મંડળમાં બેઠા હતા, તેમણે મોહ રાજાનું સૈન્ય દીઠું, દેખીને તુરત ઉઠી સજ્જ થઇને રણમંડપ ભૂમિપર આવ્યા.

**તત્ત્વ ચિંતા**-ઉપયોગ રૂપ જે વહાણુ તે લઇને સજ્જ થયા પછી મોહ રાજા સાથે માંહોમાંહે યુદ્ધ કરવા લાગ્યા, સમ્યક્ દર્શન પ્રધાને મિથ્યાત્વ પ્રધાનને અંત દશાએ પહોંચાડયો. ઉપશમ નામના સુભટે કષાયાદિ ચોરટાઓને હરાવી નસાડી મૂકયા. શીયલ સુભટે કંદર્પ ચોરને જીત્યો. વૈરાગ્ય સુભટે હાસ્યાદિ ષડ્રિપુને જીત્યા. શ્રુત જ્ઞાન તથા યોગાદિ સુભટે નિદ્રાવિકથાદિ સુભટોની ખાખાવીખી કરી નાંખી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇંદ્રિયનિગ્રહ સુભટે અસંયમ ચોરને હણ્યો. ધર્મ ધ્યાનને શુકલ ધ્યાન એબે સુભટોએ આર્તધ્યાન અને રૌદ્રધ્યાન એબે સુભટોને હણ્યા. ક્ષયોપશમ યોદ્ધે દર્શનાવરણી શત્રુને હણ્યો. વળી અશાતા રૂપ મોહરાજાનું સૈન્ય તે પુણ્ય ઉદય યોદ્ધાના બળથી નાઠું. હવે આવી દશા દેખીને દ્રવ્ય સ્વરૂપ હાથી ઉપર બેસી, રાગરૂપ પુત્રે કરી સહિત મોહરાજા લડાઈ કરવા પોતે આવ્યો, ત્યારે ધર્મરાજા શ્રદ્ધારૂપ અષ્ટાપદ વાહન ઉપર બેસીને જ્ઞાનરૂપપુત્ર સહિત ચઢયો, અને મોહરાજાને સહેજમાં હણ્યો, સર્વ મોહરાજાના સૈન્યનું નિકંદન કર્યું. તે વારે મુનિ મહારાજે મહા આનંદને પ્રાપ્ત કર્યો. ધર્મરાજાના પસાયથી પોતાનું ઇષ્ટ કાર્ય સર્યું. તે વારે તે મુનિશ્વર મહા વ્યવહારી થયા. કોઈ રીતનો ભય રહ્યો નહીં, અને ચારે દિશાએ વેપાર કરવા લાગ્યા.

એવી રીતે પોતાના મનની અંદર બન્ને સૈન્યનું સ્વરૂપ વિચારવું. અત્ર બહારનો કોઇ ચોર નથી, તેમ રાજા પણ કોઈ નથી. સ્વસ્વરૂપાનુયાયીપણે પ્રવર્તે તો ધર્મરાજાના પક્ષની જીત સમજવી, અને પરાનુયાયીપણે પ્રવર્તે તો મોહરાજાના પક્ષની જીત સમજવી: એમ પોતાના અંતરમાં બન્ને સ્વરૂપ વિચારવાનાં છે. એ ધર્મ ધ્યાન ચોથા ગુણ ઠાણુથી તે સાતમા ગુણઠાણુ સુધી હોયછે. જો ચોથે ગુણઠાણે ધર્મ ધ્યાન ન હોય તો સમકિત રહે નહીં. આઠમા ગુણઠાણાથી શુકલ ધ્યાનનો પ્રારંભ થાય છે.

એ ધર્મ ધ્યાનની ભાવનાઓ ચાર છે. ૧ મૈત્રી ભાવના ૨ પ્રમોદ ભાવના, ૩ કારૂણ્ય ભાવના, ૪ અને માધ્યસ્થ્ય ભાવના એ ચાર ભાવના છે.

**મૈત્રી ભાવના**–એટલે સર્વ જીવ સાથે મિત્રતા ચિંતવવી તેને મૈત્રી ભાવના કહે છે. પોતાના મિત્રનું જેમ ભલું કરવા ચાહે છે તેમ તેમ સર્વ જીવનું ભલું ચિંતતવું. સત્તાએ સર્વ જીવ સરખા છે, વજાતીય છે, કોઈ આપણો શત્રુ નથી, અને કોઇ મિત્ર નથી કર્મ એજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શત્રુ છે. પણ પ્રતિ શરીર ભિન્ન જીવો શત્રુ નથી. એ બીચારા કર્મના વશ પડયાછે તેથી બીજાનું ભૂંડું કરવા ચાહે છે, પણ કર્મ રહિત નિર્મળ હોત તો કદી ભૂંડું કરવા ઇચ્છા કરત નહીં. જેમ સિદ્ધના જીવો કર્મ રહિત છે, તેથી કોઇનું ભૂડું કરવા તે સમર્થ નથી, તેમ સર્વ જીવો કોઇનું ભૂંડું કરવા સમર્થ નથી. સુખ દુઃખ કરનાર કર્મ છે, કર્મ એ મહા વૈરી છે. સર્વ જીવો જ્ઞાન દર્શન અને ચારિત્રે કરી એક સરખા છે, માટે સર્વ જીવનું હિત થાય તેમ ચિંતવવું. સર્વ જીવ ધર્મ પામે તો સારૂં એવી જે ચિંતવના તે મૈત્રી ભાવના જાણવી.

૨ **પ્રમોદ ભાવના**-કહેતાં મહા હર્ષનું થવું, ગુણવંત ને દેખીને ગુણદૃષ્ટિધારકવિચારે કે તે મહા જ્ઞાનીછે,જેજે ધર્મી જીવો હોય તેને દેખી આનંદાશ્રુ આવે, વળી મહા મુનિના મેળાપથી હર્ષ પામે અને મનમાં પ્રગટે કે, અહો મારા ધન્ય ભાગ્ય કે કૃપા સમુદ્ર, ક્ષમા ભંડાર, મહા મુનીશ્વરનાં દર્શન થયાં. અહો ! હું તેમની સેવા કરીશ, મારા સર્વ પાપ જશે, વળી તે ગુરૂ અનંત ગુણના ધણી છે, મોક્ષ સુખના દાતાર છે, મોક્ષ માર્ગના સાર્થવાહ છે. તત્ત્વ ભોગી છે, પરભાવ ત્યાગી છે, સ્વભાવ રમણી છે. અજ્ઞાની જીવોને જ્ઞાનરૂપ ચક્ષુના દેનાર, દુર્ગતિ પડતા પ્રાણીને વારનાર, સુગતિ પહોચાડનાર, જ્ઞાની, ધ્યાની, મૌની, વૈરાગી, અને ત્યાગી એવા મુનીશ્વર મહારાજાના દર્શન થયાં તે મારૂં મોટું ભાગ્ય જાણવું. વળી ગુરૂ મહારાજના ઉપકારનું ઓશીંગણ કોઇ પણ રીતે થઈ શકાય નહીં, તેવા ગુરૂ છે. અહો ! ધન્ય ઘડી આજ, ધન્ય દિવસ આજનો આજ હું કૃતાર્થ થયો, આજ મને સ્યાદ્વાદ ધર્મ સાંભળવાનો યોગ મળ્યો, એમ ચિંતવે. જ્યાં આત્મ સ્વરૂપની વાતો થઇ રહી છે, ત્યાં પણ ઘણો આનંદ માને, વળી ગુરૂ આદિકના મળવા થકી વિચારે જે આજ મને ચિંતામણિ રત્ન કોટા કોટી મળ્યાં. સાધર્મી ભાઇને પણ દેખી રોમરાજી ખડી થાય. એ રીતે બીજી પ્રમોદ ભાવના કહી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## હવે ત્રીજી કારૂણ્ય ભાવના કહે છે.

સર્વ જીવ ઉપર દયા રાખવી. અહો ! આ જીવ ક્યારે ધર્મ પામશે. દયા બે પ્રકારની છે, દ્રવ્ય દયા અને બીજી ભાવ દયા. તેમાં જીવના દશ પ્રાણનું રક્ષણ કરવું તે, દ્રવ્ય દયાછે અને તે જીવને વીતરાગ ધર્મની પ્રાપ્તિ કરાવવી, ધર્મની ઓળખાણ કરાવવી તે ભાવ દયાછે. વીતરાગ ભગવંતે આઠ પ્રકારની જીવ ઉપર દયા ચિંતવવાની કહી છે, પણ આ ઠેકાણે ગ્રંથ ગૌરવ થાય માટે લખી નથી.

## હવે ચોથી મધ્યસ્થ્ય ભાવના કહે છે.

ધર્મી વા અધર્મી માણસ ઉપર સમભાવ તેને મધ્યસ્થ્ય ભાવના કહેછે. મિથ્યાત્વી, અને જીવઘાતી પ્રાણીઓને દેખી તેમના ઉપર ક્રોધ કરવો નહિ, મનમાં ચિંતવવું કે, એ બીચારા જીવ કર્મના યોગે એવા થયા છે, પણ કર્મનો નાશ થયે છતે એ જીવ શુદ્ધ સ્વરૂપ રમણી થશે. કોના ઉપર દ્વેષ કરવો અને કોના ઉપર રાગ કરવો ઈત્યાદિ ચિંતવવું, તેને મધ્યસ્થ્ય ભાવના કહે છે.

માધ્યસ્થ્ય ભાવથી રાગ દ્વેષની પરિણતિ મન્દ પડેછે, અને સર્વત્ર ન્યાય દૃષ્ટિથી સત્ય દેખી શકાય છે.

## હવે શુક્લ ધ્યાનનું સ્વરૂપ કહે છે.

શુક્લ ધ્યાનના ચાર પાયા છે, ૧ પૃથકત્વ વિતર્ક સપ્રવિચાર, ૨ એકત્વ વિતર્ક અપ્રવિચાર, ૩ સૂક્ષ્મ ક્રિયા અપ્રતિપાતિ ૪ ઉચ્છિન્ન ક્રિયા અનિવૃત્તિ. ચાચાર પાયાનું તત્વાર્થ સૂત્ર, સમ્મતિતર્ક અને યોગ શાસ્ત્ર વગેરેમાં વિશેષતઃ સ્વરૂપ પ્રતિપાદન કર્યું છે.

૧ પ્રથમ પાયામાં પૃથક્પણે દ્રવ્ય ગુણ અને પર્યાયનું શ્રુત જ્ઞાનના આલંબન વડે એક ચિંતવ્યા પછી અન્ય એમ વિકલ્પ સહિત ધ્યાન કરવામાં આવે છે.

૨ બીજા પાયામાં દ્રવ્ય ગુણ પર્યાયની એકતા કરી શ્રુત જ્ઞાનના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આલંબન વડે વિકલ્પ રહિત વીર્ય ઉપયોગની એકાગ્રતાએ ધ્યાન કરાય છે.

એ બે પાયામાં શ્રુત જ્ઞાનાલંબીપણું છે, અવધિજ્ઞાન અને મનઃ પર્યવ જ્ઞાનના ઉપયોગમાં વર્તતો કોઇ જીવ ધ્યાન કરી શકે નહીં. બીજા પાયાના ધ્યાનથી આત્મા, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અન્તરાય, એ ચાર ઘાતી કર્મનો ક્ષય કરી કેવલ જ્ઞાનની પ્રાપ્તિ કરે છે.

૩ ત્રીજા સૂક્ષ્મ અપ્રતિપાતિ નામના ધ્યાનમાં કેવલજ્ઞાની સૂક્ષ્મ મન વચન અને કાયાના યોગને રૂંધે છે, શૈલેશી કરણ કરેછે અને અપ્રતિપાતિ નિર્મળ અચલતા રૂપ પરિણામને પામે છે.

૪ ચોથા ઉચ્છિન્ન ક્રિયાનુવૃત્તિ નામના ચોથા પાયામાં યોગ નિરોધ કર્યાપછી બાકી રહેલી તેર પ્રકૃતિ ખપાવેછે, અકર્મા થાયછે સર્વ પૌદ્ગલિક ક્રિયાથી રહિત થાય છે, સર્વ ક્રિયાનો ઉચ્છેદ કરી, અક્રિય બનેછે અને એક સમયમાં સિદ્ધસ્થાનમાં જઈ સાદિઅનંતમા ભાંગે રહેછે ત્યાંથી કદી સંસારમાં પાછો આવતો નથી.

પદસ્થ, પિંડસ્થ, રૂપસ્થ અને રૂપાતીત એ ચાર પ્રકારનું ધ્યાન કરવાથી આત્મા પોતાના અનન્ત સદ્ગુણોને પ્રગટ કરી પરમાત્મપદ પામેછે. અરિહંતાદિપદ દ્વારા ધ્યાન ધરવું, શરીર રૂપ પિંડમાં રહેલા આત્માનું ધ્યાન ધરવું, કર્મ રૂપી છે, તેની સાથે રહેલા આત્માના સ્વરૂપનો વિચાર કરવો, કર્મ રૂપી છે તેનાથી ભિન્ન આત્મા અરૂપી છે. તે અરૂપી આત્માનું ધ્યાન ધરવું, ઇત્યાદિ અનેક પ્રકારના ધ્યાન વડે આત્મા, સકલ કર્મનો ક્ષય કરીને અનંત શકિતયો મેળવી સિદ્ધ પરમાત્મા બને છે. ભૂતકાળમાં અનંત જીવો ધ્યાનના પ્રતાપે મુક્તિ પામ્યા, અને ભવિષ્યમાં પામશે- ઇત્યાદિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# अन्त्यमङ्गलम्.

धर्म ध्यान प्रभावथी, कर्मकलङ्क विनाश;
शुक्ल ध्यान प्रभावथी, मुक्तिपुरीमां वास. १
सप्तभंगीने सातनय, चार निक्षेपा सार;
गुरुगमथी मन धारतां, पामे भवजलपार. २
द्रव्य गुण पर्यायने, सम्यग् ध्यावे जीव;
निश्चयने व्यवहारथी, करतां पामे शिव. ३
ओगाणिश अठावननो, चैत्र शुक्ल सुखकार;
प्रतिपदा दिन पूर्ण ग्रन्थ, करतां हर्ष अपार. ४
नगर पादरा शोभतुं, शान्तिनाथ सुखकार;
वकील मोहनलाल भाइ, विज्ञप्ति करनार. ५
विज्ञप्तिथी ए रच्यो, नरनारी सुखकार;
योग्य जीवने समजे, ध्यान सदा हितकार. ६
आगम समुद्र अपार छे, कोइक पामे पार;
श्रुतबिन्दु अमृत तणो, सर्व रोग हरनार. ७
गुरु सुखसागर प्रेमथी, नाठा सघळा क्लेश;
बुद्धिसागर प्रेमथी, रचतां शांति हमेश. ८

क्रियोद्धारक श्रीनेमसागरजी तच्छिष्य चारित्र चूडामणि श्रीरविसागरजी तच्छिष्य शान्तमूर्ति श्रीसुखसागरजी तच्छिष्य श्रीबुद्धिसागर रचित ध्यानविचारग्रन्थ समाप्त. ॐ शांतिः ३

સંવત ૧૯૫૮
ચૈત્ર સુદી ૧
મુ. પાદરા

લેખક મુનિ બુદ્ધિસાગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only